**કામધેનુ યુનિવર્સિટીના સને ૨૦૧૬-૧૭ ના વર્ષનો ઓડિટ અહેવાલ વિધાનસભા મેજ ઉપર રજૂ કરવામાં થયેલ વિલંબ**

**અંગેના કારણો દર્શાવતું પત્રક તાઃ ૦૧/૦૪/૨૦૧૭ થી ૧૪/૦૩/૨૦૨૪**

| અનુ. નં. | વિલંબના કારણોની વિગત | સમયગાળો | વિલંબનો સમય | | |
|---|---|---|---|---|---|
| | | | વર્ષ | માસ | દિવસ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરએ વાર્ષિક હિસાબ તૈયાર કરવામાં તથા ત્રીજી નાણા સમિતિની બેઠક તાઃ૦૫/૦૮/૨૦૧૭ ના રોજ મંજુરી મેળવવામાં લાગેલ સમય. | ૦૧/૦૪/૨૦૧૭ થી ૦૫/૦૮/૨૦૧૭ | ૦૦ | ૦૪ | ૦૪ |
| ૨ | કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરએ નાણા સમિતિની મંજુરી મેળવ્યા બાદ વાર્ષિક હિસાબ નિયામક મંડળની તાઃ૧૪/૦૨/૨૦૧૮ ના રોજ યોજાયેલ ૧૦મી બેઠકના મુદ્દા નં. ૧૦.૧૮ થી મંજુર કરાવી ત્યારબાદ નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબને રજૂ કર્યા તાઃ ૨૪/૦૭/૨૦૧૮ | ૦૬/૦૮/૨૦૧૭ થી ૨૪/૦૭/૨૦૧૮ | ૦૦ | ૧૧ | ૧૮ |
| ૩ | સને ૨૦૧૬-૧૭ ના વર્ષનું ઓડિટ લોકલ ફંડ, ગાંધીનગરની કચેરી દ્વારા તાઃ ૦૬/૦૮/૨૦૧૯ ના રોજ શરૂ કરી તાઃ ૧૨/૦૯/૨૦૧૯ ના રોજ પૂર્ણ કરી, તેનો ઓડિટ અહેવાલ કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરને તાઃ ૧૯/૧૨/૨૦૨૨ ના રોજ મળેલ છે. | ૨૫/૦૭/૨૦૧૮ થી ૧૯/૧૨/૨૦૨૨ | ૦૪ | ૦૪ | ૨૪ |
| ૪ | યુનિવર્સિટીના તમામ કચેરીઓ/પેટા કેન્દ્રોને ઓડિટ ફકરા રવાના કરવામાં લાગેલ સમય | ૨૦/૧૨/૨૦૨૨ થી ૦૩/૦૧/૨૦૨૩ | ૦૦ | ૦૦ | ૧૪ |
| ૫ | યુનિવર્સિટીની તમામ કચેરીઓ/પેટા કેન્દ્રો પાસેથી નિયંત્રણ અધિકારી મારફત ચકાસણી કરાવી ભલામણ સહ સમાધાનકારક જવાબો તૈયાર કરી સ્થાનિક ભંડોળની કચેરીને રજૂ કરવામાં લાગેલ સમય | ૦૪/૦૧/૨૦૨૩ થી ૧૮/૦૪/૨૦૨૩ | ૦૦ | ૦૩ | ૧૪ |
| ૬ | સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી દ્વારા ઓડિટ ફકરાના જવાબોની ચકાસણી કરી યોગ્ય જણાતા ફકરા માંડવાળ કરી અત્રેની કચેરીને જાણ કરવામાં લાગેલ સમય | ૧૯/૦૪/૨૦૨૩ થી ૦૯/૧૨/૨૦૨૩ | ૦૦ | ૦૭ | ૨૦ |



Scanned with OKEN Scanner

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭ | નાણા સમિતિ તાઃ ૨૩/૦૨/૨૦૨૪ ની બેઠક મુદ્દા નં. ૮.૫ થી ભલામણ મેળવી ત્યારબાદ નિયામક મંડળની તાઃ ૨૮/૦૨/૨૦૨૪ ની બેઠક મુદ્દા નં. ૨૫.૨૪ થી મંજુરી મેળવી જાહેરનામું બહાર પાડ્યા તાઃ ૦૭/૦૩/૨૦૨૪ | ૧૦/૧૨/૨૦૨૩ થી ૦૭/૦૩/૨૦૨૪ | ૦૦ | ૦૨ | ૨૬ |
| ૮ | મેળવેલ જવાબો બુકના રૂપમાં તૈયાર કરી વિધાનસભામાં રજૂ કરવા માટે સરકારશ્રીમાં પત્ર લખ્યા તારીખ | ૦૮/૦૩/૨૦૨૪ થી ૧૪/૦૩/૨૦૨૪ | ૦૦ | ૦૦ | ૦૬ |
| કુલ સરવાળો | | | ૦૬ | ૧૧ | ૦૬ |
| I.e. | | | ૦૦ | ૦૦ | ૦૦ |

| | | | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|---|---|
| ૧ | ઓડિટ તરફથી થયેલ વિલંબ | | ૦૫ | ૦૦ | ૧૪ |
| ૨ | યુનિવર્સિટી તરફથી થયેલ વિલંબ | | ૦૧ | ૧૦ | ૨૨ |
| 3 | વિભાગ તરફથી થયેલ વિલંબ | | ૦૦ | ૦૦ | ૦૦ |
| કુલ સરવાળો | | | ૦૬ | ૧૧ | ૦૬ |

Kamt

**નાયબ સચિવ**
**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,**
**સચિવાલય, ગાંધીનગર**



Scanned with OKEN Scanner

विकसित भारत अभियान 1947 TO 2047

KAMDHENU UNIVERSITY सर्वभूतहिते रता:

વિકસિત ભારત વિકસિત ગુજરાત

# કામધેનુ યુનિવર્સિટી

અમારૂ ધ્યેય સર્વે જીવોનું કલ્યાણ

# પાંચમો ઓડિટ અહેવાલ

## વર્ષ : ૨૦૧૬-૧૭

(ગુજરાત સરકાર દ્વારા
સને ૨૦૦૯ના
ગુજરાત અધિનિયમ ૯ હેઠળ
પ્રસ્થાપિત)

**કામધેનુ યુનિવર્સિટી**

બ્લોક નં. ૧, બીજી વિંગ, ચોથો માળ, કર્મયોગી ભવન,
સેક્ટર-૧૦એ, ગાંધીનગર-૩૮૨૦૧૦.
www.kamdhenuuni.edu.in

# કામધેનુ યુનિવર્સિટી

અમારૂ ધ્યેય સર્વ જીવોનુ કલ્યાણ

(ગુજરાત સરકાર દ્વારા સને ૨૦૦૯ ના ગુજરાત અધિનિયમ ૯ હેઠળ પ્રસ્થાપિત)

ડૉ આર.જે.મોદી
ઈ/ચા.હિસાબ નિયામક

Ph.No.079 232 20716
comptroller@kamdhenuuni.edu.in


**વંચાણે લીધા:**

**૧.** માન.કુલપતિશ્રીની કચેરી, રૂમનં.૪૧૪, કર્મયોગી ભવન, બ્લોક બી-૧,ચોથો માળ, ગાંધીનગર ખાતે તા:૨૮/૦૨/૨૦૨૪ ના રોજ મળેલ નિયામક મંડળની ૨૫-મી બેઠકના કાર્યનોંધના **મુદ્દા નં ૨૫.૨૪**

**૨.** કુલસચિવશ્રી, કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરના પત્ર ક્રમાંક કાયુ / રજી / એકેડ /૨૫-નિ.મં/૧૨૫૬/૨૦૨૪ તા:૦૪/૦૩/૨૦૨૪

## :: જાહેરનામુ::

આથી સબંધકર્તા સર્વેને જણાવવામાં આવે છે કે, માન.કુલપતિશ્રીની કચેરી, રૂમનં.૪૧૪, કર્મયોગી ભવન, બ્લોક બી-૧,ચોથો માળ, ગાંધીનગર ખાતે તા:૨૮/૦૨/૨૦૨૪ ના રોજ મળેલ નિયામક મંડળની ૨૫-મી બેઠકના કાર્યનોંધના **મુદ્દા નં ૨૫.૨૪** ને નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

## : ઠરાવ:

આથી ઠરાવવામાં આવે છે કે, કામધેનુ યુનિવર્સિટી અધિનિયમ-૨૦૦૯ ની કલમ નં ૪૪(૫) અનુસાર કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતેના નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ ના (પાંચમો ઓડિટ અહેવાલ) ને નિયામક મંડળ દ્વારા મંજુર કરેલ છે તેમજ વિધાનસભાના મેજ ઉપર મૂકવા અર્થે મંજૂરી આપવામાં આવે છે.

**ઈ.ચા. હિસાબ નિયામક**

જા.નં કાયુ/હિનિ/૨૫-નિ.મં/સી-૧૮(૩)/ **૫૮૯** /૨૦૨૪ તા: ૦૭/૦૩/૨૦૨૪

**નકલ સવિનય રવાના**

- નિયામક મંડળના તમામ સભ્યશ્રીઓ, મારફત કુલસચિવશ્રીની કચેરી કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર તરફ
- માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર.
- કુલસચિવશ્રી, કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર
- યુનિવર્સિટી ખાતેના તમામ અધિકારીશ્રીઓ.
- સિલેક્ટ ફાઇલ

# : ચર્ચાપત્ર :

કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરના સને ૨૦૧૬-૧૭નું ઓડિટ તારીખ: ૦૬/૦૮/૨૦૧૯ થી ૧૨/૦૯/૨૦૧૯ દરમ્યાન હાથ ધરવામાં આવેલ હતું. સને ૨૦૧૬-૧૭ના ઓડિટ અહેવાલમાં લેવાયેલ ફકરાઓ પૈકી પસંદગીના ફકરાઓની આજ રોજ તારીખ: ૦૫/૦૭/૨૦૨૨ના રોજ ચર્ચા કરવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| વાઇસ ચાન્સેલરશ્રી,<br>કામધેનુ યુનિવર્સિટી,<br>ગાંધીનગર | હિસાબ નિયામક,<br>કામધેનુ યુનિવર્સિટી,<br>ગાંધીનગર | નિરીક્ષક<br>સ્થાનિક ભંડોળ હિસાબ<br>ગાંધીનગર |

સ્થળ : ગાંધીનગર

તારીખ : ૦૫/૦૭/૨૦૨૨

## ખાસ એલ.એ.ડી. ૨૫

## કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરના વર્ષ ૨૦૧૬-૧૭ ના હિસાબ અંગેના ઓડિટ અહેવાલ સાથે જોડવાનું પ્રમાણપત્ર

સ્થાનિક ભંડોળ હિસાબ ખાતાની કચેરી નિયમસંગ્રહ (એલ.એ.ડી મેન્યુઅલ) (પુસ્તક-૧) ના નિયમ ૧૯૪ થી નિયમ ૨૦૩ હેઠળ કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરના તમામ ખર્ચના હિસાબો ઓડિટ માટે પ્રમાણિત કરવામાં આવે છે.

(૧) વિગતવાર ઓડિટ માટે નીચેના બે મહિના પસંદ કરવામાં આવ્યા હતા અને એ મહિનાઓના હિસાબનું ઓડિટ સંપૂર્ણ પણે અને વિગતવાર કરવામાં આવ્યું હતું .

| ક્રમ | પસંદગીના માસ | ચલણ સંખ્યા | આવક રૂા. | વાઉચરોની સંખ્યા | ખર્ચ રૂા. |
|---|---|---|---|---|---|
| ૧ | ઓકટોબર-૧૬ | ૮૩ | ૩,૨૪,૮૨,૮૦૮ | ૧૪૮ | ૨,૭૪,૭૦,૨૨૬ |
| ૨ | માર્ચ-૧૭ | ૭૩ | ૬,૨૯,૪૬,૧૨૫ | ૩૮૧ | ૬,૮૫,૬૬,૯૧૨ |
| | કુલ | ૧૫૬ | ૯,૫૪,૨૮,૯૩૩ | ૫૨૯ | ૯,૬૦,૩૭,૧૩૮ |

(૨) : પ્રમાણિત કરવામાં આવે છે કે

(ક) આખા વર્ષ દરમ્યાન ખર્ચનું ઓડિટ વિગતવાર કરવામાં આવ્યું છે,

(ખ) યુનિવર્સિટીના હિસાબનું તમામ મહિનાઓ માટે નિયત ટકાવારી મુજબ પ્રતિક ઓડિટ કરવામાં આવ્યું.

(ગ) ઓડિટનાં વર્ષ માટેના તમામ હિસાબો અને રજીસ્ટરોનું ઓડિટ કરતી વેળા કચેરી નિયમસંગ્રહ અને કચેરી હુકમોમાં કરેલી તમામ તપાસ યોગ્ય રીતે લાગુ પાડવામાં આવી છે.

(ઘ) પ્રાથમિક વાંધા લોકલ ફંડ ઓડિટ નિયમોમાં નિયત કરેલી કાર્યપધ્ધતિ અનુસાર વખતો વખત રવાના કરવામાં આવ્યા હતા અને યુનિવર્સિટીના ઉતરો રેકર્ડ પર રાખ્યા છે.

(૩) આગલા ઓડિટ અહેવાલો અને વાંધાપત્રકના નિકાલની ખરાઈ સ્થળ પર કરવામાં આવી છે, અને વિશેષ નોંધ આ સાથે રજુ કરેલા ઓડિટ અહેવાલના મુસદ્દા અને વાંધાપત્રકમાં સમાવિષ્ટ કરી છે.

(૪) ઓડિટ અહેવાલના મુસદ્દામાં જણાવેલ વાંધા અંગે સંસ્થાના વડા સાથે ચર્ચા કરવામાં આવી હતી, અને આમ કર્યુ હોવા બદલ એમની સહી લેવામાં આવી છે.

(૫) મળેલ ગ્રાન્ટ અને તેના ઉપયોગ અંગેની તપાસ નિયત ચકાસણીને આધિન રહીને કરવામાં આવી હતી અને એ અંગેનું પ્રમાણપત્ર ઓડિટ અહેવાલ સાથે જોડ્યું છે.

(૬) પ્રમાણિત કરવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં રોકડમેળમાં દર્શાવ્યા પ્રમાણેની બેન્ક ખાતેના બે મહિનાના ભરણાંની જમા રકમની, બેન્કમાં દર્શાવેલી મૂળ જમા રકમ અને જમા કાપલી સાથે ખરાઈ કરવામાં આવી છે અને રોકડમેળમાં દર્શાવ્યા મુજબની બેંકની સિલકની, બેંક પાસેથી મેળવેલ છ માસિક સિલક પ્રમાણપત્રના સંદર્ભમાં ખરાઈ કરવામાં આવી છે.

(૭) અન્વેષણ વર્ષ દરમ્યાન કરવામાં આવી હોય અને જે અંગે હુકમ આપ્યા હોય એવી અહેવાલ સાથેવસુલાતનું પ્રમાણપત્ર જોડયું છે.

(૮) ફકરા નંબર - માં જણાવેલ દસ્તાવેજોને બાદ કરતાં, ઓડિટ માટે જરૂરી એવા તમામ દસ્તાવેજો રજુ કરવામાં આવ્યા હતા.

(૯) જિલ્લા કચેરીએ નોંધેલા મુદ્દાને ચકાસણી કરી હતી અને એ અંગેની નોંધ ફકરાઓમાં સમાવિષ્ટ કરી છે.

(૧૦) કે પ્રમાણિત કરવામાં આવે છે, આગલા વર્ષોના ઓડિટ અહેવાલોને લગતી વિશેષ નોંધ આ ઓડિટ અહેવાલના મુસદ્દાની સાથે મોકલી છે.

(૧૧) નીચે આપેલા ફકરાઓમાં જણાવેલી સામગ્રી ઓડિટરોએ તૈયાર કરી હતી.

| ક્રમ | જિ.સ.નિ /મ.સ.નિ/ ઓડિટરનું નામ | હોદ્દો | વપરાયેલ માનવ દિવસ | કુલ ફકરા | ફકરા નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી બી.એચ.પટેલ | જી.સ.નિ | - | ૦૨ | ૫, ૭ |
| ૨ | શ્રી જે.એલ.કુણપરા | મ.સ.નિ | - | ૦૩ | ૬, ૮, ૧૦ |
| ૩ | શ્રી એન.જી.પટેલ | ઓડિટર | ૧૮ | ૦૬ | ૪, ૧૧, ૧૨, ૧૬, ૧૭, ૨૧ |
| ૪ | શ્રી વી.એચ.વાઘેલા | સબ-ઓડિટર | ૨૧ | ૦૫ | ૯, ૧૪, ૧૮, ૨૦,૨૨ |
| ૫ | શ્રી પી.એમ.પટેલ | સબ-ઓડિટર | ૨૬ | ૦૩ | ૧૩, ૧૫, ૧૯ |
| | બચત માનવ દિવસો | | ૧૩ | | |
| | કુલ માનવ દિવસો | | ૭૮ | | |

ઓડિટર,
સ્થાનિક ભંડોળ હિસાબ,
ગાંધીનગર

જિલ્લા સહાયક નિરીક્ષક,
સ્થાનિક ભંડોળ હિસાબ,
ગાંધીનગર

મથક : ગાંધીનગર
તારીખ : ૦૧ - ૧૨ -૨૦૨૨.

## કામધેનુ યુનિવર્સિટીના સને ૨૦૧૬-૧૭ ના વર્ષનો ઓડિટ અહેવાલ વિધાનસભા મેજ ઉપર રજૂ કરવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું પત્રક તાઃ ૦૧/૦૪/૨૦૧૭ થી ૧૪/૦૩/૨૦૨૪

| અનુ. નં. | વિલંબના કારણોની વિગત | સમયગાળો | વિલંબનો સમય | | |
|---|---|---|---|---|---|
| | | | વર્ષ | માસ | દિવસ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરએ વાર્ષિક હિસાબ તૈયાર કરવામાં તથા ત્રીજી નાણા સમિતિની બેઠક તાઃ૦૫/૦૮/૨૦૧૭ ના રોજ મંજુરી મેળવવામાં લાગેલ સમય. | ૦૧/૦૪/૨૦૧૭ થી ૦૫/૦૮/૨૦૧૭ | ૦૦ | ૦૪ | ૦૪ |
| ૨ | કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરએ નાણા સમિતિની મંજૂરી મેળવ્યા બાદ વાર્ષિક હિસાબ નિયામક મંડળની તાઃ૧૪/૦૨/૨૦૧૮ ના રોજ યોજાયેલ ૧૦મી બેઠકના મુદ્દા નં. ૧૦.૧૮ થી મંજુર કરાવી ત્યારબાદ નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબને રજૂ કર્યા તાઃ ૨૪/૦૭/૨૦૧૮ | ૦૬/૦૮/૨૦૧૭ થી ૨૪/૦૭/૨૦૧૮ | ૦૦ | ૧૧ | ૧૮ |
| ૩ | સને ૨૦૧૬-૧૭ ના વર્ષનું ઓડિટ લોકલ ફંડ, ગાંધીનગરની કચેરી દ્વારા તાઃ ૦૬/૦૮/૨૦૧૯ ના રોજ શરૂ કરી તાઃ ૧૨/૦૯/૨૦૧૯ ના રોજ પૂર્ણ કરી, તેનો ઓડિટ અહેવાલ કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરને તાઃ ૧૯/૧૨/૨૦૨૨ ના રોજ મળેલ છે. | ૨૫/૦૭/૨૦૧૮ થી ૧૯/૧૨/૨૦૨૨ | ૦૪ | ૦૪ | ૨૪ |
| ૪ | યુનિવર્સિટીના તમામ કચેરીઓ/પેટા કેન્દ્રોને ઓડિટ ફકરા રવાના કરવામાં લાગેલ સમય | ૨૦/૧૨/૨૦૨૨ થી ૦૩/૦૧/૨૦૨૩ | ૦૦ | ૦૦ | ૧૪ |
| ૫ | યુનિવર્સિટીની તમામ કચેરીઓ/પેટા કેન્દ્રો પાસેથી નિયંત્રણ અધિકારી મારફત ચકાસણી કરાવી ભલામણ સહ સમાધાનકારક જવાબો તૈયાર કરી સ્થાનિક ભંડોળની કચેરીને રજૂ કરવામાં લાગેલ સમય | ૦૪/૦૧/૨૦૨૩ થી ૧૮/૦૪/૨૦૨૩ | ૦૦ | ૦૩ | ૧૪ |
| ૬ | સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી દ્વારા ઓડિટ ફકરાના જવાબોની ચકાસણી કરી યોગ્ય જણાતા ફકરા માંડવાળ કરી અત્રેની કચેરીને જાણ કરવામાં લાગેલ સમય | ૧૯/૦૪/૨૦૨૩ થી ૦૯/૧૨/૨૦૨૩ | ૦૦ | ૦૭ | ૨૦ |
| ૭ | નાણા સમિતિ તાઃ ૨૩/૦૨/૨૦૨૪ ની બેઠક મુદ્દા નં. ૮.૫ થી ભલામણ મેળવી ત્યારબાદ નિયામક મંડળની તાઃ ૨૮/૦૨/૨૦૨૪ ની બેઠક મુદ્દા નં. ૨૫.૨૪ થી મંજુરી મેળવી જાહેરનામું બહાર પાડ્યા તાઃ ૦૭/૦૩/૨૦૨૪ | ૧૦/૧૨/૨૦૨૩ થી ૦૭/૦૩/૨૦૨૪ | ૦૦ | ૦૨ | ૨૬ |
| ૮ | મેળવેલ જવાબો બુકના રૂપમાં તૈયાર કરી વિધાનસભામાં રજૂ કરવા માટે સરકારશ્રીમાં પત્ર લખ્યા તારીખ | ૦૮/૦૩/૨૦૨૪ થી ૧૪/૦૩/૨૦૨૪ | ૦૦ | ૦૦ | ૦૬ |
| **કુલ સરવાળો** | | | **૦૬** | **૧૧** | **૦૬** |
| **i.e** | | | **૦૦** | **૦૦** | **૦૦** |

| | | | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|---|---|
| ૧ | ઓડિટ તરફથી થયેલ વિલંબ | | ૦૫ | ૦૦ | ૧૪ |
| ૨ | યુનિવર્સિટી તરફથી થયેલ વિલંબ | | ૦૧ | ૧૦ | ૨૨ |
| ૩ | વિભાગ તરફથી થયેલ વિલંબ | | ૦૦ | ૦૦ | ૦૦ |
| **કુલ સરવાળો** | | | **૦૦** | **૦૦** | **૦૦** |

**સહી/-**
**હિસાબ નિયામક**
**કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર**

# અનુક્રમણિકા

## કામધેનુ યુનિવર્સિટી–ગાંધીનગર (વર્ષ ૨૦૧૬–૧૭)


| ક્રમ | ફકરા નં. | ફકરાની વિગત | પાના નં. |
|---|---|---|---|
| ૧ | ૧ | સંસ્થાનાં હોદ્દેદારોની માહિતી | ૧૦ |
| ૨ | ૨ | વિભાગ–૧ અગાઉના ઓડિટ સંબંધી | ૧૧ |
| ૩ | ૩ | વિભાગ–૨ સંસ્થાની નાણાકીય સ્થિતિ બાબત | ૧૩ |
| ૪ | ૪ | પગાર બીલ રજીસ્ટર ન નિભાવવાની અનિયમિતતા બાબત | ૧૫ |
| ૫ | ૫ | સંસ્થાએ કરેલા રોકાણોમાં જણાયેલ અનિયમિતતા બાબત | ૧૫ થી ૧૭ |
| ૬ | ૭ | નિયમ વિરુદ્ધ પગાર રક્ષિત કરવામાં જણાયેલ અનિયમિતતા બાબત | ૧૭ થી ૧૮ |
| ૭ | ૮ | અજમાયશી સમયગાળા દરમ્યાન વાર્ષિક ઇજાફા છોડવામાં જણાયેલ અનિયમિતતા બાબત | ૧૮ થી ૨૦ |
| ૮ | ૯ | નોટીસ પે ભર્યા સિવાય ફરજ પરથી મુક્ત કરવામાં જણાયેલ અનિયમિતતા બાબત | ૨૦ થી ૨૨ |
| ૯ | ૧૦ | પરિવહન ભથ્થું લેવામાં જણાયેલ અનિયમિતતા બાબત | ૨૨ થી ૨૩ |
| ૧૦ | ૧૧ | કામધેનુ યુનીવર્સિટી અધિનિયમ–૨૦૦૯ હેઠળ સોંપાયેલ કાર્યો ન કરવા બાબત | ૨૩ થી ૨૭ |
| ૧૧ | ૧૨ | પ્લાનીંગ ઓફીસરની જગ્યામાં ફેરફાર કરી નવી જગ્યા ઉભી કરવામાં જણાયેલ અનિયમિતતા બાબત | ૨૭ થી ૨૮ |
| ૧૨ | ૧૩ | કામધેનુ યુનિવર્સિટીની સ્થાવર મિલકતોનો વીમો ન લેવા બાબત | ૨૮ |
| ૧૩ | ૧૪ | આઉટસોર્સિંગ કર્મચારી રાખવામાં જણાયેલ અનિયમિતતા બાબત | ૨૮ થી ૩૦ |
| ૧૪ | ૧૫ | સાફ સફાઈ અંગેના કોન્ટ્રાકટ આપવામાં જણાયેલ અનિયમિતતા બાબત | ૩૦ થી ૩૧ |
| ૧૫ | ૧૬ | ડેરી સાયન્સ કોલેજ, અમરેલીના સ્થાપના ખર્ચમાં જણાયેલ અનિયમિતતા બાબત | ૩૧ થી ૩૫ |
| ૧૬ | ૧૭ | પશુધન નિરીક્ષક તાલીમ સંસ્થા, નવા રાજપુરના સ્થાપના ખર્ચમાં જણાયેલ અનિયમિતતા બાબત | ૩૫ થી ૩૮ |
| ૧૭ | ૧૮ | સ્ટેશનરી ખરીદીની કામગીરીમાં જણાયેલ અનિયમિતતા બાબત | ૩૮ થી ૩૯ |
| ૧૮ | ૧૯ | છાપકામની કામગીરીમાં જણાયેલ અનિયમિતતા બાબત | ૩૯ થી ૪૭ |
| ૧૯ | ૨૦ | રેઈટ કોન્ટ્રાકટ મુજબ કરેલ ખરીદીમાં જણાયેલ અનિયમિતતા બાબત | ૪૭ થી ૪૮ |
| ૨૦ | ૨૧ | કામધેનુ યુનિવર્સિટીમાં નાણાકીય કામગીરી બજાવતા અધિકારી/કર્મચારીના જામીનખત ન મેળવવા બાબત | ૪૮ થી ૪૯ |

| | | | |
|---|---|---|---|
| ૨૧ | ૨૨ | ડેરી સાયન્સ કોલેજના વીજ બીલોમાં વિદ્યુત શુલ્કની ચુકવણી બાબત | ૪૯ |
| – | – | ઉપસંહાર અને પ્રમાણપત્રો | ૫૦ |
| – | – | પત્રક ૧ થી ૪ | ૫૧ થી ૫૫ |
| – | – | વાર્ષિક હિસાબ | ૫૮ થી ૬૫ |


**સહી/–**
**ઓડિટર**

**સહી/–**
**જિલ્લા સહાયક નિરીક્ષક**
**સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર**

**સહી/–**
**નિરીક્ષક**
**સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર**

## કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરનો હિસાબી વર્ષ ૨૦૧૬–૧૭ ના અન્વેષણ અહેવાલ

નં. એલ/જીએનઆર/ટેક/કામધેનુ યુનિવર્સિટી/૨૦૧૬–૧૭/૨૦૨૧/૨૨૮૦

જિલ્લા સહાયક નિરીક્ષકની કચેરી,
સ્થાનિક ભંડોળ હિસાબ,
ગાંધીનગર
તાઃ ૧૭/૧૨/૨૦૨૨

પ્રેષકઃ–
**નિરીક્ષકશ્રી,**
સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા.,
બ્લોક નં.૧૭, બીજો માળ,
જુના સચિવાલય, ગાંધીનગર.

પ્રતિ,
**કુલપતિશ્રી,**
કામધેનુ યુનિવર્સિટી,
ગાંધીનગર.

**વિષયઃ** હિસાબી વર્ષ ૨૦૧૬–૧૭ ના હિસાબનો ઓડિટ અહેવાલ

લોકલ ફંડ એક્ટની કલમ–૩ ની જોગવાઈ તથા નાણા વિભાગના નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૧૪/૧૬૬૯/ઝ, તાઃ ૨૩/૦૪/૨૦૧૫ તેમજ કામધેનુ યુનિવર્સિટી અધિનિયમ–૨૦૦૯ ના પ્રકરણ–૭ ની કલમ–૪૪ (૧,૪) અન્વયે કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરના હિસાબી વર્ષ ૨૦૧૬–૧૭ ના હિસાબોનું ઓડિટ તાઃ ૦૬/૦૮/૨૦૧૯ થી તાઃ ૧૨/૦૯/૨૦૧૯ દરમ્યાન હાથ ધરવામાં આવેલ હતું. જેની ચર્ચા તાઃ૦૫/૦૭/૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ હતી.

**ફકરા નં.૧**

**હોદ્દેદારોની વિગતઃ–**

હિસાબી વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાન કામધેનુ યુનિવર્સિટીના મુખ્ય હોદ્દેદારો નીચે મુજબ હતા.

| અ. નં. | હોદ્દો | નામ | સમયગાળો |
|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** |
| ૧ | કુલપતિશ્રી | પ્રો. એમ. સી. વાર્ષ્ણેય | તાઃ ૦૧/૦૪/૨૦૧૬ થી ૩૧/૦૩/૨૦૧૭ |
| ૨ | રજીસ્ટ્રાર | શ્રી વી. પી. મેકવાન | તાઃ ૦૧/૦૪/૨૦૧૬ થી ૦૯/૦૧/૨૦૧૭ |
| | | શ્રી આર. આર. શાહ | તાઃ ૧૦/૦૧/૨૦૧૭ થી ૩૧/૦૩/૨૦૧૭ |
| ૩ | નાયબ રજીસ્ટ્રાર | શ્રી મનીષ ગુપ્તા | તાઃ ૦૧/૦૪/૨૦૧૬ થી ૩૧/૦૩/૨૦૧૭ |
| ૪ | હિસાબી અધિકારી | શ્રી એચ. આર. ભટ્ટ | તાઃ ૦૧/૦૪/૨૦૧૬ થી ૨૯/૦૭/૨૦૧૬ |
| | | શ્રી સી. પી. સોલંકી | તાઃ ૩૦/૦૭/૨૦૧૬ થી ૩૧/૦૩/૨૦૧૭ |
| ૫ | પરીક્ષા નિયામક | નિમણૂંક થયેલ નથી | ––––– |

**ફકરા નં. ૨**

**વિભાગ–૧ અગાઉના ઓડિટ સંબંધિ**

સદરહું સંસ્થાનું ઓડિટ નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ થી હાથ ધરવામાં આવેલ છે. જેથી અગાઉના ઓડિટ સંબંધિ ઓડિટ અહેવાલના વર્ષવાર બાકી ફકરાની વિગત નીચે મુજબ રહેવા પામેલ હતી.

| ક્રમ | ઓડિટ વર્ષ | વર્ષની શરૂઆતમાં બાકી ફકરાની સંખ્યા | ઓડિટ પૂર્ણ થયા સુધીમાં નિકાલ કરેલ ફકરાની સંખ્યા | ઓડિટ પૂર્ણ થયા તારીખે બાકી ફકરાની સંખ્યા | બાકી ફકરાના નંબર |
|---|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** |
| ૧ | ૨૦૦૯–૧૦ | ૦ | ૦ | ૧૫ | ૧ થી ૧૫ |
| ૨ | ૨૦૧૦–૧૧ | ૧૫ | ૦ | ૨૧ | ૧ થી ૨૧ |
| ૩ | ૨૦૧૧–૧૨ | ૩૬ | ૦ | ૨૧ | ૧ થી ૨૧ |
| ૪ | ૨૦૧૨–૧૩ | ૫૭ | ૦ | ૧૪ | ૧ થી ૧૪ |
| ૫ | ૨૦૧૩–૧૪ | ૭૧ | ૦ | ૧૮ | ૧ થી ૧૮ |
| ૬ | ૨૦૧૪–૧૫ | ૮૯ | ૩ | ૨૮ | ૧ થી ૩૧ |
| ૭ | ૨૦૧૫–૧૬ | ૧૧૭ | ૦ | ૨૭ | ૧ થી ૨૭ |
| | **કુલ** | | | **૧૪૪** | |

ઉપર દર્શાવેલ વિગતે ઓડિટ શરૂ થયા તારીખે કુલ ૧૪૪ ફકરાઓ બાકીમાં હતા. બાકી રહેલ ફકરાઓનું વર્ષવાર વર્ગીકરણ કરતા ૫ વર્ષ કરતા વધુ સમયના ૩૬ ફકરાઓ, ૩ વર્ષથી વધુ સમયના ૩૫ ફકરાઓ અને ૩ વર્ષથી ઓછા સમયના ૭૩ ફકરાઓ બાકીમાં હતા.

ઉપર દર્શાવેલ વિગતે બાકી ફકરાઓની વિગત ૧૪૪ છે. તો સત્વરે જવાબોની કાર્યવાહી કરી તમામ ફકરાઓનો નિકાલ થાય તેની અંગત કાળજી લઈ કાર્યવાહી કરવા ઓડિટ અનુરોધ છે. ઉપર દર્શાવેલ વિગતે ઓડિટ શરૂ થયા તારીખે કુલ ૧૪૪ ફકરાઓ બાકીમાં હતા. ઉપરની સ્થિતિએ બાકી ફકરાઓની વિગત અનુસાર સંસ્થા દ્વારા એક પણ ફકરાની પૂર્તતા કરેલ નથી કે ઓડિટ ફકરા અંગે કોઈ જ નોંધ લેવામાં આવેલ નથી. જેના પરિણામે ઉત્તરોત્તર ફકરાઓની સંખ્યામાં વધારો થતો રહેલ છે.

વિભાગ–૨

(ચાલુ ઓડિટ)

**ફકરા નં.૩ (૧)**

**જવાબદારીઓ અને અસ્ક્યામતો બાબત.**

તાઃ ૩૧/૦૩/૨૦૧૭ ના રોજ પૂરા થતા વર્ષના અંતે કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરની જવાબદારીઓ અને અસ્ક્યામતોની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | જવાબદારીઓ | રકમ રૂ. | અસ્ક્યામતો | રકમ રૂ. |
|---|---|---|---|---|
| ૧ | સરકારને પરત કરવાપાત્ર ગ્રાન્ટ (પાના નં–૫૭) | ૧૭,૩૬,૩૧,૦૦૬.૦૦ | બેન્કમાં અનામત | ૫,૪૭,૬૦,૬૨૩.૦૦ |
| ૨ | અનામત | ૨૬,૬૪,૭૯૬.૦૦ | | |
| ૩ | જવાબદારીઓ કરતા અસ્ક્યામતોનો વધારો | ૭,૯૨,૮૯૧.૯૬ | બંધ સિલક બેન્ક ખાતે | ૧૨,૦૭,૪૨,૨૮૭.૯૬ |
| **કુલ** | | **૧૭,૫૫,૦૨,૯૧૦.૯૬** | **કુલ** | **૧૭,૫૫,૦૨,૯૧૦.૯૬** |

**ફકરા નં–૩(૧)(૧)**

**બેંક પાસબુકની તા.૩૧–૦૩–૧૮ ની સિલકની વિગત**

| બેંકનું નામ | બેંક ખાતા નંબર | રકમ |
|---|---|---|
| એચ.ડી.એફ.સી. બેંક | ૫૦૧૦૦૧૨૮૨૧૫૦૬૫ | ૧૨૧૨૬૧૮.૦૦ |
| એસ.બી.આઈ. બેંક | ૩૦૯૩૫૪૮૬૦૬૨ | ૨૧૪૩૯૧૫૫.૦૦ |
| એચ.ડી.એફ.સી. બેંક | ૫૦૧૦૦૧૨૬૨૭૬૫૯૯ | ૪૭૭૬૪૦૭.૦૦ |
| એસ.બી.આઈ. બેંક | ૩૪૩૧૩૫૮૯૧૨૪ | ૩૭૬૭.૦૦ |
| એચ.ડી.એફ.સી. બેંક | ૫૦૧૦૦૧૨૧૭૩૯૦૯૫ | ૪૩૪૫૪૬૫.૯૦ |
| એચ.ડી.એફ.સી. બેંક | ૫૦૧૦૦૧૨૧૭૩૯૧૫૮ | ૪૪૩૪૧૦.૦૦ |
| એસ.બી.આઈ. બેંક | ૩૧૬૧૨૬૨૪૯૪૬ | ૪૭૬૫.૯૬ |
| એસ.બી.આઈ. બેંક | ૩૪૬૮૨૯૬૨૫૨૭ | ૧૧૦૦.૦૦ |
| એચ.ડી.એફ.સી. બેંક | ૫૦૧૦૦૧૧૬૨૨૮૩૦૦ | ૬૭૩૭૧૯૭૬.૦૨ |
| એસ.બી.આઈ. બેંક | ૩૫૦૦૨૬૪૨૧૮૬ | ૧૯૯૦૮૩૬૭.૦૦ |
| એચ.ડી.એફ.સી. બેંક | ૫૦૧૦૦૧૧૨૮૯૨૭૯૨ | ૧૭૮૬૯૮.૦૮ |
| એચ.ડી.એફ.સી. બેંક | ૫૦૧૦૦૧૦૪૮૮૩૫૫૧ | ૯૮૩૭૧૫.૦૦ |
| એસ.બી.આઈ. બેંક | ૩૫૨૩૩૫૬૫૩૭૬ | ૩૬૮૨.૦૦ |
| અન્ય બેંક | | ૬૯૧૬૧.૦૦ |
| | કુલ | **૧૨૦૭૪૨૨૮૭.૯૬** |

**<u>ફકરા નં.૩ (૨)</u>**

કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરના હિસાબી વર્ષ ૨૦૧૬–૧૭ ના રોજ પૂરા થતા વર્ષની આવક/ખર્ચની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | ઓડિટ વર્ષ | સામાન્ય આવક | સામાન્ય ખર્ચ |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૪–૧૫ | ૧,૪૦,૭૩,૦૧૪/– | ૩,૩૪,૩૪,૪૧૯/– |
| ૨ | ૨૦૧૫–૧૬ | ૧,૨૮,૭૪,૬૦૪/– | ૯,૫૯,૪૫,૨૭૪/– |
| ૩ | ૨૦૧૬–૧૭ | ૫૯,૪૭,૬૨૭/– | ૧૯,૦૭,૦૨,૧૦૭/– |
| **કુલ** | | **૩,૨૮,૯૫,૨૪૫/–** | **૩૨,૦૦,૮૧,૮૦૦/–** |
| **સરેરાશ** | | **૧,૦૯,૬૫,૦૮૨/–** | **૧૦,૬૬,૯૩,૯૩૩/–** |
| **ખર્ચમાં વધારો** | | **૯,૫૭,૨૮,૮૫૨/–** | |

કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરની નાણાકીય પરિસ્થિતિની સમીક્ષા કરતા સામાન્ય આવકની સામે સામાન્ય ખર્ચમાં રૂ. ૯,૫૭,૨૮,૮૫૨/– નો વધારો જોવા મળેલ હતો.

સંસ્થા દ્વારા સામાન્ય ખર્ચમાં વધારો જોવા મળેલ છે, જેથી સંસ્થાની આર્થિક સ્થિતિ નબળી ગણાય, જે ઘણી જ ગંભીર બાબત કહી શકાય. સંસ્થા દ્વારા આવકના સ્ત્રોતમાં વધારો કરવા ઓડિટનું સૂચન છે.

કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર તાઃ૦૭–૦૭–૨૦૦૯ ના રાજપત્રમાં કલમ–૪૪ ની પેટા કલમ–૧ મુજબ સંસ્થાએ વાર્ષિક હિસાબો તૈયાર કરવાની જોગવાઈ થયેલ છે. તેમ છતા સંસ્થા દ્વારા સદર જોગવાઈ મુજબ હિસાબોમાં પાકું સરવૈયુ તૈયાર કરવામાં આવેલ નથી. જેથી સંસ્થાની સાચી નાણાકીય પરિસ્થિતિ જાણી શકાયેલ નથી.

## ગુજરાત લોકલ ફંડ એક્ટ, ૧૯૬૩ ની કલમ–૮ હેઠળની અનિયમિતતા

| ક્રમ | કલમ | ફકરા નંબર | ફકરાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | કલમ–૮(ક) | ૬, ૭, ૮, ૧૦, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૧ | ૧૧ |
| ૨ | કલમ–૮(ખ) | – | |
| ૩ | કલમ–૮(ગ) | – | – |
| ૪ | કલમ–૮(ઘ) | ૪, ૫, ૯, ૧૧, ૧૨, ૧૩, ૨૦, ૨૨ | ૦૮ |
| કુલ | | | ૧૯ |

## નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ ના ઓડિટ ફકરા અને તેના જવાબો

| ફકરા નંબર અને ફકરાની સંપૂર્ણ વિગત | ફકરાની પૂર્તતાની વિગત |
|---|---|
| **ફકરા નં. ૪ પગાર બીલ રજીસ્ટર ન નિભાવવાની અનિયમિતતા બાબત.** | |
| સરકારશ્રીના નાણા વિભાગના તા. ૧૭/૧૦/૧૯૭૯ ના ઠરાવ ક્રમાંક: આરએનટી/ટીજેઆર/૧૦૭૮/૫૮૩ (૭૯)/ઝેડ ની જોગવાઇ અનુસાર પગાર બિલનું એ.બી.સી. ફોર્મમાં રજીસ્ટર નિભાવવાનું હોય છે, અને તેમાં પ્રત્યેક અધિકારી/કર્મચારીનું લેજર નિભાવી વર્ષ દરમ્યાન અધિકારી/કર્મચારીને ચુકવવામાં આવેલ તમામ હક્કદાવાની તથા કપાતની નોંધ કરવાની રહે છે. જેથી વર્ષ દરમ્યાન અધિકારી/કર્મચારીને ચુકવવામાં આવેલ પગાર ભથ્થાના હક્કદાવાની રકમોની ચકાસણી થઇ શકે.<br>કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરના હિસાબી વર્ષ ૨૦૧૬-૧૭ ના અન્વેષણ દરમ્યાન તેમના તાબાની સંસ્થા ડેરી સાયન્સ કોલેજ, અમરેલી અને પશુપાલન પોલિટેકનિક, હિંમતનગરના ઓડિટ વર્ષનું પગાર બિલ રજીસ્ટર નિયત નમુનામાં નિભાવેલ ન હોવાથી નીચે મુજબ ઓડિટ નોંધ આપવામાં આવે છે.<br>(૧) પગાર બિલ રજીસ્ટરમાં અધિકારી/કર્મચારીઓની જન્મ તારીખ, ખાતામાં દાખલ તારીખ, આવકવેરા પાન નંબર, નિવૃતિની તારીખ, અધિકારી/કર્મચારીને ચુકવેલ પગાર ભથ્થાના વ્યાજબીપણાની ચકાસણી થઈ શકેલ નથી.<br>(૨) પગાર બિલ રજીસ્ટર અધતન નિભાવીને સિક્કા એકુન રજીસ્ટરે ચઢાવી રજીસ્ટરની પાછળ પ્રમાણપત્ર આપી સક્ષમ અધિકારીશ્રીની સહી મેળવી આધાર સહ ખાત્રી કરાવવી ઘટે.<br>સંસ્થાએ પ્રા.વાંધા ક્રમાંક:૨૦, ૨૯ નો કરેલ જવાબ મૂળ ફકરા સાથે સુસંગત ન હોઇ જવાબ ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી. તો ફકરામાં જણાવેલ વિગતે આધાર સહ ખાત્રી કરવવી ઘટે. | **પશુપાલન પોલિટેકનિક, હિંમતનગર**<br>પગાર બીલ રજીસ્ટર ન નિભાવવાની અનિયમિતતા બાબતે ખુલાસો નીચે મુજબ છે.<br>પશુપાલન પોલિટેકનિકની શરૂઆત વર્ષ:૨૦૧૧-૧૨ માં થયેલ હતી પરંતુ તેની વહીવટી કામગીરી સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવતી હતી. સદર પગાર બીલનું રજીસ્ટર સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના નિયત નમુના મુજબ નિયમિતપણે નિભાવવામાં આવેલ હતું. જેમાં સક્ષમ અધિકારી દ્વારા પેજ નંબર ૧ થી ૧૦૦ પ્રમાણિત કરવામાં આવેલ છે.<br>ઓડિટરશ્રીની સુચના મુજબ વર્ષ ૨૦૧૯-૨૦ થી એ.બી.સી. ફોર્મમાં રજીસ્ટર નિભાવવામાં આવેલ છે તેમાં પેજ ૧ થી ૧૩૯ સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરેલ છે જેની નકલ ઓડિટ ફકરાના જવાબો સાથે સામેલ કરી મોકલી આપવામાં આવેલ છે.<br><br>**ડેરી સાયન્સ કોલેજ, અમરેલી**<br>હિસાબી વર્ષ ૨૦૧૬-૧૭ ના અન્વેષણ દરમ્યાન જણાવેલ પ્રાથમિક વાંધા મુજબ કોલેજ ઓફ ડેરી સાયન્સ, અમરેલી દ્વારા પગાર બિલ રજીસ્ટર સને ૨૦૧૫-૧૬ થી નિયત નમુનામાં જરૂરી વિગતો સાથે નિભાવવામાં આવી રહ્યું છે જેની નકલ ઓડિટ ફકરાના જવાબો સાથે સામેલ કરી આધારસહ ખાત્રી કરવા માટે મોકલી આપવામાં આવેલ છે.<br>આમ ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ સદર ફકરાને માંડવાળ કરવા વિનંતી. |
| **ફકરા નં. ૫ સંસ્થાએ કરેલ રોકાણોમાં જણાવેલ અનિયમિતતા બાબત.** | |
| કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરના હિસાબી વર્ષ ૨૦૧૬-૧૭ ના અન્વેષણ દરમ્યાન જનરલ રોજમેળ તથા રોકાણ રજીસ્ટરની ચકાસણી કરતા કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા સામેલ પરિશિષ્ટ-૧ મુજબ ખાનગી બેંકો એચ.ડી.એફ.સી.માં એફ.ડી તરીકે રૂ.૧૧,૩૯,૨૦,૦૦૦/-રોકાણો કરવામાં આવેલ હતા. જે અંગે નીચે મુજબની ઓડિટ નોંધ આપવામાં આવે છે.<br>(૧) ગુજરાત સરકારનાં નાણા વિભાગનાં ઠરાવ ક્રમાંક: પી.એલ.એ./૧૦૯૪/૩૦૮૮/ખ. તા.૨૬/૦૭/૧૯૯૫ તથા એસટીએસ/૧૦૨૦૦૦/૪૦૪૮/અ તા.૨૯/૧૧/૨૦૦૦ તથા સુધારા ઠરાવ ક્રમાંક: જનવ /૧૦/૨૦૧૧/ | (૧) ઉપરોકત વિષય અન્વયે સવિનય જણાવવાનું કે, ગુજરાત સરકારના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક પી.એલ.એ./૧૦૯૪/૩૦૮૮/ખ, તારીખ ૨૬-૦૭-૧૯૯૫ તથા એસ.ટી.એસ./૧૦૨૦૦૦/ ૪૦૪૮/ અ, તારીખ ૨૯-૧૧-૨૦૦૦ તથા સુધારા ઠરાવઃ જનવ/ ૧૦/ ૨૦૧૧/૧૮૨૯૧૦/અ, તાઃ ૧૬-૦૯-૨૦૧૪ ના ઠરાવ અનુસાર વણવપરાયેલી રકમ જી.એસ.એફ.એસ. માં રોકાણ કરવાનું જણાવેલ છે |

૧૮૨૯૧૦/અ, તા.૧૬/૦૯/૨૦૧૪ ના ઠરાવથી જણાવેલ છે કે રાજ્ય સરકારની કચેરીઓ, જાહેર સાહસો, સંસ્થાઓ, સોસાયટી વગેરે દ્વારા જો કોઈ રકમ વણવપરાયેલી હોય તો તે રકમ ગુજરાત સ્ટેટ ફાયનાન્સિયલ સર્વીસીઝ (GSFS) માં રોકાણ કરવા સુચનાઓ આપવામાં આવે છે. આમ છતાં કામધેનુ યુનિવર્સિટી દ્વારા વણવપરાયેલ રકમ ગુજરાત સ્ટેટ ફાયનાન્સિયલ સર્વિસીઝમાં રોકાણ કરવાને બદલે એચ.ડી.એફ.સી. જેવી પ્રાઈવેટ બેન્કમાં રોકાણ કરેલ છે. આમ વખતોવખત સરકારશ્રીના વિવિધ ઠરાવો દ્વારા વણવપરાયેલી રકમ હોય તો તે રકમ ગુજરાત સ્ટેટ ફાયનાન્સિયલ સર્વિસીઝમાં મુકવા સુચનાઓ આપવામાં આવેલ હતી. તેમ છતાં કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા સુચનાઓનું પાલન થયેલ નથી.

(૨) કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર પાસે જો કોઈ રકમ વણવપરાયેલી હોય તો આવી રકમ તુરંત જ અથવા તો વધુમાં વધુ દસ દિવસની અંદર વર્કિંગ કેપીટલ માટેની જરૂરીયાત બાદ કરીને ગુજરાત સ્ટેટ ફાયનાન્સિયલ સર્વિસીઝમાં થાપણ તરીકે જમા કરાવવા ઓડિટનું સુચન છે.

(૩) સંસ્થા દ્વારા રોકાણ રજીસ્ટર યોગ્ય નમુનામાં ન નિભાવેલ હોવાના કારણે પાકતી તારીખે રોકાણોની રકમ રોજમેળમાં ક્યારે કઈ તારીખે ક્યા આવક નંબરે જમા લેવામાં આવે છે તેની ઓડિટને ખાત્રી થઈ શકેલ ન હતી તેથી ઓડિટનું સુચન છે કે રોકાણ રજીસ્ટરમાં રોજમેળમાં જમા લીધેલ તારીખ તથા રોજમેળ પાના નંબરની નોંધ કરવી.

(૪) સરકારશ્રીના નાણા વિભાગના તા.૧૬/૦૯/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક: જનવ-૧૦૨૦૧૧-૧૮૨૯૧૦-અ ની સુચનાઓ મુજબ સરકારી અનુદાનની રકમ સરકારશ્રીની સુચના વગર અન્ય જગ્યાએ રોકાણ કરી શકાય નહી. તેમ છતાં કામધેનુ યુનિવર્સિટી દ્વારા વણવપરાયેલ રકમ એચ.ડી.એફ.સી. જેવી ખાનગી બેંકમાં રોકાણ કરેલ છે. રોકાણ માટે બેંકની પસંદગી અન્ય બેંકના વ્યાજ દર, રોકાણ મુદ્દત, કેશફ્લો મેનેજમેન્ટ જેવા માપદંડો ધ્યાને લીધા વિના કરવામાં આવેલ છે. આ રકમ GSFC માં જમા કરાવી ઓડિટને ખાત્રી કરાવવી ઘટે.

સંસ્થાએ પ્રા.વાંધા ક્રમાંક:૪૬ નો કરેલ જવાબ મૂળ ફકરા સાથે સુસંગત ન હોઈ જવાબ ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી. તો ફકરામાં જણાવેલ વિગતે આધારસહ ખાત્રી કરાવવી ઘટે.

કામધેનું યુનિવર્સીટી ના વર્ષ ૨૦૧૬-૧૭ ની ફિક્સ ડીપોઝીટની વિગત દર્શાવતું પરીશિષ્ટ-૧

| ક્રમ | તારીખ | ફિક્સ ડીપોઝીટ નં. | બેંકનું નામ | મુદ્દલની રકમ | મુદ્દત (માસમાં) | પાકતી તારીખની રકમ | પાક્યા તારીખ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૦૪/૦૪/૨૦૧૬ | 50300138277451 | HDFC | ૧,૩૬,૦૦,૦૦૦ | ૯ | ૧,૪૩,૮૩,૮૫૯ | ૦૫/૦૧/૨૦૧૭ |
| ૨ | ૦૨/૦૫/૨૦૧૬ | 50300142977766 | HDFC | ૫,૦૦,૦૦,૦૦૦ | ૬ | ૫,૧૮,૪૯,૨૭૯ | ૦૩/૧૧/૨૦૧૬ |
| ૩ | ૦૨/૦૫/૨૦૧૬ | 50300142352182 | HDFC | ૧,૫૦,૦૦,૦૦૦ | ૩ | ૧,૫૨,૬૧,૦૬૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૪ | ૧૬/૦૫/૨૦૧૬ | 50300144475009 | HDFC | ૨૫,૦૦,૦૦૦ | ૧૨ | ૨૬,૯૨,૪૯૮ | ૧૬/૦૫/૨૦૧૭ |
| ૫ | ૧૭/૦૬/૨૦૧૬ | 50300149263850 | HDFC | ૮,૫૦,૦૦૦ | ૧૨ | ૯,૧૫,૪૬૬ | ૧૭/૦૬/૨૦૧૭ |
| ૬ | ૦૬/૧૦/૨૦૧૬ | 50300165426967 | HDFC | ૧,૫૦,૦૦,૦૦૦ | ૧૦દિવસ | ૧,૫૦,૨૪,૫૯૦ | ૧૬/૧૦/૨૦૧૬ |

જેના સંદર્ભમાં યુનિવર્સિટીની અગાઉના વર્ષોની બચત રકમ જી.એસ.એફ.એસ. ખાતે પાર્ક કરેલ છે તથા તેનું વ્યાજ પણ સરકારશ્રીમાં પરત જમા કરાવેલ છે. ઉક્ત પ્રા. વાંધામાં દર્શાવેલ કોષ્ટકમાં ફિક્સ ડિપોઝિટની રકમમાં સરકારશ્રીની ગ્રાન્ટ સિવાય કામધેનુ યુનિવર્સિટીના અધિનિયમની કલમ-૪૦ અનુસાર યુનિવર્સિટીના અધર ફંડના નાણાનો પણ સમાવેશ કરવામાં આવેલ હોય સદર રકમ વણવપરાયેલ રકમ ના હોય જી.એસ.એફ.એસ. ખાતે પાર્ક કરેલ નથી. વધુમાં હવે પછી ઉક્ત નાણા વિભાગના ઠરાવની અમલવારી કરવામાં આવશે.

(૨) કામધેનુ યુનિવર્સિટી દ્વારા વર્ષના અંતે રહેલ વણવપરાયેલ રકમ સરકારશ્રીમાં નાણા વિભાગ મારફત મંજૂરી મેળવી જી.એસ.એફ.એસ. ખાતે પાર્ક કરવાની પ્રથા અમલમાં જ છે. કામધેનુ યુનિવર્સિટીને પશુપાલન નિયામકશ્રીની કચેરી દ્વારા વાર્ષિક મંજૂર થયેલ બજેટ મર્યાદાને ધ્યાને લઈ ત્રિમાસિક ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવતી હોય જે તે લાગૂ પડતા નાણાકીય વર્ષ અંતર્ગત કોઈ વણવપરાયેલ રકમ યુનિવર્સિટી ખાતે ન હોય હવે પછી ઓડિટ સૂચન મુજબ વર્ષ દરમ્યાન ફાળવવામાં આવેલ ગ્રાન્ટને જી.એસ.એફ.એસ. ખાતે જમા કરવાના ઓડિટ સૂચનની અમલવારી કરવામાં આવશે.

(૩) સંસ્થા દ્વારા કરેલ તમામ રોકાણના વ્યાજની આવક રોજમેળે જમા લેવામાં આવે છે તથા યુનિવર્સિટી ખાતે તમામ હિસાબો ટેલિ સોફ્ટવેર અંતર્ગત અદ્યતન રીતે નિભાવણી કરવામાં આવતી હોય હવે પછીથી રોકાણ રજીસ્ટરમાં રોકાણની આવક રોજમેળે જમા લીધા પાના નંબર રોકાણ રજીસ્ટરમાં દર્શાવવાની અમલવારી કરવામાં આવશે.

(૪) મુદ્દા નં. (૪) અન્વયે ઉપરોક્ત મુદ્દા નં. ૧ અને ૨ માં જણાવ્યા મુજબ સરકારશ્રીના વણવપરાયેલ નાણા જી.એસ.એફ.એસ. માં પાર્ક કરેલ છે તથા તે સિવાયના નાણા યુનિવર્સિટીના અધર ફંડના હોઈ જેમાં સરકારશ્રીની ગ્રાન્ટનો સમાવેશ થતો ન હોય જી.એસ.એફ.એસ. ખાતે પાર્ક કરેલ નથી. વધુમાં કામધેનુ યુનિવર્સિટી અધિનિયમ-૨૦૦૯ ની કલમ નં. ૩૮ (૩) મુજબ યુનિવર્સિટીએ તેમના નાણા એસ.બી.આઈ. અથવા રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા અધિનિયમ-૧૯૩૪ માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની કોઈ પણ શીડ્યૂલ્ડ બેંકમાં રાખી શકાય છે. હાલ ચાલુ નાણાકીય વર્ષમાં ગ્રાન્ટના નાણા રાષ્ટ્રીયકૃત બેંકમાં જમા લેવાની પ્રથા વિકસાવેલ છે જેની જી.એસ.એફ.એસ. ખાતે પાર્ક કરેલ રકમની રસીદ

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૧૮/૦૧/૨૦૧૭ | 50300180705991 | HDFC | ૯૦,૦૦,૦૦૦ | ૧૨ | ૯૬,૪૫,૬૬૪ | ૨૦/૦૧/૨૦૧૮ |
| ૮ | ૨૧/૦૧/૨૦૧૭ | 503001810303648 | HDFC | ૫૩,૭૦,૦૦૦ | ૧૨ | ૫૭,૫૪,૧૫૦ | ૨૨/૦૧/૨૦૧૮ |
| ૯ | ૨૨/૦૨/૨૦૧૭ | 50300185524983 | HDFC | ૨૬,૦૦,૦૦૦ | ૧૨ | ૨૭,૮૫,૯૯૪ | ૨૩/૦૨/૨૦૧૮ |
| | | | કુલ | ૧૧,૩૯,૨૦,૦૦૦ | | ૧૧,૮૩,૧૨,૫૬૬ | |

તથા તેના પર મળેલ વ્યાજ સરકારશ્રીમાં પરત જમા કરાવ્યાના ચલણની નકલ ઓડિટ ફકરાના જવાબો સાથે સામેલ કરી મોકલી આપવામાં આવેલ છે.

આમ ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ સદર ફકરાને માંડવાળ કરવા વિનંતી.

**ફકરા નં. ૭ નિયમ વિરૂધ્ધ પગાર રક્ષિત કરવામાં જણાયેલ અનિયમિતતા બાબત.**

ગુજરાત સરકારના નાણા વિભાગ ના ઠરાવ ક્રમાંક ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧ તા. ૧૬-૦૨-૨૦૦૬ થી રાજ્ય સરકારના વર્ગ -૩ અને વર્ગ ૪ ના તમામ સંવર્ગોમાંની જગ્યાઓ ઉપર સીધી ભરતીની નિમણુંકો ફીક્સ પગારના અજમાયશી ધોરણે કરવાની યોજના છે. રાજ્ય સરકાર હેઠળની તમામ સેવા/ નોકરીઓમાં નવી સીધી ભરતી, પ્રથમ પાંચ વર્ષ માટે ફીક્સ પગારથી કરવામાં આવેલ છે, અને ફીક્સ પગારમાં નિમણૂકો નિયત ભરતી પધ્ધતિ પ્રમાણે જ થનાર હોય તેમજ મસિક ફીક્સ પગારમાં પાંચ વર્ષ પૂર્ણ કર્યા પછી આ યોજના હેઠળ નિમાયેલ ઉમેદવારને નિયમિત પગાર ધોરણમાં નિમણુંક આપવામાં આવનાર હોય આ એક નિયમિત ભરતીજ છે. નિમણૂંક મેળવનાર ઉમેદવાર એક માસની નોટિસ અથવા એક માસની ફીક્સ પગારની રકમ સાથેનો નોટિસ પગાર આપીને સેવા / નોકરીનો અંત લાવી શકાશે.

કામધેનુ યુનિવર્શિટી, ગાંધીનગર ના હિસાબી વર્ષ ૨૦૧૬-૧૭ ના અન્વેષણ દરમ્યાન પગાર બિલ અને ભરતી સબંધિત સાધનિક રેકર્ડની ચકાસણી કરતા હિસાબી વર્ષ દરમ્યાન કામધેનુ યુનિવર્સિટી ગાંધીંગર ની તાબાની સંસ્થા ડેરી સાયન્સ કોલેજ, અમરેલી દ્વારા નીચેની વિગતે અધિક પગાર ચુકવવાની બાબત ધ્યાને આવેલ હતી. જે અંગેની નીચે મુજબ ની ઓડિટ નોંધ આપ્વામાં આવે છે.

૧. ડેરી સાયન્સ કોલેજ, અમરેલી માં હાલ સ્ટેનો ગ્રેડ ૨ તા.૦૮-૧૦-૧૫ થી ફરજ બજાવતા શ્રી વિરેન એ. ભટ્ટ પહેલા કામધેનુ યુનિવર્સિટી માં તા. ૩૦-૦૭-૧૦ થી સ્ટેનો ગ્રેડ-૩ માં ફીક્સ પગારથી ફરજ બજાવતા હતા. તા. ૨૦-૦૮-૧૫ ના રોજ શ્રી ભટ્ટ ના પાંચ વર્ષ પૂર્ણ થતા નિયમિત નિમણુંક આપવામાં આવેલ હતી. તે દરમ્યાન કામધેનુ યુનિવર્સિટીમાં નવી સ્ટેનો ગ્રેડ-૨ ની જગ્યામાં નિયત ભરતી ધોરણથી તા.૦૬-૧૦-૧૫ થી નિમણુંક ઓર્ડર આપવામાં આવેલ હતો. તા. ૦૭-૧૦-૧૫ ના રોજ શ્રી ભટ્ટ ફરજ મુક્ત નો ઓર્ડર મંજુર થતા, છુટા કરવામાં આવેલ હતા. અને તા. ૦૮-૧૦-૧૫ ના રોજ નવી સ્ટેનો ગ્રેડ-૨ ની જગ્યા પર કામધેનુ યુનિવર્સિટી માં હાજર થયેલ હતા.

કામધેનુ યુનિવર્સિટી દ્વારા તા. ૦૮-૧૦-૧૫ ના રોજ હાજર કરવામાં આવેલ હતા. જે અન્વયે પત્ર ક્રમાંક: કાયુ/રજી./ પગાર/કાઆ/૧૯૩૫-૬૪૦/૨૦૧૫ તા.૦૨-૧૧-૧૫ થી કોષ્ટક માં આપેલ કર્મચારીના પગાર રક્ષણ કરી અગાઉની જગ્યાએ મેળવતા પગાર અને પગાર ભથ્થા ચાલુ રાખવાનો આદેશ કરવામાં આવેલ હતો. નાણા વિભગના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/ઝ. ૧ તા.૧૬-૦૨-૨૦૦૬ મુજબ એક જગ્યા પરથી છુટા થયા બાદ તે સેવા/નોકરીનો અંત આવેલ છે. જેથી બીજી નવી જગ્યા પર હાજર થવા પાંચ વર્ષ માટે ફીક્સ સમયગાળો અને ફીક્સ પગાર મળવાપાત્ર છે. જે યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ નથી. અને અગાઉનો પગાર ચાલુ રાખી નિયમ વિરૂધ્ધ પગાર રક્ષિત કરવામાં આવેલ છે. જે ખરેખર મળવા પાત્ર નથી.

| ક્રમ | નામ | હોદો | સમયગાળો | વસુલાત પાત્ર રકમ |
|---|---|---|---|---|

સદરહું ફકરા નંબર ૭ વિશે સૌપ્રથમ જણાવવાનું કે હિસાબી વર્ષ ૨૦૧૬-૧૭ ના અન્વેષણ દરમ્યાન આવો કોઇ પ્રાથમિક વાંધો કે પારા કોલેજ ઓફ ડેરી સાયન્સ, અમરેલીને આપવામાં આવેલ નથી જે નોંધવુ જરૂરી છે, જે હાલ ફકરામાં તબદીલ થઇ અત્રેની કચેરીને મળેલ છે છતા પણ આ બાબતની પૂર્તતા નીચે મુજબ કરવામાં આવે છે.

કોલેજ ઓફ ડેરી સાયન્સ, કામધેનુ યુનિવર્સિટી, અમરેલી ખાતે હાલમાં સ્ટેનો ગ્રેડ-૨ પર તા.૦૮/૧૦/૨૦૧૫ થી ફરજ બજાવતા શ્રી વી.એ.ભટ્ટ પહેલા કોલેજ ઓફ ડેરી સાયન્સ, કામધેનુ યુનિવર્સિટી, અમરેલી માં તા.૩૧/૦૭/૨૦૧૦ થી સ્ટેનો -૩ માં ફિકસ પગારથી ફરજ બજાવતા હતા. શ્રી વી.એ.ભટ્ટ ને તા.૩૦/૦૭/૨૦૧૫ના રોજ પાંચ વર્ષ પૂરા થતાં નિયમિત નિમણૂંક આપવામાં આવેલ હતી. તેઓશ્રીએ કામધેનુ યુનિવર્સિટીની જાહેરાતના અનુસંધાને સ્ટેનો ગ્રેડ -૨ ની જગ્યા માટે તેઓની કચેરી મારફતે અરજી કરેલ હતી. સદર જાહેરાત અન્વયે તેઓને સ્ટેનો ગ્રેડ -૨ ની જગ્યામાં નિયત ભરતી ધોરણથી તા.૦૬/૧૦/૨૦૧૫ થી નિમણૂંક ઓર્ડર આપવામાં આવેલ હતો. શ્રી ભટ્ટ એ સદર જગ્યા માટે અરજી કરેલ તે અરજી કચેરી મારફતે જ ફોરવર્ડ કરેલ હતી. આ ઉપરાંત માન. મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને મળેલ રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટી અને કામધેનુ યુનિવર્સિટી કુલપતિશ્રીઓ તથા ઉચ્ચ અધિકારીશ્રીઓની મળેલ બેઠકમાં લેવાયેલ નિર્ણય અનુસાર રાજયની અન્ય કૃષિ યુનિવર્સિટીઓમાંથી આવતા કર્મચારી અધિકારીશ્રીઓને પગાર રક્ષિત કરવા તથા ફરજ મુકત કરવા નિર્ણય લેવાયેલ હતો. અન્ય યુનિવર્સિટીમાંથી આવતા કર્મચારી / અધિકારીઓનો પગાર રક્ષિત કરવાનો હોય તો શ્રી ભટ્ટ કામધેનુ યુનિવર્સિટીના જ કર્મચારી હોય તેઓનો તા.૦૭/૧૦/૨૦૧૫ ના રોજ શ્રી ભટ્ટ ફરજ મુકતનો ઓર્ડર મંજૂર થતા ફરજ મુક્ત કરવામાં આવેલ હતા. જેથી તેઓ તા.૦૮/૧૦/૨૦૧૫ ના રોજ સ્ટેનો ગ્રેડ ૨ ની જગ્યા પર કોલેજ ઓફ ડેરી સાયન્સ, કામધેનુ યુનિવર્સિટી, અમરેલી ખાતે જ હાજર થયેલ હતા.

<table>
<tr>
<td>

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | વિરેન એ.ભટ્ટ | સ્ટેનો ગ્રેડ –૨ (વર્ગ–૩) | ૦૮–૧૦–૧૫ થી ૩૧–૦૫–૧૭ | ૧,૦૭,૨૨૦/– |
| | | | **કુલ** | **૧,૦૭,૨૨૦/–** |

જેથી ઉક્ત કોષ્ટક મુજબ વસુલાત કરી સરકારશ્રીના સદરે જમા કરી આધારોથી ખાત્રી કરાવવી ઘટે. સદર કર્મચારીની સેવાપોથી નવીન બનાવતા અગાઉની જુની જગ્યાની સેવાપોથી ચાલુ રાખવામાં આવેલ છે. જે નિયમ વિરૂદ્ધ છે. જેથી જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

ઉક્ત વિગતો જોતા કર્મચારી પાસેથી વધુ ચુકવાયેલ પગાર અને પગારભથ્થા કુલ રૂ. ૧,૦૭,૨૨૦/– વસુલ કરી તાત્કાલિક અસરથી સરકારશ્રીમાં જમા કરી આધારોથી ખાત્રી કરાવવી ઘટે. નિયમ વિરૂદ્ધ પગાર રક્ષિતના ઓર્ડર કરેલ હોઈ જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

સંસ્થાએ પ્રા.વાંધા ક્રમાંકઃ૨૫ નો કરેલ જવાબ મૂળ ફકરા સાથે સુસંગત ન હોઈ જવાબ ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી. તો ફકરામાં જણાવેલ વિગતે આધારસહ ખાત્રી કરાવવી ઘટે.

વસુલાતઃ૧,૦૭,૨૨૦/–<br>
સદરઃપશુપાલન

</td>
<td>

સદર બાબતે નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭ /(પાર્ટ–૨)ઝ.૧ થી ઠરાવના ક્રમ – ૨ મહેનતાણા ના રક્ષણ મુજબ ફિક્સ પગારના કર્મચારી સમાન કક્ષાની કે ઉપલી કક્ષાની ફિક્સ પગારની અન્ય સંવર્ગની જગ્યામાં જોડાય તો તેને જે ખાસ ભથ્થા સહિતનું મહેનતાણું મળે છે તેનાથી ઓછું મહેનતાણું આપી શકાશે નહિ. આવો ઠરાવ તા.૦૧/૧૦/૨૦૧૫ થી અમલમાં આવેલ છે. (જેની નકલ ઓડિટ ફકરાના જવાબો સાથે સામેલ કરી મોકલી આપવામા આવેલ છે.) આ મુદાને ધ્યાને લેતા સદર કર્મચારી શ્રી વી.એ.ભટ્ટ ને અત્રેની યુનિવર્સિટીમાં તા.૦૮/૧૦/૨૦૧૫ થી જોડાયેલ તથા નાણા વિભાગના તા.૨૦/૧૦/૨૦૧૫ ના ઠરાવનો અમલ તા. ૦૧/૧૦/૨૦૧૫ ના રોજથી કરવાનો હોય જેને ધ્યાને લેતા કામધેનુ યુનિવર્સિટી ના કાર્યાલય આદેશ ક્રમાંક: કાયુ/રજી/પગાર/કાઆ/ ૧૬૩૨–૬૪૦/૨૦૧૫ તા. ૦૨/૧૧/૨૦૧૫ થી શ્રી વી.એ.ભટ્ટના પગાર રક્ષિત કરી અગાઉની જગ્યાએ મેળવતા પગાર અને પગાર ભથ્થા ચાલુ રાખવાનો આદેશ કરવામાં આવેલ હતો (જેની નકલ ઓડિટ ફકરાના જવાબો સાથે સામેલ કરી મોકલી આપવામા આવેલ છે.). યુનિવર્સિટી કક્ષાએથી આપેલ આદેશ અનુસાર શ્રી વી.એ.ભટ્ટને પે પ્રોટેકશનનો લાભ આપેલ હોય સેવાઓ સળંગ ગણવાની હોવાથી સેવાપોથી અલગ બનાવેલ નથી.

આમ, ઉપરોકત તમામ બાબતોને ધ્યાને લેતા શ્રી વી.એ.ભટ્ટ સ્ટેનો ગ્રેડ ૨ પાસે કોઈ વસુલાત કરવાની બાબત ઉપસ્થિત થતી નથી.

વધુમાં કામધેનુ યુનિવર્સિટી ખાતે વર્ષ ૨૦૧૬–૧૭ ના અન્વેષણ દરમ્યાન ઉક્ત એનેક્ષર –૨ પ્રમાણે ના કર્મચારી શ્રી બી.એસ.ત્રીવેદી ના પ્રાથમિક વાંધા સામે ઉક્ત આધારો ને માન્ય રાખી, તેમના પ્રાથમિક વાંધાને માંડવાળ કરવામાં આવેલ હતો. આથી ઉક્ત ફકરો પણ શ્રી બી.એસ.ત્રીવેદી ના માંડવાળ કરેલ પ્રાથમિક વાંધા સમાન જ હોય જેથી સમાન ન્યાય મળે તેવી વિનંતી સાથે ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ સદર ફકરાને માંડવાળ કરવા વિનંતી.

</td>
</tr>
<tr>
<td>ફકરા નં. ૮ અજમાયશી સમયગાળા દરમ્યાન વાર્ષિક ઈજાફા છોડવામાં જણાયેલ અનિયમિતતા બાબત.</td>
<td></td>
</tr>
<tr>
<td>ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો –૨૦૦૨ માં નિયમ–૩૯ ના પેટા નિયમ–૧(ક) માં કર્મચારીના અજમાયશી સમય દરમ્યાન તેને પગાર ધોરણનો ન્યુનતમ પગાર મળશે. પરંતુ આ અજમાયશીની મુદત સફળતાપૂર્વક પૂર્ણ કર્યા બાદ જ્યારે તેને સેવા કે સંવર્ગમાં નિમણૂંક આપવામાં આવે કે તેમા કાયમ કરવામાં આવે ત્યારે અજમાયશીનો</td>
<td>(૧ અને ૨) પશુપાલન પોલિટેકનિક, હિંમતનગર ખાતે આચાર્ય તરીકે ફરજ બજાવતા ડો. એસ.બી.દેશપાંડે, અગાઉ નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે નિયમિત નિમણૂંકથી ફરજ બજાવતા હતા. ત્યાર બાદ ડો. દેશપાંડે</td>
</tr>
</table>

સમયગાળો ફરજ પરનો ગણી પગાર ધોરણમાં તેનો પગાર નક્કી કરવામાં આવશે.

કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરના હિસાબી વર્ષ ૨૦૧૬-૧૭ના અન્વેષણ દરમ્યાન પગારબિલ અને અન્ય સંબંધિત સાધનિક રેકર્ડની ચકાસણી કરતાં હિસાબી વર્ષ દરમ્યાન કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા નીચેની વિગતે અજમાયશી સમયગાળા દરમ્યાન વાર્ષિક ઈજાફા છોડવામાં આવેલ છે. જે અંગેની નીચે મુજબની ઓડિટ નોંધ આપવામા આવે છે.

| ક્રમ | નામ | હોદો | અજમાયશી સમયગાળાની મુદત | હાજર થયા તારીખ | અજમાયશી સમયગાળો પુર્ણ થયા તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ડો.એસ.બી.દેશપાંડે | આચાર્ય, પશુપાલન પોલિટેકનિક, હિંમતનગર | ૨ | ૦૧/૦૪/૨૦૧૫ | ૩૧/૦૩/૨૦૧૭ |
| ૨ | વિમલ એમ.રામાણી | આચાર્ય, અમરેલી ડેરી સાયન્સ કોલેજ | ૨ | ૨૧/૦૬/૨૦૧૬ | ૨૦/૦૬/૨૦૧૮ |

૧. ઉક્ત કોષ્ટકની વિગતો જોતા પશુપાલન પોલિટેકનીક, હિંમતનગરમાં આચાર્ય તરીકે ફરજ બજાવતા ડૉ. એસ.બી.દેશપાન્ડે તારીખ ૦૧-૦૪-૨૦૧૫ ના રોજ કામધેનુ યુનિવર્સિટી ખાતે હાજર થયેલ હતા. તેમના નિમણૂંક ઓર્ડરની શરત-૧ મુજબ સદર જગ્યાનો અજમાયશી સમયગાળો ૨ વર્ષનો રહેશે. તે દરમ્યાન ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો - ૨૦૦૨ માં નિયમ-૩૯ ના પેટા નિયમ-૧(ક) માં કર્મચારીના અજમાયશી સમય દરમ્યાન તેને પગાર ધોરણનો ન્યુનતમ પગાર મળશે, પરંતુ સંસ્થા દ્વારા તેમના અજમાયશી સમયગાળા દરમ્યાન વાર્ષિક ઈજાફા છોડવામાં આવેલ છે. ખરેખર વાર્ષિક ઈજાફા અજમાયશીની મુદત સફળતાપૂર્વક પૂર્ણ કર્યા બાદ જ્યારે તેમણે સેવા કે સંવર્ગમાં નિમણૂંક આપવામાં આવે કે તેમા કાયમી કરવામાં આવે ત્યારે અજમાયશીનો સમયગાળો ફરજ પરનો ગણી પગાર ધોરણમાં તેનો પગાર નક્કી કરવામાં આવશે. અજમાયશી સમયગાળા દરમ્યાન ઈજાફા ક્યા નિયમ અંતર્ગત છોડવામાં આવેલ છે. જે અંગે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

૨. અમરેલી ડેરી સાયન્સ કોલેજમાં આચાર્ય તરીકે ફરજ બજાવતા વિમલ.એમ.રામાણી તારીખ ૨૧-૦૬-૨૦૧૬ ના રોજ કામધેનુ યુનિવર્સિટી ખાતે હાજર થયેલ હતા. તેમના નિમણૂંક ઓર્ડરની શરત-૧ મુજબ સદર જગ્યાનો અજમાયશી સમયગાળો ૨ વર્ષનો રહેશે. તે દરમ્યાન ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો-૨૦૦૨ માં નિયમ-૩૯ ના પેટા નિયમ-૧(૬) માં કર્મચારીના અજમાયશી સમય દરમ્યાન તેને પગાર ધોરણનો ન્યુનતમ પગાર મળશે. પરંતુ સંસ્થા દ્વારા તેમના અજમાયશી સમયગાળા દરમ્યાન વાર્ષિક ઈજાફા છોડવામાં આવેલ છે. ખરેખર વાર્ષિક ઈજાફા અજમાયશીની મુદત સફળતાપૂર્વક પૂર્ણ કર્યા બાદ જ્યારે તેમણે સેવા કે સંવર્ગમાં નિમણૂંક આપવામાં આવે કે તેમા કાયમ કરવામાં આવે ત્યારે અજમાયશીનો સમયગાળો ફરજ પરનો ગણી પગાર ધોરણમાં તેનો પગાર નક્કી કરવામાં આવશે. અજમાયશી સમયગાળા દરમ્યાન ઈજાફા કયા નિયમ અંતર્ગત છોડવામાં આવેલ છે. જે અંગે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

અત્રેની યુનિવર્સિટી ખાતે સીધી ભરતીથી પ્રિન્સીપાલની જગ્યા પર પસંદગી પામતા માન. અધ્યક્ષશ્રી વ - મંત્રીશ્રી (કૃષિ) ના અધ્યક્ષ સ્થાને તા. ૨૭/૦૩/૨૦૧૫ ના રોજ યોજાયેલ રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદની અગીયારમી બેઠકની કાર્યવાહી નોંધ મુજબ રાજ્યની કૃષિ યુનિવર્સિટીમાંથી ફરજ બજાવતા અધિકારી/કર્મચારી જો કામધેનુ યુનિવર્સિટીમાં પસંદગી પામે તો તેમની અગાઉની સેવા સળંગ ગણી કાર્યવાહી કરવાની રહેતી હોવાથી, અત્રેની યુનિવર્સિટીના નિયામક મંડળની બેઠકમાં લેવાયેલ નિર્ણય અનુસાર તેઓની સેવાઓ સળંગ ગણી આગળની નોકરીના એલપીસીના આધારે પગાર રક્ષિત કરવામાં આવેલ હતો. આ પ્રકારે તેઓનો પગાર રક્ષિત કરવાનો હોઈ અને આગળની સેવાઓ સળંગ ગણવાની હોય, તેઓનો ઈજાફો છોડવામાં આવેલ હતો.

ડો. વી.એમ.રામાણી કામધેનુ યુનિવર્સિટીની અંગભૂત સંસ્થા કોલેજ ઓફ ડેરી સાયન્સ, અમરેલી ખાતે સહપ્રાધ્યાપક તરીકે ફરજ બજાવતા હતા. જેમાં તેઓનો અજમાયશી સમયગાળો પૂર્ણ કરીને નિયમિત નિમણૂંક આપવામાં આવેલ હતી. ડો.રામાણી, કોલેજ ઓફ ડેરી સાયન્સ, અમરેલી ખાતે સીધી ભરતીથી આચાર્યશ્રીની જગ્યા પર પસંદગી પામતા તેઓશ્રીને તા.૨૧/૦૬/૨૦૧૬ ના રોજ નિમણૂંક આદેશ આપેલ હતો, તથા તેઓએ તા. ૦૧/૦૭/૨૦૧૬ સુધી સહપ્રાધ્યાપકની જગ્યાનો પગાર ઓપ્ટ કરવા તથા તા. ૦૨/૦૭/૨૦૧૬ થી આચાર્ય, કોલેજ ઓફ ડેરી સાયન્સની જગ્યાઓ પગાર ઓપ્ટ કરવા ઓપ્શન ફોર્મ આપેલ હતું. જે મુજબ તેઓને સહપ્રાધ્યાપકની જગ્યાના પગારમાં ઈજાફો છોડવામાં આવેલ હતો. અને ત્યાર બાદ તેઓએ આચાર્યની જગ્યાનો પગાર મેળવેલ છે.

ઉપરોક્ત બાબતો સિવાય યુનિવર્સિટીની થયેલ ભરતીમાં અજમાયશી સમયગાળો પૂર્ણ થયા બાદજ ઈજાફો છોડવામાં આવેલ છે. જે આપની જાણ સારું. આમ છતાં આ બાબતનું ભવિષ્યમાં ધ્યાન રાખવામાં આવશે. જે વિદિત થવા વિનંતી.

(૩) કામધેનુ યુનિવર્સિટીમાં કુલસચિવશ્રીની અને નાયબ કુલસચિવની ૧ જગ્યા નામ. સરકારશ્રી દ્વારા મંજૂર થયેલ છે. જેમાંથી નાયબ કુલસચિવની જગ્યા ભરાઈ ગયેલ છે. પરંતુ કુલસચિવશ્રીની જગ્યા ત્રણ વખત જાહેરાત આપી પ્રયત્ન કરવા છતાં ભરાયેલ ન હતી. આવા સંજોગોમાં કુલસચિવશ્રીની જગ્યા ઉપર નાયબ કુલસચિવશ્રીને ચાર્જ

૩ કામધેનુ યુનિવર્સિટી ખાતે નાયબ કુલ સચિવ તરીકે ફરજ બજાવતા શ્રી મનિષ જે. ગુપ્તા તારીખ ૨૯–૦૪–૧૫ ના રોજ હાજર થયેલ હતા. તેમના તા.૨૪–૦૩–૨૦૧૫ ના નિમણૂંક ઓર્ડરની શરત–૧ મુજબ સદર જગ્યાનો અજમાયશી સમયગાળો ૨ વર્ષનો રહેશે. જે ખરેખર અજમાયશી સમયગાળો તારીખ ૨૮–૦૪–૧૭ ના રોજ પુરો થાય. પરંતુ સંસ્થા દ્વારા તે અજમાયશી સમયગાળામાં ઘટાડો કરીને ૧ વર્ષ કરવામાં આવેલ છે, અને અજમાયશી સમયગાળો તા. ૨૮–૦૪–૧૬ ના રોજ પુર્ણ કરવામાં આવેલ છે. અજમાયશી સમયગાળામાં ફેરફાર કયા નિયમ અંતર્ગત કરવામાં આવેલ છે, જે અંગે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

આમ, ઉક્ત ક્રમ નં ૧ થી ૩ માં જણાવ્યા મુજબ સરકારશ્રીના કયા નિયમો/જોગવાઈઓ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે. તેની ઓડિટને આધારસહ ખાત્રી કરાવવી અને જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

સંસ્થાએ પ્રા.વાંધા ક્રમાંક: ૪૭ નો કરેલ જવાબ મૂળ ફકરા સાથે સુસંગત ન હોઈ જવાબ ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી. તો ફકરામાં જણાવેલ વિગતે આધારસહ ખાત્રી કરાવવી ઘટે.

આપવાનો થાય. પરંતુ જો નાયબ કુલસચિવ પોતે જ અજમાયશી હોય તો યુનિવર્સિટીની કામગીરીમાં અડચણ ઉભી થાય તેમજ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત થાય. જેથી આવી બિનજરૂરી પ્રશ્નો ટાળી શકાય તે હેતુથી તથા જે જગ્યાનો ચાર્જ આપવાનો છે તે કુલસચિવશ્રીની જગ્યાના ભરતી નિયમો મુજબ અજમાયશી સમયગાળો ૧ વર્ષ નીયત થયેલ હોય, ઉકત તમામ બાબતો ધ્યાને લઈ યુનિવર્સિટીના બહોળા હિતાર્થે, અત્રેની યુનિવર્સિટીની નિયામક મંડળની તા.૧૭/૦૬/૨૦૧૬ ની બેઠકમાં લેવાયેલ નિર્ણય અનુસાર નાયબ કુલસચિવશ્રીનો અજમાયશી સમયગાળો બે વર્ષથી ઘટાડીને, એક વર્ષનો કરવામાં આવેલ હતો, અને તે મુજબ શ્રી મનિષ જે.ગુપ્તાનો અજમાયશી સમયગાળો પૂર્ણ કરવાના આદેશો કરવામાં આવેલ છે જેની નકલ ઓડિટ ફકરાના જવાબો સાથે સામેલ કરી મોકલી આપવામા આવેલ છે.

આમ ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ સદર ફકરાને માંડવાળ કરવા વિનંતી.

**ફકરા નં. ૯ નોટિસ પે ભર્યા સિવાય ફરજ પરથી મુક્ત કરવામાં જણાયેલ અનિયમિતતા બાબત.**

૧. ગુજરાત સરકરના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક ખરચ/ ૨૦૦૨/ ૫૭/ ઝ.૧ તા. ૧૬/૦૨/૨૦૦૬ થી રાજ્ય સરકારના વર્ગ–૩ અને વર્ગ–૪ ના તમામ સંવર્ગોમાંની જગ્યાઓ ઉપર સીધી ભરતીની નિમણૂંકો ફીક્સ પગારના અજમાયશી તરીકે કરવાની યોજના છે. રાજ્ય સરકાર હેઠળની તમામ સેવા/નોકરીઓમાં નવી સીધી ભરતી, પ્રથમ પાંચ વર્ષ માટે ફીક્સ પગારથી કરવામાં આવેલ છે, અને ફીક્સ પગારમાં નિમણૂંકો નિયત ભરતી પ્રક્રિયા પ્રમાણે જ થનાર હોઈ તેમજ માસિક ફીક્સ પગારમાં પાંચ વર્ષ પૂર્ણ કર્યા પછી આ યોજના હેઠળ નિમાયેલ ઉમેદવારને નિયમિત પગાર ધોરણમાં નિમણૂંક આપવામાં આવનાર હોઈ, આ એક નિયમિત ભરતી જ છે.

૨. નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: ખરચ/ ૨૦૦૨/ ૫૭/ ઝ.૧, તા. ૧૬/૦૨/૨૦૦૬ ની બોલીઓ અને શરતોના મુદ્દા નં–૨ મુજબ જો નિમણૂંક મેળવનાર ઉમેદવાર એક માસની નોટીસ અથવા એક માસની ફીક્સ પગારની રકમ સાથેનો નોટિસ પગાર આપીને સેવા/નોકરીનો અંત લાવી શકાશે.

કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરના હિસાબી વર્ષ ૨૦૧૬–૧૭ના અન્વેષણ દરમ્યાન સેવાપોથી, ભરતી સબંધિત સાધનિક રેકર્ડ, અંગત ફાઈલોની ચકાસણી કરતાં હિસાબી વર્ષ દરમ્યાન કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા નીચેની વિગતે નોટિસ પે ની વસુલાત લીધા સિવાય સેવા/નોકરીનો અંત લાવવામાં આવેલ છે. જે અંગે નીચે મુજબની ઓડિટ નોંધ આપવામાં આવે છે.

| ક્રમ | નામ | જુની જગ્યાનો હોદો | નવી જગ્યાનો હોદો | ફરજ પરથી છુટા થયા તારીખ | જુની જગ્યાનો છેલ્લા માસનો પગાર | વસુલાત પાત્ર રકમ |
|---|---|---|---|---|---|---|
| ૧ | જસ્મિન જે ચોવટીયા | હેડ કલાર્ક | અધિક્ષક | ૦૯–૦૮–૧૬ | ૧૫,૦૦૦ | ૧૫,૦૦૦ |
| ૨ | શ્રીમતી રાજન વી રાણા | હેડ કલાર્ક | અધિક્ષક | ૦૭–૦૮–૧૬ | ૧૫,૦૦૦ | ૧૫,૦૦૦ |

ઉકત પ્રાથમિક વાંધા અન્વયે ઓડિટરશ્રી દ્વારા પત્રકમાં જણાવેલ કર્મચારી શ્રી જસ્મીન ચોવટીયા અને શ્રીમતી રાજન રાણા અત્રેની યુનિવર્સિટી ખાતે હેડ કલાર્ક તરીકે ફરજ બજાવતા હતા. તેઓના નિમણૂંક આદેશમાં સદર જગ્યાએથી છૂટા થવા નોટીસ પે ભરવા બાબતે કોઈ ઉલ્લેખ થયેલ ન હોય નોટીસ પે ભરાવવામાં આવેલ નથી.

આ ઉપરાંત નામ. સરકારશ્રીના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક ખરચ/૨૦૦૨૫૭/(પાર્ટ–૩)/ઝ.૧ તા. ૨૮/૦૨/૨૦૧૮ થી ઠરાવેલ છે કે ફિકસ પેના કર્મચારીને કોઈ નોટીસ પે ભરવાનો રહેશે નહિ, અને આ કેસમાં ફકત રાજીનામુ મંજૂર કરવાનું રહેશે જેની નકલ ઓડિટ ફકરાના જવાબો સાથે સામેલ કરી મોકલી આપવામા આવેલ છે. આવા કર્મચારીઓની એક માસની નોટીસ પીરીયડનો સમયગાળો માફ કરવા/ઘટાડવા માટે રાજીનામુ મંજૂર કરનાર સત્તાધિકારી તેમની કક્ષાએથી નિર્ણય લેવા સક્ષમ ગણાશે તેમ ઠરાવવામાં આવેલ છે. ઉકત બંને કર્મચારી આજ યુનિવર્સિટીના કર્મચારી હોય અને આ જ યુનિવર્સિટીમાં ઉપરની કક્ષામાં નિમણૂંક પામેલ હોય તેઓનો નોટીસ પે લેવામાં આવેલ નથી.

**આ ઉપરાંત વધુમાં જણાવવાનું કે સદર ફકરામાં જણાવેલ કર્મચારીઓ પૈકી શ્રી જસ્મીન ચોવટીયાનું અવસાન થયેલ છે. જેથી તેઓના પરિવાર પાસેથી કોઈ રીકવરી કરવાની રહેતી નથી.**

આમ ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ સદર ફકરાને માંડવાળ કરવા વિનંતી.

૧. કામધેનુ યુનિવર્સિટીમાં હાલ અધિક્ષક તરીકે તા.૧૦–૦૮–૨૦૧૬ થી ફરજ બજાવતા શ્રી જસ્મિન જે. ચોવટીયા પહેલા કામધેનુ યુનિવર્સિટીમાં તા.૧૪–૧૦–૧૫ થી હેડ ક્લાર્કમાં ફીક્સ પગારથી ફરજ બજાવતા હતા. તે દરમ્યાન કામધેનુ યુનિવર્સિટીમાં નવી અધિક્ષકની જગ્યામાં નિયત ભરતી ધોરણથી તા. ૦૬–૦૮–૧૬ થી ઓર્ડર આપવામાં આવેલ હતો. તા.૦૯–૦૮–૧૬ ના રોજ શ્રી જસ્મિન જે ચોવટીયા ફરજ મુક્ત થવા અંગેની અરજી કરેલ હતી. જેના સંદર્ભમાં યુનિવર્સિટી દ્વારા કા.યુ/ વિશિનિ/ યુ–૩/ કર્મ. / ૫૩૨–૩૪/૨૦૧૬, તા. ૦૯–૦૮–૧૬ ના આદેશથી ફરજ પરથી મુક્ત કરવામાં આવેલ હતા. જેથી તા. ૧૦–૦૮–૧૬ ના રોજ નવી અધિક્ષક (૯૩૦૦–૩૪૮૦૦/૪૬૦૦)ની જગ્યા પર કામધેનુ યુનિવર્સિટીમાં હાજર થયેલ હતા.

નાણા વિભાગના ઠરાવ ક્રમાંક ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧ તા. ૨૦૦૬ની બોલીઓ અને શરતોના મુદ્દા નં–૨ મુજબ જો નિમણૂંક મેળવનાર ઉમેદવાર એક માસની નોટિસ અથવા એક માસની ફીક્સ પગારની રકમ સાથેનો નોટિસ પગાર આપીને સેવા/નોકરીનો અંત લાવી શકાશે. જસ્મિન જે ચોવટીયા દ્વારા એક માસની નોટિસ આપવામા આવેલ નથી. તેઓ દ્વારા તા.૦૯–૦૮–૧૬ ના રોજ નોટિસ આપીને તા. ૦૯–૦૮–૧૬ રોજ સેવા/નોકરીમાંથી ફરજ.પરથી મુક્ત થયેલ છે. જેથી તા. ૧૬–૦૨–૨૦૦૬ના ઠરાવની શરત નં–૨ નુ પાલન થયેલ જણાતુ નથી. જેથી એક માસની ફીક્સ પગારની રકમ સાથેનો નોટિસ પગાર શ્રી જસ્મિન જે. ચોવટીયા પાસેથી વસુલ કરવાનો થાય. આમ, ઉકત કોષ્ટક મુજબ વસુલાત કરી સરકારશ્રીમાં જમા કરી આધારોથી ખાત્રી કરાવવી ઘટે. સંદર કર્મચારીની સેવાપોથી નવીન ન બનાવતા અગાઉની જુની જગ્યાની સેવાપોથી ચાલુ રાખવામાં આવેલ છે, જે નિયમ વિરૂધ્ધ છે. જેથી જવાબદરોથી સ્પષ્ટતા થવી ઘટે.

૨. કામધેનુ યુનિવર્સિટીમાં હાલ અધિક્ષકમાં તા. ૦૮–૦૮–૨૦૧૬ થી ફરજ બજાવતા શ્રીમતી રાજન વી. રાણા પહેલા કામધેનુ યુનિવર્સિટીમાં તા. ૧૩–૧૦–૧૫ થી હેડ કલાર્કમાં ફીક્સ પગારથી ફરજ બજાવતા હતા. તે દરમ્યાન કામધેનુ યુનિવર્સિટીમાં નવી અધિક્ષકની જગ્યામાં નિયત ભરતી ધોરણથી તા. ૦૬–૦૮–૧૬થી ઓર્ડર આપવામાં આવેલ હતો. તા.૦૬–૦૮–૧૬ ના રોજ શ્રીમતી રાજન વી. રાણા ફરજ મુક્ત થવા અંગેની અરજી કરેલ હતી. જેના સંદર્ભમાં યુનિવર્સિટી દ્વારા કા.યુ/હિ.નિયુ–૪/ફરજ મુક્ત/૨૪૮૨ એ/૨૦૧૬ તા. ૦૬–૦૮–૧૬ ના આદેશથી ફરજ પરથી મુક્ત કરવામાં આવેલ હતા. જેથી તા. ૦૮–૦૮–૧૬ ના રોજ નવી અધિક્ષક (૯૩૦૦–૩૪૮૦૦/૪૬૦૦)ની જગ્યા પર કામધેનુ યુનિવર્સિટીમાં હાજર થયેલ હતા.

નાણા વિભાગના ઠરાવ ક્રમાંક ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧ તા.૧૬/૦૨/૨૦૦૬ ની બોલીઓ અને શરતોના મુદ્દા નં–૨ મુજબ જો નિમણૂંક મેળવનાર ઉમેદવાર એક માસની નોટિસ અથવા એક માસની ફીક્સ પગારની રકમ સાથેનો નોટિસ પગાર આપીને સેવા/નોકરીનો અંત લાવી શકાશે. શ્રીમતી રાજન વી.રાણા દ્વારા એક માસની નોટિસ આપવામાં આવેલ નથી. તેઓ દ્વારા તા.૦૬–૦૮–૧૬ ના રોજ નોટિસ આપી ને તા.૦૭–૦૮–૧૬ રોજ સેવા/નોકરી માથી ફરજ પરથી છુટા થયેલ છે. જેથી તા.૧૬–૦૨–૨૦૦૬ ના ઠરાવની શરત નં–૨ નુ પાલન થયેલ જણાતુ નથી. જેથી એક માસની ફીક્સ પગારની રકમ સાથેનો નોટિસ પગાર શ્રીમતી રાજન વી. રાણા પાસેથી વસુલ કરવાનો થાય. આમ ઉકત કોષ્ટક મુજબ વસુલાત કરી સરકારશ્રીમાં જમા કરી આધારોથી ખાત્રી કરાવવી ઘટે. સદર કર્મચારીની સેવાપોથી નવીન ન બનાવતા અગાઉની જુની જગ્યાની સેવાપોથી ચાલુ રાખવામાં આવેલ છે. જે નિયમ વિરૂધ્ધ છે. જેથી જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

સંસ્થાએ પ્રા.વાંધા ક્રમાંક: ૪૧ નો કરેલ જવાબ મૂળ ફકરા સાથે સુસંગત ન હોઇ જવાબ ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી. તો ફકરામાં જણાવેલ વિગતે આધારસહ ખાત્રી કરાવવી ઘટે.

| | |
|---|---|
| વસુલાતઃ૩૦,૦૦૦/-<br>સદરઃપશુપાલન | |
| **ફકરા નં. ૧૦ પરિવહન ભથ્થુ લેવામાં જણાયેલ અનિયમિતતા બાબત** | |
| ગુજરાત સરકારના રાજપત્ર તા. ૦૭-૦૭-૨૦૦૯ થી કામધેનુ યુનિવર્સિટીની રચના કરવામાં આવેલ છે. તેને કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક-કપય/૧૪૨૦૧૪/૨૬૭૩/પી.૧ તા. ૦૧-૧૨-૨૦૧૪ થી ચાર કૃષિ યુનિવર્સિટીના સામાન્ય સ્ટેચ્યુટ લાગુ પાડવામાં આવેલ છે. જો સંસ્થા દ્વારા કોઇ સ્ટેચ્યુટ બનાવવામાં આવે અથવા હાલના કોઇ સ્ટેચ્યુટમાં સુધારો કરવામાં આવે તો રાજપત્રમાં પ્રકરણ-૬ ના કલમ-૩૬ ના પેટા કલમ-૫ મુજબ બોર્ડ દ્વારા પસાર કરેલ કોઇ સ્ટેચ્યુટની કુલાધિપતિ અનુમતિ ન આપે ત્યા સુધી કાયદેસર ગણવામાં આવશે નહી, તેવી જોગવાઇ કરવામાં આવેલ છે. કામધેનુ યુનિવર્સિટીના રાજપત્રના પ્રકરણ-૨ ના કલમ નં-૮ ના કલમ નં-૨૩ માં પગાર ધોરણ અને ભથ્થાનો અમલ રાજ્ય સરકારની મંજુરીથી કરવાના રહેશે.<br>કામધેનુ યુનિવર્સિટી. ગાંધીનગરના હિસાબી વર્ષ ૨૦૧૬-૧૭ના અન્વેષણ દરમ્યાન વાર્ષિક હિસાબ, પગારબિલ અને અન્ય સબંધિત સાધનિક રેકર્ડની ચકાસણી કરતા હિસાબી વર્ષ દરમ્યાન કર્મચારીઓને પરિવહન ભથ્થા પેટે રૂ. ૩.૩૯ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. કામધેનુ યુનિવર્સિટીના સ્ટેચ્યુટ ઉપલબ્ધ ન હોવાથી, કૃષિ અને સહકાર વિભાગ ઠરાવ ક્રમાંક: KPY-142014-2673-P.1 તા.૦૧-૧૨-૨૦૧૪ થી ગુજરાત એગ્રિકલ્ચર યુનિવર્સિટીના કોમન સ્ટેચ્યુટ ૨૦૧૧ અમલ કરવાની મંજુરી આપવામાં આવેલ છે તથા અન્ય ચાર કૃષિ યુનિવર્સિટીમાં કર્મચારીઓને પરિવહન ભથ્થુ ચૂકવવા માટે સ્ટેચ્યુટમાં જોગવાઇ થયેલ નથી. કામધેનુ યુનિવર્સિટીના આ ચાર કૃષિ યુનિવર્સિટીના સામાન્ય સ્ટેચ્યુટ લાગુ પડતા હોવાથી પરિવહન ભથ્થુ આપી શકાય નહી. તેમ છતા કામધેનુ યુનિવર્સિટીમાં કર્મચારીઓને પરિવહન ભથ્થા પેટે રૂ.૮૦૦, ૧૬૦૦ આપવામાં આવેલ છે.<br>આમ છતાં, કામધેનુ યુનિવર્સિટીને પરિવહન ભથ્થા આપવાના સરકારશ્રીના કોઇ આદેશ થયેલ હોઇ અથવા કોઇ સ્ટેચ્યુટ બનાવવામાં આવેલ હોય કે સુધારો કરેલ હોય તો બોર્ડ દ્વારા પસાર કરેલ સ્ટેચ્યુટ અને કુલાધિપતિ દ્વારા પસાર કરેલ સ્ટેચ્યુટને મંજુરી આપવા અંગેના હુકમો રજુ કરવા જણાવેલ છે. તેમ છતા આ અંગેની વિગતો ઓડિટ સમક્ષ રજુ કરવામાં આવેલ નથી.<br>સંસ્થાએ પ્રા.વાંધા ક્રમાંક: ૪૮ નો કરેલ જવાબ મૂળ ફકરા સાથે સુસંગત ન હોઇ જવાબ ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી. તો ફકરામાં જણાવેલ વિગતે આધારસહ ખાત્રી કરાવવી ઘટે. | રાજય સરકાર દ્વારા પશુપાલન, પશુચિકિત્સા, ડેરી અને મત્સ્ય વિજ્ઞાનના શિક્ષણ, સંશોધન અને વિસ્તરણની પ્રવૃત્તિને વેગ આપવા માટે કામધેનુ યુનિવર્સિટી અધિનિયમ-૨૦૦૯ થી યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવેલ છે.<br>પરિવહન ભથ્થુ ચુકવવા બાબતે કામધેનુ યુનિવર્સિટીના અધિકારીઓ તથા વિભાગના નાયબ સચિવ અને સચિવશ્રી નાણા વિભાગ સાથે બજેટ ફાળવણીની મંજૂરી સમયે તત્કાલીન અધિકારીશ્રીઓ દ્વારા સચિવશ્રી નાણા વિભાગની કચેરીમાં પુખ્ત વિચારણાને અંતે કામધેનુ યુનિવર્સિટીના કર્મચારીઓને નીચેના મુદ્દાઓને ધ્યાને લઈ પરિવહન ભથ્થું ચૂકવવા બાબતે ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થા) નિયમો ૨૦૦૨ ના નિયમ ૪૦ (૨) (૨) ને આધીન નિર્ણય કરવામાં આવેલ. ત્યારબાદ સરકારશ્રી દ્વારા નાણા વિભાગની મંજૂરી મેળવી પરિવહન ભથ્થાની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ હતી અને નાણા વિભાગ દ્વારા જોગવાઈ માન્ય રાખી હતી. કામધેનુ યુનિવર્સિટી નવી હોવાથી સરકાર કક્ષાએથી અને અન્ય યુનિવર્સિટીઓમાંથી તજજ્ઞ સ્ટાફની પ્રતિનિયુક્તિ હેઠળ સેવાઓ ફાળવવામાં આવતી હોય છે, જેથી સરકારશ્રીના કર્મચારીઓને પરિવહન ભથ્થું ચૂકવવામાં આવે અને સાથે સમાન કામગીરી કરતા અધિકારીઓને પરિવહન ભથ્થું ચૂકવવામાં ન આવે તો ભથ્થા ચૂકવવા બાબતે વિસંગગતા જણાતી હતી.સરકારશ્રી દ્વારા કામધેનુ યુનિવર્સિટીનું મુખ્ય મથક ગાંધીનગર નિયત થયેલ હોવાથી હાલ કર્મયોગી ભવન ખાતે કાર્યરત છે, તેમજ કૃષિ અને સહકાર વિભાગ હેઠળની કૃષિ યુનિવર્સિટી પરિષદ, કૃષિભવન, ગાંધીનગરમાં કચેરી છે તેમાં રાજ્યની અન્ય કૃષિ યુનિવર્સિટીઓમાંથી પ્રતિનિયુક્તિ સેવા પર ફરજ બજાવતા તથા નિયમિત કર્મચારીઓને પરિવહન ભથ્થું ચૂકવવામાં આવે છે તે મુજબ કામધેન યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે કાર્યરત છે તેથી સચિવાલય તથા અન્ય કચેરીઓમાં કર્મચારી દ્વારા કામગીરી અર્થે સામાન્યતઃ પોતાના અંગત વાહનનો ઉપયોગ કરતા હોય છે તેથી મુખ્ય મથકના કર્મચારીઓને પરિવહન ભથ્થું મંજૂર કરવામાં આવેલ હતું.<br>રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓના કેમ્પસમાં જ રહેઠાણની વ્યવસ્થા હોવાથી રાજ્યની કૃષિ યુનિવર્સિટીમાં પરિવહન ભથ્થુ ચૂકવવામાં આવતું નથી, તેમજ સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાં કર્મચારીઓને પાલનપુર |

<table>
<tr>
<td></td>
<td>થી દાંતીવાડા આવવા જવા માટે રાહત દરે બસ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. જ્યારે શિક્ષણ વિભાગ હેઠળની તથા અન્ય વિભાગ હેઠળની ગ્રાન્ટઇન એઇડ યુનિવર્સિટીઓ જેવી કે ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી, ફોરેન્સીક યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, જામનગર આયુર્વેદ યુનિવર્સિટી, રક્ષા શક્તિ યુનિવર્સિટી વગેરે યુનિવર્સિટીના કર્મચારી/અધિકારીઓને અમારી જાણ મુજબ પરિવહન ભથ્થુ ચુકવવામાં આવે છે તે આધારે કામધેનુ યુનિવર્સિટીના કર્મચારીઓને મંજુર કરવામાં આવેલ છે.<br><br>કામધેનુ યુનિવર્સિટી ગાંધીનગર ખાતે કાર્યરત છે પરંતુ સરકારશ્રી દ્વારા આજ દિન સુધી કામધેનુ યુનિવર્સિટીના કર્મચારીઓ/ અધિકારીઓને યુનિવર્સિટી કે સરકાર કક્ષાએથી આવાસ ફાળવણી કરવામાં આવેલ નથી. કર્મચારી અને અધિકારીઓ સામાન્ય સંજોગોમાં કચેરીથી દૂર ભાડાના મકાનમાં રહેતા હોય છે યુનિવર્સિટીના કર્મચારીઓ/અધિકારીઓને યુનિવર્સિટી કક્ષાએથી કર્મચારીના રહેઠાણથી કચેરી સુધી આવવા જવા માટે બસ કે અન્ય વાહનની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ ન હતું.<br><br>કામધેનુ યુનિવર્સિટી રાજ્ય સરકારની ૧૦૦% ગ્રાન્ટ મેળવે છે તેમજ અમારું માનવું છે કે જે શૈક્ષણિક સંસ્થાઓ ટ્રસ્ટ સંચાલિત કે મંડળ સંચાલિત હોય તે કર્મચારીઓ ટ્રસ્ટ કે મંડળના કર્મચારીઓ હોવાથી તેઓને પરીવહન ભથ્થુ ચૂકવવામાં આવતું નથી. જ્યારે કામધેનુ યુનિવર્સિટીને દરેક સરકારી ધારાધોરણો લાગુ પડતા હોવાથી તથા સો ટકા સરકારી ગ્રાન્ટ મેળવતી હોવાથી રાજ્યની અન્ય શિક્ષણ સંલગ્ન યુનિવર્સિટીઓની જેમ જ કામધેનુ યુનિવર્સિટીના વહીવટી કર્મચારી / અધિકારીઓને પણ પરિવહન ભથ્થુ ચૂકવવામાં આવેલ છે. હાલ વહીવટી અધિકારીઓને પરિવહન ભથ્થું ચુકવણું બંધ કરેલ છે.<br><br>આમ ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ સદર ફકરાને માંડવાળ કરવા વિનંતી.</td>
</tr>
<tr>
<td>ફકરા નં.૧૧ કામધેનુ યુનિવર્સિટી અધિનિયમ-૨૦૦૯ હેઠળ સોપાયેલ કાર્યો ન કરવા બાબત</td>
<td></td>
</tr>
<tr>
<td>ગુજરાત સરકારના રાજપત્ર તા. ૦૭-૦૭-૨૦૦૯ થી કામધેનુ યુનિવર્સિટીની રચના કરવામાં આવેલ છે. રાજ્ય સરકાર દ્વારા ૦૭ જુલાઇ ૨૦૦૯ના એક્સ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટથી કામધેનુ યુનિવર્સિટી ગાંધીનગરને જુદા જુદા કાર્યો કરવા માટે ગેઝેટના પ્રકરણ-૧ થી ૧૦ માં જોગવાઈ કરવામાં આવેલ છે. જે અન્વયે નિયત થયેલા કાર્યો સામેલ પરિશિષ્ટ-૨માં જણાવેલ વિગતે સંસ્થા દ્વારા સ્થાપના થયેથી ઓડિટ વર્ષ ૨૦૧૬-૧૭ સુધી કરવામાં આવેલ નથી.<br><br>સંસ્થા દ્વારા સદર નાણાકીય વર્ષમાં રૂ. ૧૭,૫૫,૦૨,૯૧૦.૯૬ ની બચત રકમ રહેલ છે, તેમ છતા સંસ્થા દ્વારા પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાનોમાં સંશોધન કરવા, વિસ્તરણ કાર્યક્રમો દ્વારા સંશોધનોના તારણો, ટેકનોલોજી અને ટેકનિકલ, માહિતીના પ્રસાર, બીજી કોઈ યુનિવર્સિટીમાંથી મંજુર કરેલ અભ્યાસક્રમ/સંશોધન કાર્ય પુર્ણ કરેલ હોય તેઓની</td>
<td><u>વિસ્તરણ શિક્ષણલક્ષી થયેલ કામગીરી</u><br>• વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન પશુપાલકો તથા પશુચિકિત્સકોને પ્રશિક્ષણ કાર્યક્રમો તથા અન્ય માધ્યમોથી સંશોધનનાં તારણો પહોંચાડવાની કામગીરી કરવામાં આવેલ છે.<br>• કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા તા.૨૮-૦૧-૨૦૧૬ નાં રોજ મુ. લક્ષ્મીપુરા, તા. ખેડબ્રમ્હા જી. સાબરકાંઠા ખાતે "ઊંટ સારવાર" કેમ્પનું</td>
</tr>
</table>

પરીક્ષા લેવી અને પદવીઓ, ડિપ્લોમા અને પ્રમાણપત્રો આપવા, નિયમિત વિદ્યાર્થીઓ તરીકે નોંધાયેલા ન હોય તેવા ક્ષેત્રીય કાર્યકરો, ગામના આગેવાનોને પ્રશિક્ષણ અને તાલીમની જોગવાઈ કરવી, રાજયમાં સુકા વિસ્તાર અને અછત સંભવિત વિસ્તારોનો સંબધમાં પશુચિકિત્સા, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ માટેની વ્યવસ્થા કરવી. જેવા કાર્યો સંસ્થા દ્વારા કરવામાં આવેલ નથી.

સંસ્થાએ પ્રા.વાંધા ક્રમાંક: ૫જ નો કરેલ જવાબ મૂળ ફકરા સાથે સુસંગત ન હોઈ જવાબ ગ્રાહ્ય રાખવામાં આવતો નથી. તો ફકરામાં જણાવેલ વિગતે આધારસહ ખાત્રી કરાવવી ઘટે.

**વર્ષ ૨૦૦૯–૧૦ થી ૨૦૧૬–૧૭ સુધીના કામધેનુના કાર્યોની માહિતીનું પરિશિષ્ટ–૨**

| ક્રમ | વિગત | ૨૦૦૯–૧૦ | ૨૦૧૦–૧૧ | ૨૦૧૧–૧૨ | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ | ૨૦૧૬–૧૭ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાનોમાં સંશોધન કરવા | ના | ના | ના | ના | ના | ના | ના | ના |
| ૨ | વિસ્તરણ કાર્યક્રમો દ્વારા સંશોધનોના તારણો, ટેકનોલોજી અને ટેકનિકલ માહિતીના પ્રસાર | ના | ના | ના | ના | ના | ના | ના | ના |
| 3 | બીજી કોઈ યુનિવર્સિટીમાંથી મંજુર કરેલ અભ્યાસક્રમ / સંશોધન કાર્ય પૂર્ણ કરેલ હોય તેઓની પરીક્ષા લેવી અને પદવીઓ, ડિપ્લોમા અને પ્રમાણપત્રો આપવા | ના | ના | ના | ના | ના | ના | ના | ના |

આયોજન કરી વિસ્તરણનું કાર્ય કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં અંદાજીત ૧૦૦ જેટલા ઊંટનાં પ્રાથમિક નિદાન તથા તે પૈકીનાં વધુ બીમાર પશુઓની ઘનિષ્ઠ સારવારનું આયોજન કરવામાં આવેલ હતું જેની નકલ ઓડિટ ફકરાના જવાબો સાથે સામેલ કરી મોકલી આપવામા આવેલ છે.

- વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી દ્વારા વર્ષ ૨૦૧૫–૧૬ દરમ્યાન ઈ–મીડિયા તથા અન્ય માધ્યમો ધ્વારા કામધેનુ યુનિવર્સિટીની વિસ્તરણ પ્રવૃત્તિઓનો પ્રચાર–પ્રસાર કરવામાં આવેલ હતો. જેની નકલ ઓડિટ ફકરાના જવાબો સાથે સામેલ કરી મોકલી આપવામા આવેલ છે.
- વીડીયો સોંગનાં માધ્યમ દ્વારા કામધેનુ યુનિવર્સિટીનું ગીત તૈયાર કરવામાં આવેલ.
- વિદ્યાર્થીઓ તથા નાગરિકોને સરળતાથી માહિતી મળી રહે તે માટે અત્રેની કચેરી દ્વારા "કોર્ષ સિલેબસ ફોર ડીપ્લોમા ઈન એનિમલ હસ્બન્ડરી" તથા "રેગ્યુલેશન ફોર એફીલેશન ઓફ પોલિટેકનિક ઈન એનિમલ હસબન્ડરી" પુસ્તક પ્રકાશિત કરવમાં આવેલ.
- પશુપાલકો માટે "મહિલા પશુપાલન તાલીમ કાર્યક્રમ" પુસ્તક પ્રકાશિત કરવામાં આવેલ.
- કામધેનુ યુનિવર્સિટીની વિવિધ માહિતી નાગરિકો સુધી પહોચે તે માટે "કલરવ" દ્વિ–માસિક મેગેઝીન પ્રકાશિત કરવામાં આવેલ.

- **અછત સંભવિત વિસ્તારોના સબંધમાં પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાનોમાં વિસ્તરણ શિક્ષણ માટે વર્ષ ૨૦૧૫–૧૬માં થયેલા કાર્યો**

| ક્રમ | પ્રકાર | તારીખ | સ્થળ | લાભાર્થીની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | તાલીમ | ૧૨/૧/૨૦૧૬ મંગળવાર | સાબરડેરી,હિંમતનગર | ૮૦ મહિલા પશુપાલક |
| ૨ | સારવાર કેમ્પ | ૨૮/૧/૨૦૧૬ ગુરુવાર | મુ.લક્ષ્મીપુરા, તા. ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા | અંદાજીત ૧૦૦ ઊંટ |

**શિક્ષણ અંગેની થયેલ કામગીરી**

- ઓડિટરશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર દ્વારા આપેલ ફકરા નં. ૧૦ અન્વયે જણાંવવાનું કે ફકરા સાથે સામેલ પત્રકના ક્રમ ૩ અને ૮

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | નિયમિત વિદ્યાર્થીઓ તરીકે નોંધાયેલા ન હોય તેવા ક્ષેત્રીય કાર્યકરો, ગામના આગેવાનોને પ્રશિક્ષણ અને તાલીમની | ના | ના | ના | ના | ના | ના | ના | ના |
| ૫ | ઠરાવવામા આવે તેટલી ફી અને બીજા ચાર્જ નક્કી કરવા અને વસુલ કરવા | ના | ના | ના | ના | ના | ના | હા | ના |
| ૬ | રાજયમાં સુકા વિસ્તાર અને અછત વિસ્તારોનો સંબંધમાં સંભવિત પશુચિકિત્સા સંશોધન અને વિસ્તરણ શિક્ષણ માટેની વ્યવસ્થા કરવી. | ના | ના | ના | ના | ના | ના | ના | ના |
| ૭ | ભારત સરકાર અને રાજ્ય સરકારો હેઠળની સેવાઓમાં ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓની | ના | ના | ના | ના | ના | ના | ના | ના |

અત્રેની કચેરીને લાગુ પડે છે. જે અન્વયે અત્રેની કચેરી દ્વારા કરેલ કામગીરીની વિગતો નીચે મુજબ છે.

- અત્રેની યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૦૯–૧૦ થી ૨૦૧૬–૧૭ દરમ્યાન સામેલ પત્રક–૨ ની વિગતે રાજયમાં ડિપ્લોમા, સ્નાતક, અનુસ્નાતક શિક્ષણ માટેની વ્યવસ્થા કરવામાં આવેલ છે અને વિદ્યાર્થીઓને સંલગ્ન વિષયમાં પદવી/પ્રમાણપત્ર આપવામાં આવેલ છે. (જેની નકલ ઓડિટ ફકરાના જવાબો સાથે સામેલ કરી મોકલી આપવામા આવેલ છે.)
- અત્રેની યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૦૯–૧૦ થી ૨૦૧૬–૧૭ દરમ્યાન આ સાથે સામેલ પત્રક–૧ ની વિગતેની શૈક્ષાણિક સંસ્થાઓને જોડાણ આપેલ છે (જેની નકલ ઓડિટ ફકરાના જવાબો સાથે સામેલ કરી મોકલી આપવામા આવેલ છે.)

આમ, ઉકત વિગતો ધ્યાને લઈ સદર જવાબ ગ્રાહ્ય રાખી ફકરો રદ કરવા વિનંતી છે.

**સંશોધન અંગેની થયેલ કામગીરી**

- યુનિવર્સિટી નક્કી કરે તેવા હેતુઓ માટે અને તેવી કોઇ બીજી યુનિવર્સિટીઓ અને સંસ્થાઓ સાથે સહયોગ કરવો અને સહકાર આપવો.
- વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાન અત્રેની યુનિવર્સિટી દ્વારા બીજી યુનિવર્સિટીઓ અને સંસ્થાઓ સાથેસહયોગ કરવા સહકાર આપવા માટે કુલ ચાર MoU (Memorandum of Understanding) કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.

1. National Dairy Development Board, (NDDB), Anand, Gujarat
2. Keshav Gaushala, Gandhinagar, Gujarat
3. Rajasthan University of Veterinary and Animal Sciences (RAJUVAS), Bikaner, Rajasthan

- પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાનોની લગતી કોલેજ શાળાઓ અને કેન્દ્રો સ્થાપવા અને નિભાવવા

વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાન અત્રેથી કુલ ચાલુ તથા નવી બાબતો રૂ.૮૩.૭૭ કરોડની યોજનાઓ વિભાગને સરકારશ્રીને મંજુરી માટે મોકલી આપેલ જેમાં સરકારીશ્રી દ્વારા ચાલુ બાબતે રૂ.૧૨.૭૦ કરોડની, નવી બાબતે રૂ.૧૦.૦૦ કરોડની તથા પીપીપી મોડ પર રૂ.૪.૧૫ કરોડની યોજનાઓ મંજુર થયેલ છે. ઉપરોક્ત તમામ વિગતોની નકલ ઓડિટ ફકરાના જવાબો સાથે સામેલ કરી મોકલી આપવામા આવેલ છે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | તાલીમ માટે ગોઠવણ કરવી. | | | | | | | | |
| ૮ | શૈક્ષણિક સંસ્થાઓના જોડાણ, માન્યતા,સમ્રગ અથવા અશત પાછા ખેંચવા અથવા તેમા ફેરફાર કરવો. | ના | ના | ના | ના | ના | ના | ના | ના |
| ૯ | માન્ય સંસ્થાઓના વિદ્યાર્થી સંઘો અથવા અધ્યાપકો, શૈક્ષણીક સ્ટાફ અથવા કર્મચારીઓના મંડળોની માન્યતા માટે જોગવાઈ કરવાની રહેશે | ના | ના | ના | ના | ના | ના | ના | ના |
| ૧૦ | દેણગીઓ ધરાવવાની અને વ્યવસ્થા કરવાની રહેશે. | ના | ના | ના | ના | ના | ના | ના | ના |
| ૧૧ | યુનિવર્સિટીના ઉદેશો આગળ ધપાવવા માટે જરૂરી આનુંષગિક કાર્યો હોય તેવા ઉપર્યુકત સત્તાને | ના | ના | ના | ના | ના | ના | ના | ના |

**વિદ્યાર્થી કલ્યાણલક્ષી પ્રવૃત્તિઓ અંગેની થયેલ કામગીરી**

કામધેનુ યુનિવર્સિટી ખાતેની નિયામક, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓની કચેરીના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીની અંગભૂત તેમજ સંલગ્ન કોલેજો તથા પોલીટેકનીકોમાંપ્લેસમેન્ટ/કાઉન્સેલિંગ સેલ કાર્યરત છે. જે સેલ દ્બારા સ્પર્ધાત્મક પરીક્ષાઓની તાલીમ વખતો વખત આપવામાં આવેલ છે. વર્ષભર વિદ્યાર્થીઓને જરૂરી વ્યક્તિગત કોચિંગ વિગેરે માટે જે તે કોલેજના પ્રાધ્યાપકો વ્યક્તિગત કાઉન્સેલર તરીકે કાર્ય કરે છે.

આ પ્લેસમેન્ટ/કાઉન્સેલિંગ સેલ માટે જે તે કોલેજ/પોલિટેકનિકના એક અનુભવી પ્રાધ્યાપકને સેલ કૉ–ઓર્ડીનેટર તરીકે નીમવામાં આવે છે. આ પ્લેસમેન્ટ/ કાઉન્સેલિંગ કૉ–ઓર્ડીનેટરના નેજા હેઠળ જે તે વર્ષ અભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓ વધુ અભ્યાસ તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે જરૂરી એન્ટ્રન્સ પરીક્ષા માટે સજ્જ બનાવવા હેતુસર તેઓને માર્ગદર્શન, સાહિત્ય વિગેરે પુરા પાડવામાં આવેલ છે. વધુમાં જો કોઈ વિદ્યાર્થી/ વિદ્યાર્થીની વિદેશમાં અભ્યાસ તેમજ નોકરી કરવા માંગતા હોય તેમને પણ પૂરું માર્ગદર્શન અત્રેની કચેરીના માર્ગદર્શન હેઠળજે તે પ્લેસમેન્ટ સેલ દ્બારા આપવામાં આવે છે. ઉપરોક્ત તમામ વિગતોની નકલ ઓડિટ ફકરાના જવાબો સાથે સામેલ કરી મોકલી આપવામા આવેલ છે.

આમ, ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ સદર જવાબ ગ્રાહ્ય રાખી ફકરો રદ્ઘ કરવા વિનંતી છે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | બીજા તમામ કૃત્યો અને કરવાના રહેશે. | | | | | | | | | |

**ફકરા નં. ૧૨ પ્લાનીંગ ઓફિસરની જગ્યામાં ફેરફાર કરી નવી જગ્યા ઉભી કરવામાં જણાયેલ અનિયમિતતા બાબત**

રાજ્ય સરકાર દ્વારા કામધેનુ યુનિવર્સિટી અધિનિયમ–૨૦૦૯ થી પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાન જેવા કે ડેરી પશુપાલન તથા મત્સ્ય ઉદ્યોગના શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ માટે કામધેનુ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવેલ છે. કામધેનુ યુનિવર્સિટીના સ્ટેચ્યુટ ઉપલબ્ધ ન હોવાથી ગુજરાત એગ્રિકલ્ચર યુનિવર્સિટીના નિયત થયેલ સ્ટેચ્યુટ અમલ કરવા માટે કૃષિ અને સહકાર વિભાગ ઠરાવ ક્રમાંક: KPY-142014-2673-P.1 તા.૦૧–૧૨–૨૦૧૪ થી મંજુરી આપવામાં આવેલ છે.

કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક. કપય–૨૦૦૮–૦૪–પી.૨ તા. ૦૮–૦૯–૨૦૦૮ ના આદેશથી કામધેનુ યુનિવર્સિટીના મુખ્ય મથકના કામકાજ માટે કુલ–૭૧ નુ હંગામી મહેકમ મંજુર 2, કરવામાં આવેલ હતું, અને સમયે–સમયે તે જગ્યાઓ ચાલુ રાખવાની મંજુરી સરકારશ્રીમાંથી સંસ્થા દ્વારા મેળવવામાં આવેલ છે. જેમાં પ્લાનીંગ ઓફિસરની ૧ (એક) જગ્યા મંજુર કરવામાં આવેલ હતી જે જગ્યા વર્ષ ૨૦૧૬–૧૭ માં ભરાયેલ બતાવવામાં આવેલ છે. પરંતુ ખરેખર ઓડિટ વર્ષ સુધી આવી કોઇ જગ્યા ભરવામાં આવેલ જ નથી. પ્લાનીંગ ઓફિસરની જગ્યાની સામે યુનિવર્સિટી દ્વારા એક નવી જગ્યા ઉભી કરવામાં આવી જે આસિસ્ટન્ટ પ્રોફેસર (પ્લાનીંગ) તરીકે ઓળખવામાં આવશે અને તેને વર્ષ ૨૦૧૫–૧૬ માં ભરતી જાહેરાત આપીને ભરવામાં આવેલ છે.

કામધેનુ યુનિવર્સિટીમાં મંજુર થયેલ પ્લાનીંગ ઓફિસર જગ્યા ભરવા માટે વર્ષ ૨૦૧૪–૧૫ માં જાહેરાત ક્રમાંક ૦૧–૨૦૧૪ થી ઉમેદવારી અરજીઓ મંગાવવામાં આવેલ હતી. પરંતુ સદર જગ્યા ભરાયેલ ન હતી. પ્લાનીંગ ઓફિસરની જગ્યા બિનશૈક્ષણિક ગૃપમાં સમાવેશ થાય છે. જ્યારે સંસ્થા દ્વારા તેને નિયામક મંડળની બીજી મિટીંગ તા. ૨૦–૦૩–૨૦૧૫માં આઇટમ નં–૨.૪ થી રીગૃપ કરીની શૈક્ષણિક ગૃપના Aટીચર્સ કેટેગરીમાં સમાવેશ કરતો ઠરાવ મંજુર કરવામાં આવ્યો. જે અંગેનુ નિયામક મંડળનું જાહેરનામું તા. ૦૬–૦૪–૨૦૧૫ નો રોજ બહાર પાડવામાં આવેલ હતું.

એકેડમિક કાઉન્સિલની ત્રીજી મિટીંગ તા. ૦૬–૦૫–૨૦૧૫માં આઇટમ નં–૩.૭ થી પ્લાનીંગ ઓફિસરની જગ્યા રી–ગૃપ કરીની શૈક્ષણિક ગૃપમાં સમાવેશ કરવામાં આવેલ હતો. તેનું નવું નામ આસિસ્ટન્ટ પ્રોફેસર (પ્લાનીંગ) અને તેના ભરતીના નિયમો, શૈક્ષણિક લાયકાત, ઉંમર, અનુભવ વગેરે અંગેના નવા નિયમો બાબતે ઠરાવ કરવામાં આવેલ હતો. નિયામક મંડળની ત્રીજી મિટીંગ તા.૦૭–૦૫–૨૦૧૫માં આઇટમ નં–૩.૬ થી પ્લાનીંગ ઓફિસર જગ્યાનું નામ આસિસ્ટન્ટ પ્રોફેસર (પ્લાનીંગ)તરીકે માન્ય કરવુ અને તેના ભરતીના નિયમો, શૈક્ષણિક લાયકાત, ઉંમર, અનુભવ વગેરે મંજુર કરતા ઠરાવને બહાલી આપવામાં આવી. કૃષિ યુનિવર્સિટીના સામાન્ય સ્ટેચ્યુટ–૧૧૫ અને ૧૧૬માં આસિસ્ટન્ટ પ્રોફેસર (પ્લાનીંગ)ની જગ્યા આપવામાં આવેલ નથી. જ્યારે કામધેનુ યુનિવર્સિટી દ્વારા સદર જગ્યા નવી ઉભી કરવામાં આવેલ છે. સદર જગ્યાના કાર્યો, ફરજો, લાયકાતો, નિમણૂંકની રીત, સત્તાઓ અને સેવાની શરતો નક્કી કરવાની થાય. સદર જગ્યા માટે સંસ્થા દ્વારા બોર્ડમાં સ્ટેચ્યુટ મંજુર કરાવવામાં આવેલ છે, પરંતુ ગુજરાત સરકારના રાજપત્ર તા. ૦૭–૦૭–૨૦૦૯ થી કામધેનુ યુનિવર્સિટીની રચના કરવામાં આવેલ છે. રાજપત્રમાં પ્રકરણ–૬ ના કલમ–૩૬ ના પેટા કલમ–૫ મુજબ બોર્ડ દ્વારા પસાર કરેલ કોઇ સ્ટેચ્યુટની કુલાધિપતિ અનુમતિ ન આપે ત્યા સુધી કાયદેસર ગણાશે નહી. સદર જગ્યા માટે મંજુર કરેલ સ્ટેચ્યુટની કુલાધિપતિ દ્વારા મંજુરી આપવામાં આવેલ નથી અને જો આવી અનુમતિ આપવામાં આવેલ ન હોય તો

નામ. ગુજરાત સરકારશ્રી દ્વારા અત્રેની યુનિવર્સિટી ખાતે પ્લાનીંગ ઓફીસરની જગ્યા મંજૂર કરવામાં આવેલ હતી. જેને નામ.સરકારશ્રીના તા.૧૯/૦૫/૨૦૧૬ના પરિપત્ર ક્રૂમાંકઃ– કપય–૧૧–૨૦૧૫૨૯૮૦–પી.૧ થી તા.૨૮/૦૨/૨૦૧૭ સુધી ચાલુ રાખવા મંજૂરી આપવામાં આવેલ હતી. સરકારશ્રીના ઠરાવ ક્રૂમાંકઃ– કેપીવાય–૧૪૨૦૧૪–૨૬૭૩–પી.૧ તા.૦૧/૧૨/૨૦૧૪ થી ગુજરાત રાજયની કૃષિ યુનિવર્સિટીઓના નિયત થયેલ સ્ટેચ્યુટનો અમલ કરવા મંજૂરી આપવામાં આવેલ હતી. સદર સ્ટેચ્યુટસ અનુસાર પ્લાનીંગ ઓફીસરની જગ્યાને આઈસોલેટેડ ગ્રુપ – નોન ટીચીંગ તરીકે રાખવામાં આવેલ છે. જેનુ પગારધોરણ ૧૫૬૦૦–૩૯૧૦૦ ગ્રેડ પે ૬૬૦૦ હતું. તથા આ જગ્યાના ભરતી નિયમો જોતા તેની શૈક્ષણિક લાયકાત, અનુભવ અને અન્ય વિગતો ટીચીગ કેડરને સંલગ્ન જણાતી હોય, તથા યુનિવર્સિટી કક્ષાએ પ્લાનીંગ ઓફિસરની કામગીરીમાં એન્યુઅલ ડેવલોપમેન્ટ પ્લાન, પ્રિસ્પેકટીવ પ્લાન, પરફોમન્સ બજેટ, સંશોધન અંગે મોનીટરીંગ અને ઈવેલ્યુશન તથા શૈક્ષણિક વિષયોને લગતી કામગીરી કરવાની રહેતી હોય, આ કામગીરી ટીચીંગ કેડરને લગતી હોય અને આ જગ્યાના ભરતી નિયમો અનુસાર તેની સમકક્ષ જગ્યા આસીસ્ટન્ટ પ્રોફેસરની હોય, તા.૨૦/૦૩/૨૦૧૫ ના રોજ આયોજીત યુનિવર્સિટીની નિયામક મંડળની બીજી બેઠકમાં લેવાયેલ નિર્ણય અનુસાર સદર જગ્યાને ટીચીંગ કેડર ગ્રુપ–એ માં લઈ જવામાં આવેલ છે. ત્યાર બાદ તા.૦૬/૦૫/૨૦૧૫ ના રોજ આયોજીત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સીલની બેઠકમાં લેવાયેલ નિર્ણય અનુસાર સદર જગ્યાના નામમાં ફેરફાર અને તેના ભરતી નિયમોમાં ફેરફાર કરી તેને આસીસ્ટન્ટ પ્રોફેસર (પ્લાનીંગ) કરવામાં આવેલ છે. જેના ભરતી નિયમો પણ મંજૂર કરવામાં આવેલ છે. ત્યાર બાદ તા.૦૭/૦૫/૨૦૧૫ ના રોજ યોજાયેલ નિયામક મંડળની ૭ મી બેઠકમાં ભરતી નિયમોને મંજૂરી આપવામાં આવેલ છે. આ જગ્યા પર નિમણૂંક આપેલ ઉમેદવારને નીચું પગારધોરણ ૧૫૦૦૦–૩૯૧૦૦ અને ગ્રેડ પે ૬૦૦૦ મુજબ પગાર ચૂકવવામાં આવેલ છે. જેથી યુનિવર્સિટી કે નામ. સરકારશ્રીને કોઈ નાણાકીય બોજ ઉભો થયેલ નથી. પરંતુ જગ્યાનું નામાભિધાન બદલાતા, મંજુર કરેલ પગાર ધોરણ કરતા નીચા પગારધોરણ મુજબ પગાર ચૂકવવામાં આવેલ છે. ઉપરોક્ત તમામ વિગતોની

| | |
|---|---|
| સદર જગ્યા કાયદેસર રીતે ભરી ન શકાય. સંસ્થા દ્વારા સ્ટેચ્યુટની કુલાધિપતિ દ્વારા અનુમતિ આપવામાં આવેલ નથી. સંસ્થા દ્વારા જો અનુમતિ લેવામાં આવેલ ન હોય તો આવી જગ્યા કોઇ પણ સંજોગોમાં ભરી ન શકાય અને પ્લાનીંગ ઓફિસરની જગ્યાનું નામ આસિસ્ટન્ટ પ્રોફેસર (પ્લાનીંગ) તરીકે માન્ય કર્યાના સરકારશ્રીના મંજુરીના આદેશો ઓડિટે રજુ થયેલ નથી, જે અંગે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.<br>સંસ્થાએ પ્રા.વાંધા ક્રમાંક: ૫૦ નો કરેલ જવાબ મૂળ ફકરા સાથે સુસંગત ન હોઇ જવાબ ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી. તો ફકરામાં જણાવેલ વિગતે આધારસહ ખાત્રી કરાવવી ઘટે. | નકલ ઓડિટ ફકરાના જવાબો સાથે સામેલ કરી મોકલી આપવામા આવેલ છે.આમ, ઉકત વિગતો ધ્યાને લઈ સદર જવાબ ગ્રાહય રાખી ફકરો રદ કરવા વિનંતી છે. |
| **ફકરા નં. ૧૩ કામધેનુ યુનિવર્સિટીની સ્થાવર મિલકતોનો વીમો ન લેવા બાબત.** | |
| નાણા વિભાગના તા.૨૯-૦૪-૨૦૦૨ ના પરિપત્ર નં-નનમ/૧૦૨૦૦૧/ ઓ/ ૪૮૫/ ૪૮૧/ ૨૦૦૨/ જમાં સુચવ્યા મુજબ સરકારી, અર્ધ સરકારી સંસ્થાઓ, વૈધાનિક, સહકારી સંસ્થાઓ, બોર્ડ/નિગમ અને રાજય સરકારનું નાણાકીય હિત ધરાવતી સંસ્થાઓની મિલકતોનો વીમો ઉતરાવવાનો રહેશે જે અંતર્ગત કામધેનુ યુનિવર્સિટીએ પોતાની સ્થાવર મિલકતોના વીમા સરકારશ્રીના વીમા નિયામકશ્રી, ગાંધીનગરના માર્ગદર્શન મુજબની નિયત કરાયેલ શરતોને આધિન રહીને લેવાનો હોય છે. વીમાની શરતો મુજબ વીમા કંપનીઓ પૈકી કોઇ પણ એક સંતોષકારક સેવા આપતી કંપની પાસેથી જરૂરી રકમનો વીમો ઉતરાવવો જરૂરી છે.<br>કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરના હિસાબી વર્ષ ૨૦૧૬-૧૭ના હિસાબોના અન્વેષણ દરમ્યાન ચકાસણી કરતાં યુનિવર્સિટી દ્વારા તેની સ્થાવર મિલકતના વીમા લીધેલ હોવાના આધારો ઓડીટે રજુ થયેલ નથી, ભવિષ્યમાં આગ, અકસ્માત, ભૂકંપ, અતિવૃષ્ટિ વગેરે જેવી ઘટનાઓથી મિલકતોને થતાં આકસ્મિક નુકસાન સામે સંસ્થાને વ્યાજબી આર્થિક વળતર મળી રહે અને આ પરિણામે ભવિષ્યમાં આવી મિલકતો પુન: ઉભી કરવા માટે જરૂરી ભંડોળ વીમા કંપનીઓ તરફથી મળી રહે, જેથી સંસ્થાએ પોતાની સ્થાવર મિલકતોનું નિયત નમુનામાં રજીસ્ટર અદ્યતન નિભાવી, મિલકતોની વ્યાજબી આકારણી કરી આગ, અકસ્માત, ભૂકંપ, અતિવૃષ્ટિ જેવા જોખમો સામે જરૂરી રકમની વીમા પોલીસી મેળવી લેવા ઓડિટનું સુચન છે.<br>સંસ્થાએ પ્રા.વાંધા ક્રમાંક:૧૪ નો કરેલ જવાબ મૂળ ફકરા સાથે સુસંગત ન હોઇ જવાબ ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી. તો ફકરામાં જણાવેલ વિગતે આધારસહ ખાત્રી કરાવવી ઘટે. | ઓડિટરશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર દ્વારા આપેલ ફકરા નં.૧૩ અન્વયે જણાંવવાનું કે કામધેનુ યુનિવર્સિટીની સ્થાવર મિલકતોની વિગતો એકત્ર કરવામાં આવેલ છે. આ તમામ સ્થાવર મિલકતોનો વિમો લેવા બાબતે કુલસચિવશ્રીની કચેરીના પત્ર ક્રમાંક કાયુ/રજી/યુ-૧/એડીએમ/ ૩૪૦૭/ ૨૦૧૯ તા.૦૨/૦૮/૨૦૧૯ થી વિમા નિયામકશ્રી, વિમા નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરને યુનિવર્સિટીની સ્થાવર મિલકતોની વિગતો સાથે વીમા રકમ સંદર્ભે પત્રવ્યવહાર કરેલ છે. તથા હાલમાં કામધેનુ યુનિવર્સિટીની સ્થાવર જંગમ મિલકતોનો વીમો લેવામાં આવી રહેલ છે. જેની નાણાકીય વર્ષ ૨૦૨૨ – ૨૩ દરમ્યાન લેવામાં આવેલ. (વીમાની પોલીસી આધાર અર્થે નકલ ઓડિટ ફકરાના જવાબો સાથે સામેલ કરી મોકલી આપવામા આવેલ છે.)<br>આમ, સદર જવાબ ગ્રાહય રાખી ફકરો રદ કરવા વિનંતી છે. |
| **ફકરા નં. ૧૪ આઉટસોર્સિંગના કર્મચારી રાખવામાં જણાયેલ અનિયમિતતા બાબત.** | |
| રાજ્ય સરકાર દ્વારા કામધેનુ યુનિવર્સિટી અધિનિયમ-૨૦૦૯ થી પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાન જેવાકે ડેરી, પશુપાલન તથા મત્સ્યઉદ્યોગના શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ માટે કામધેનુ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવેલ છે. કામધેનુ યુનિવર્સિટીના સ્ટેચ્યુટ ઉપલબ્ધ ન હોવાથી ગુજરાત એગ્રીકલ્ચર યુનિવર્સિટીના નિયત થયેલ સ્ટેચ્યુટ અમલ કરવા માટે કૃષિ અને સહકાર વિભાગ ઠરાવ ક્રમાંક: KPY-142014-2673-P.1, તા.૦૧-૧૨-૨૦૧૪ થી મંજુરી આપવામાં આવેલ છે.<br>કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક; કપય-૨૦૦૮-૦૪-પી.૨, તા. ૦૮-૦૯-૨૦૦૮ ના આદેશથી કામધેનુ યુનિવર્સિટીના મુખ્ય મથકના કામકાજ માટે કુલ-૭૧ નું હંગામી મહેકમ મંજુર કરવામાં આવેલ હતુ. અને સમયે સમયે તે જગ્યાઓ ચાલુ રાખવાની મંજુરી સરકારશ્રી માંથી સંસ્થા દ્વારા મેળવવામાં આવેલ છે. સંસ્થા દ્વારા સીધી ભરતી કરીને જગ્યાઓ ભરવામાં આવેલ છે. અને જે જગ્યાઓ ખાલી હોય તેની સામે સંસ્થાના કામકાજને પહોંચી. વળવા માટે આઉટસોર્સિંગના કર્મચારીઓ રાખવામાં આવેલ છે. સંસ્થા દ્વારા આઉટસોર્સિંગના કર્મચારીઓ પુરા પાડવા માટે ભક્તિ | ૧) વર્ષ ૨૦૧૬-૨૦૧૭ દરમ્યાન ભામસરા/રોહિકા તા: બાવળા ખાતે જમીન અને બાંધકામ બાબતની કામગીરી અને મુખ્યમથક ગાંધીનગર ખાતે ટેન્ડર, બિલીંગ અને અન્ય રેટ કોન્ટ્રાકટને લગતી કામગીરી શરુ હતી. તેમજ હિમતનગર અને અમરેલી ખાતે બાંધકામની કામગીરી શરુ હતી જેથી સાઈટની દેખરેખ રહે અને બાંધકામની ક્વોલીટી જળવાઈ રહે તે હેતુ થી મદદનીશ ઈજનેર અને અધિક મદદનીશ ઈજનેરની તાતી જરૂરિયાત હતી. જેથી માન. કુલપતિશ્રીના સુચન અને સ્ટેટયુટ ૧૨૧ ની આઈટમ નં:૧૪ ની જોગવાઈ ને ધ્યાને લઇ વર્ક ચાર્જ એસ્ટાબ્લીશમેંટ હેઠળ મદદનીશ ઈજનેર અને અધિક મદદનીશ ઈજનેરની નિમણુક કરવામાં આવેલ હતી. |

મેનેજમેન્ટ સર્વિસ પ્રા.લી ગાંધીનગર ને તા. ૦૧–૦૯–૧૫ થી ૩૧–૦૮–૨૦૧૬ સુધીનો કામ અંગેનો વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો. જે તા. ૩૧–૦૮–૨૦૧૬ ના રોજ પુરો થતા તે વર્ક ઓર્ડર ૧ (એક) વર્ષ એટલે કે તા. ૦૧–૦૯–૨૦૧૬ થી ૩૧–૦૮–૨૦૧૭ સુધી લંબાવવામાં આવેલ હતો. જેની મંજૂરી માન. કુલપતિશ્રી દ્વારા તા. ૦૧–૧૦–૧૬ ના રોજથી મળેલ છે.

કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરના હિસાબી વર્ષ ૨૦૧૬–૧૭ ના અન્વેષણ દરમ્યાન વાર્ષિક હિસાબ, રોજમેળ, વાઉચર ફાઇલની ચકાસણી કરતાં હિસાબી વર્ષ દરમ્યાન આઉટસોર્સિંગના કર્મચારી પાછળ થયેલ ખર્ચ અંગે નીચેની વિગતે ઓડિટ નોંધ આપવામાં આવેલ છે.

૧. કામધેનુ યુનિવર્સિટીના હિસાબી વર્ષ ૨૦૧૬–૧૭ માં ઇજનેર વિભાગમાં ૩ (ત્રણ) નાયબ ઇજનેરની જગ્યા મંજુર થયેલ છે અને તેની સામે ૩(ત્રણ) નાયબ ઇજનેરની જગ્યા ભરાયેલ છે. સંસ્થા દ્વારા આ ઉપરાંત બીજા ૨(બે) મદદનીશ ઇજનેરની આઉટસોર્સિંગથી નિમણૂંક કરેલ છે. યુનિવર્સિટીના મંજુર મહેકમમાં મદદનીશ ઇજનેરની જગ્યા મંજુર થયેલ નથી. તેમ છતા સંસ્થા દ્વારા ૨(બે) મદદનીશ ઇજનેરની આઉટસોર્સિંગથી નિમણૂંક કરેલ છે. માર્ગ મકાન વિભાગના તા.૩૧–૫–૨૦૦૭ ના પરિપત્ર ક્રમાંક:આરજીએન/૬૦૨૦૦૬/૩૫/સ, મુજબ રૂ. ૧ કરોડથી વધારે રકમના કામોમાં ઈજારદારે પુર્ણકાલીન ઇજનેરની નિમણૂક કરી કાર્યપાલક ઇજનેરને નિમણૂક કરેલ ઇજનેર દ્વારા તમામ વિગતો મોકલવાની હોય છે. સંસ્થાની તાબાની કચેરીઓ જે અમરેલી ડેરી સાયન્સ કોલેજ અને હિંમતનગર પોલિટેકનીકના બાંધકામ અંગેની કામગીરી ચાલુ હતી પરંતુ આ બન્ને સંસ્થાનુ બાંધકામ રૂા.૧ કરોડથી વધારેની રકમનુ હોય ઇજારદાર દ્વારા કામો માટે ઇજનેરો દેખરેખ માટે રાખવાના હોય છે. આમ, છતાં સંસ્થા દ્વારા ૨(બે) મદદનીશ ઇજનેરની આઉટસોર્સિંગથી નિમણૂંક કરેલ હોય પગારનું ભારણ સંસ્થા પર નાખવામાં આવેલ છે. સદર જગ્યા એ કઇ ખાલી જગ્યાની સામે ભરવામાં આવેલ છે તેની આધારસહ સ્પષ્ટતા થવી ઘટે.

૨. હિસાબી વર્ષ ૨૦૧૬–૧૭ માં કામધેનુ યુનિવર્સિટીમાં મોટા ભાગનુ મહેકમ સીધી ભરતીથી ભરવામાં આવેલ હતું. સંસ્થાને તેના હેતુઓ પુર્ણ કરવા અને તેના વિકાસ કાર્યમાં આગળ વધવા માટે જરૂરી સ્ટાફની ભરતી પ્રક્રિયા પૂર્ણ થઇ ગયેલ હતી. આમ, છતાં પી.એસ ટૂ વી સી. લાયઝનીંગ ઓફિસર, પી.આર.ઓ. તેમજ ડીનવેટરનરીની જગ્યાઓ આઉટસોર્સિંગથી ભરવામાં આવેલ હતી. યુનિવર્સિટીના મંજુર મહેકમમાં પી.એસ ટુ વી.સી, લાયજનીંગ ઓફિસર, પી.આર.ઓ.ની જગ્યા મંજુર થયેલ નથી. આમ છતા સંસ્થા દ્વારા પી.એસ ટુ વી.સી, લાયઝનીંગ ઓફિસર, પી.આર.ઓ.ની આઉટસોર્સિંગથી નિમણૂંક કરેલ હોય પગારનું ભારણ સંસ્થા પર નાખવામાં આવેલ છે. સદર જગ્યા એ કઇ ખાલી જગ્યાની સામે ભરવામાં આવેલ છે. તેની આધારસહ અને જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

હિંમતનગર પશુધન નિરીક્ષક તાલીમ સંસ્થા ખાતે ડીન–વેટરનરીની જગ્યા મંજુર થયેલ છે પરંતુ હિંમતનગરની ડીનની જગ્યા તા. ૦૧–૦૪–૧૫ થી ભરાયેલ છે. આમ છતા સંસ્થા દ્વારા ડીન–વેટરનરીની જગ્યા આઉટસોર્સિંગથી શા માટે ભરવામાં આવેલ છે. જે અંગે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

આમ. સંસ્થા માં પી એસ વી.સીના રૂ.૩,૯૯,૭૭૩/–લાયઝનીંગ ઓફિસરના રૂ.૧,૬૧,૬૪૪/–, પી.આર.ઓ. ના રૂ. ૪,૦૭,૮૮૦/– અને ડીનવેટરનરીના રૂ.૬,૦૭,૯૬૫/– મળીને કુલ ૪ જગ્યા માટે બિન જરૂરી રૂ.૧૫,૭૭,૨૬૨/નુ પગારનું ભારણ નાખવામાં આવેલ છે. સદર જગ્યાઓ કઇ ખાલી જગ્યાની સામે ભરવામાં આવેલ છે, તેની વિગતો ઓડિટમાં રજુ થયેલ નથી. ઓડિટ દ્વારા માગેલ માહિતીની પુર્તતા ન થાય ત્યાં સુધી પગારની રકમ રૂ. ૧૫,૭૭,૨૬૨/– વાંધા હેઠળ રાખવામાં આવે છે.

વધુમા માર્ગ મકાન વિભાગના તા.૩૧/૦૫/૨૦૦૭ના પરિપત્ર ક્રમાંક: આર જીએન/૬૦૨૦૦૬/૩૫/સ મુજબ રૂ.૧ કરોડથી વધારે રકમના કામોમાં ઈજારદારે પૂર્ણકાલીન ઈજનેરની નિમણુક કરવાની થતી હોય છે જેમાં ઈજારદાર ધ્વારા જે તે સમયે સાઈટ પર તેમના હસ્તકના ઈજનેર રાખવામાં આવેલ હતા. જેનું ચૂકવણું ઈજારદાર ધ્વારા કરવામાં આવતું હતું જેની નકલ ઓડિટ ફકરાના જવાબો સાથે સામેલ કરી મોકલી આપવામા આવેલ છે(.

જેથી સદર કામગીરી સરકારશ્રી અને યુનિવર્સિટીના હિતને ધ્યાને રાખી કરવામાં આવેલ હોય સદર મુદ્દો માંડવાળ કરવા વિનંતી.

(૨) કામધેનુ યુનિવર્સિટીની સ્થાપના વર્ષ ૨૦૦૯ માં કામધેનુ યુનિવર્સિટી એકટ ૨૦૦૯ અંતર્ગત કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૯ થી વર્ષ ૨૦૧૪ સુધી યુનિવર્સિટીના કુલપતિશ્રીની નિમણૂંક કરવામાં આવેલ ન હતી. ઓગષ્ટ – ૨૦૧૪ માં યુનિવર્સિટીના પ્રથમ કુલપતિશ્રી એમ.સી.વાર્ષ્ણેયની નિમણૂંક કરવામાં આવી. માન. કુલપતિશ્રીની નિમણૂંક ન થયેલ હોય સદર વર્ષ દરમ્યાન યુનિવર્સિટીની અંગભૂત અને સંલગ્ન કોલેજની તમામ બાકી અને અગત્યની કામગીરીઓ, યુનિવર્સિટીના જુદા જુદા મંડળોની રચના, સરકારશ્રી કક્ષાએ જુદી જુદી કામગીરીઓ, માન.રાજયપાલશ્રીના કાર્યાલય વગેરે કક્ષાએ યુનિવર્સિટીની જુદી જુદી કામગીરીઓ / દરખાસ્તો કરવાની થતી હતો. આવી સરકારશ્રી કક્ષાએની કામગીરીઓ માટે યુનિવર્સિટી ખાતે નિમણૂંક પામેલ સ્ટાફ નવો હોય તેમજ ઉકત તમામ બાબતો આ સ્ટાફ માટે નવી હોય અને યુનિવર્સિટી પણ નવી હોય સરકારશ્રીની પધ્ધતિઓથી તેઓ વાકેફ ન હોય તે સવભાવિક હતું. પરંતુ, યુનિવર્સિટીની કામગીરી ચલાવવી ખૂબજ જરૂરી હોય, સીધી ભરતીથી ભરતી કર્યા બાદ પણ ખાલી રહેતી જગ્યાઓ સામે, જુદા જુદા વ્યકિતઓની સેવાઓ લેવામાં આવતી હતી. આ વ્યકિતઓને તેઓની વિષય નિપૂર્ણતા અનુસાર પી.એસ.ટુ વી.સી., લાયઝનીંગ ઓફિસર, પી.આર.ઓ. તરીકેની કામગીરી સોંપવામાં આવેલ હતી. આવી સેવાઓ આપતા કોઈ પણ વ્યકિતને ઉકત જગ્યાઓ ઉપર નિમણૂંકના આદેશ કરવામાં આવેલ નથી. આવી કોઈ જગ્યાઓનું મહેકમ નામ. સરકારશ્રી દ્વારા મંજૂર કરવામાં આવેલ નથી પરંતુ ખાસ જગ્યાઓ સામે સેવાઓ લેવામાં આવેલ હતી અને પ્રથમ કુલપતિશ્રીને ખાસ સત્તા હોય છે.

આ ઉપરાંત ડીન– વેટરનરી જેવી કોઈ જગ્યાનું મહેકમ નામ. સરકારશ્રી

સંસ્થાએ પ્રા.વાંધા ક્રમાંક: ૫૧ નો કરેલ જવાબ મૂળ ફકરા સાથે સુસંગત ન હોઇ, જવાબ ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી. તો ફકરામાં જણાવેલ વિગતે આધારસહ ખાત્રી કરાવવી ઘટે..

વાંધા હેઠળઃ૧૫,૭૭,૨૬૨/–
સદરઃપશુપાલન

દ્વારા મંજૂર કરવામાં આવેલ નથી. જે તે ફેકલ્ટીમાં ફરજ બજાવતા અધિકારીશ્રીઓમાંથી સીનયર અધિકારીશ્રીને ડીન તરીકેની કામગીરી સોંપવામાં આવે છે. હિંમતનગર પશુધન નિરીક્ષક તાલીમ સંસ્થા ખાતે ભરાયલ જગ્યાએ આચાર્યશ્રીની જગ્યા છે તથા આઉટસોર્સિંગથી ડીનશ્રી- વેટરનરીની જગ્યા ભરવામાં આવેલ નથી. જે તે સમયે ટેકનીકલ ઓફિસર ટુ વીસી તરીકેની કામગીરી કરવા માટે સહપ્રાધ્યાપકની ખાલી જગ્યા (હાલમાં પણ સહપ્રાધ્યાપકની ૭ જગ્યાઓ ખાલી રહેલ છે.) સામે તેની જરૂરી લાયકાત ધરાવતા વ્યક્તિની સેવાઓ પૂરી પાડવા આઉટસોર્સિંગ એજન્સીને જણાંવવામાં આવેલ હતું. એજન્સી દ્વારા પૂરા પાડવામાં આવેલ વ્યકિત સીનીયર હોય અને યુનિવર્સિટી ખાતે ડીન તરીકેની કામગીરીઓ કરવાની જરૂરિયાત ઉભી થતા ઉકત સેવાઓ આપતા વ્યકિતને ડીનશ્રી વેટરનરી ફેકલ્ટી તરીકેની કામગીરી સોંપવામાં આવેલ હતી. આ વધારાની કામગીરી બદલ, તેઓને કોઈ વધારાનો પગાર કે ભથ્થાઓ ચૂકવવામાં આવેલ નથી. અગાઉ નકકી કરવામાં આવેલ મહેનતાણું જ ચૂકવવામાં આવેલ છે.

આમ, ઉકત વિગતો ધ્યાને લઈ સદર જવાબ ગ્રાહય રાખી ફકરો રદ કરવા વિનંતી છે.

**ફકરા નં. ૧૫ સાફ સફાઈ અંગેના કોન્ટ્રાક્ટ આપવામાં જણાયેલ અનિયમિતતા બાબત.**

નાણા વિભાગના તા.૧૭/૧૧/૨૦૦૩ ના જાહેરનામ ક્રમાંક:જીએનર૪/એસએસસી/૧૦૭૯/ જીઓઆઈ/ ૬૩/ઝેડ, મુજબ રૂ. ૧,૦૦,૦૦૦/– થી વધુ ખર્ચ કરતા પહેલા પ્રસિધ્ધ કરાયેલ ટેન્ડરની પ્રસિધ્ધિ માટે બહોળો પ્રચાર ધરાવતા ગુજરાતી તથા દૈનિકપત્રોમાં જાહેરાત આપીને ટેન્ડર પ્રક્રિયા કરી સ્પર્ધાત્મક ભાવો મેળવવાના રહેશે.

કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરના હિસાબી વર્ષ ૨૦૧૬–૧૭ના અન્વેષણ દરમિયાન વાર્ષિક હિસાબ, સાફ સફાઈ અંગેની ફાઈલોની ચકાસણી કરતા હિસાબી વર્ષ દરમિયાન સાફ સફાઈ પેટે રૂ. ૨,૮૯,૫૯૦/– નો ખર્ચ કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વા. નં. | તારીખ | રકમ | એજન્સીનું નામ |
|---|---|---|---|---|
| ૧ | ૧૨ | ૧૮–૦૪–૧૬ | ૨૪૦૪૫ | સમ્વિત બિલ્ડકેર પ્રા.લી. અમદાવાદ |
| ૨ | ૬૫ | ૧૨–૦૫–૧૬ | ૨૪૦૪૫ | સમ્વિત બિલ્ડકેર પ્રા.લી. અમદાવાદ |
| ૩ | ૧૫૪ | ૦૯–૦૬–૧૬ | ૨૪૧૫૦ | સમ્વિત બિલ્ડકેર પ્રા.લી. અમદાવાદ |
| ૪ | ૨૪૫ | ૧૩–૦૭–૧૬ | ૨૪૧૫૦ | સમ્વિત બિલ્ડકેર પ્રા.લી. અમદાવાદ |
| ૫ | ૩૩૮ | ૧૧–૦૮–૧૬ | ૨૪૧૫૦ | સમ્વિત બિલ્ડકેર પ્રા.લી. અમદાવાદ |
| ૬ | ૪૬૨ | ૨૨–૦૯–૧૬ | ૨૪૧૫૦ | સમ્વિત બિલ્ડકેર પ્રા.લી. અમદાવાદ |
| ૭ | ૫૬૬ | ૧૩–૧૦–૧૬ | ૨૪૧૫૦ | સમ્વિત બિલ્ડકેર પ્રા.લી. અમદાવાદ |

- ફકરાનં.૧૫ દર્શાવેલ બાબતની પૂર્તતા અર્થે હિસાબ નિયામકશ્રીની કચેરી દ્વારા તા. ૦૩/૦૧/૨૦૨૩ના રોજ પત્રથી મોકલાવેલ છે. જે અત્રેની કચેરીને મળેલ છે. જેમાં પરિશિષ્ટની વિગતાનુસારની કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરના હિસાબી વર્ષ ૨૦૧૬–૧૭ના અન્વેષણ દરમિયાન વાર્ષિક હિસાબ, સાફ સફાઈ અંગેની ફાઈલોની ચકાસણી કરતા હિસાબી વર્ષ દરમિયાન સાફ સફાઈ પેટે વર્ષ દરમિયાન રૂ. ૨,૮૯,૫૯૦/–નો ખર્ચ કરવામાં આવેલ છે. જેની પૂર્તતા નીચે મુજબ છે.
- કામધેનુ યુનિવર્સિટીનુ એસ્ટાબ્લિશમેન્ટ ગુજરાત સરકારશ્રી દ્વારા એક્ટ–૨૦૦૯ હેઠળ મુજબ કરવામાં આવેલ. સરકારશ્રી દ્વારા કામધેનુ યુનિવર્સિટીના કાર્યાલય કામકાજ અર્થે કૃષિ ભવનમાં એક રૂમમાં જગ્યા ફાળવવામાં આવેલ હતી. ત્યાંથી પશુપાલન નિયામકશ્રી દ્વારા સદર બાબતે સંચાલન કરવામાં આવેલ હતુ. ઓગસ્ટ–૨૦૧૪ દરમિયાન ગુજરાત સરકારશ્રી દ્વારા માન. કુલપતિશ્રીની નિમણુક કરવામાં આવેલ હતી. ત્યારબાદ કામધેનુ યુનિવર્સિટીના કાર્યાલય કામકાજ અર્થે હેડ

| | | | | |
|---|---|---|---|---|
| ૮ | ૬૮૦ | ૦૯-૧૧-૧૬ | ૨૪૧૫૦ | સમ્વિત બિલ્ડકેર પ્રા.લી. અમદાવાદ |
| ૯ | ૭૭૫ | ૦૭-૧૨-૧૬ | ૨૪૧૫૦ | સમ્વિત બિલ્ડકેર પ્રા.લી. અમદાવાદ |
| ૧૦ | ૮૬૨ | ૦૭-૦૧-૧૭ | ૨૪૧૫૦ | સમ્વિત બિલ્ડકેર પ્રા.લી. અમદાવાદ |
| ૧૧ | ૧૦૨૪ | ૨૩-૦૨-૧૭ | ૨૪૧૫૦ | સમ્વિત બિલ્ડકેર પ્રા.લી. અમદાવાદ |
| ૧૨ | ૧૩૦૪ | ૩૧-૦૩-૧૭ | ૨૪૧૫૦ | સમ્વિત બિલ્ડકેર પ્રા.લી. અમદાવાદ |
| | | કુલ | ૨,૮૯,૫૯૦/- | |

ઉક્ત માહિતીને ધ્યાને લેતા કામધેનુ યુનિવર્સિટીને વર્ષ ૨૦૧૪-૧૫ માં કર્મયોગી ભવન, ગાંધીનગર ખાતે બેઠક વ્યવસ્થા માટે જગ્યા ફાળવવામાં આવેલ હતી. જેની સાફ સફાઈ માટે એજન્સીઓ પાસેથી રૂબરૂ ભાવો મંગાવવામાં આવેલ હતા. જેમાં ત્રણ એજન્સીના ભાવ મળેલ હતા. જે પૈકી એક સમ્વિત બિલ્ડકેર પ્રા.લી. અમદાવાદના ભાવ ન્યુનતમ હોય સદર એજન્સીને અત્રેની કચેરી હુકમ નં. જીઆઈસી-એડીએમ-હાઉસ કિપીંગ-૨૦૧૪ તા. ૦૩-૧૨-૨૦૧૪ દ્વારા તા,, ૦૧-૧૨-૧૪ થી ૩૧-૦૩-૧૫ સુધીનો વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો. જે વર્ષ ૨૦૧૫-૧૬ માં કચેરી હુકમ નં. કાયુ-સફાઈ-હિનિ-૬૮૧-૨૦૧૫ તા. ૦૭-૦૫-૨૦૧૫ થી વધુ એક વર્ષ તા. ૦૧-૦૪-૧૫ થી ૩૧-૦૩-૧૬ સુધી મુદ્દત વધારવામાં આવેલ હતી. ઓડિટ વર્ષ ૨૦૧૬-૧૭ માં પણ અત્રેના કચેરી હુકમ નં. કાયુ-ના.ઈ-સફાઈ-૨૦૨૪-૨૮-૨૦૧૬ તા. ૧૮-૦૩-૧૬ દ્વારા તા. ૦૧-૦૪-૧૬ થી ૩૧-૦૩-૨૦૧૭ સુધી વધુ ૧ વર્ષ માટે મુદ્દત વધારો કરવામાં આવેલ હતો. એજન્સીઓના ભરવામાં આવેલ ભાવ મટીરીયલ સહીતના આપવામાં આવેલ છે. સંસ્થાને સમયાંતરે કર્મયોગી ભવન ખાતે નવી જગ્યા ફાળવતા સફાઈની કામગીરી વધતા વર્ષવાર ભાવોમાં વધારો કરેલ છે.

સંસ્થા દ્વારા વર્ષ ૨૦૧૪-૧૫ ના વર્ષમાં માત્ર ત્રણ એજન્સીઓ પાસેથી રૂબરૂ ભાવો મેળવીને વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. અને વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માં આ કોન્ટ્રાક્ટની મુદ્દત વધારવામાં આવેલ હતી. સંસ્થાએ આપેલ વર્ક ઓર્ડરની શરતોમાં સમય વધારા બાબતે કોઈ ઉલ્લેખ જોવા મળેલ નથી. તેમજ નવા ટેન્ડર માટે સરકારશ્રીના નાણા વિભાગના તા. ૧૭/૧૧/૨૦૦૩ના જાહેરનામા ક્રમાંક: જીએન/૨૪/એસ એસ સી/૧૦૭૯/જીઓઆઈ/૬૩/ઝેડ, માં થયેલ જોગવાઈ મુજબ રૂ. ૧,૦૦,૦૦૦/- કે તેથી વધુનું ટેન્ડર હોય તો દૈનિકપત્રોમાં જાહેરાત આપીને ટેન્ડર પ્રક્રિયા કરી સ્પર્ધાત્મક ભાવો મેળવવાના રહે છે.

સંસ્થા દ્વારા વર્ષ ૨૦૧૪ થી ઓડિટ વર્ષ ૨૦૧૬-૧૭ સુધી એક જ એજન્સીને વર્ક ઓર્ડર આપવા અંગેના અને નવી ટેન્ડર પ્રક્રિયા ન કરવાના કારણોની આધાર સહ ખાત્રી કરાવી અને જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

સંસ્થાએ પ્રા.વાંધા ક્રમાંક:૪૯ નો કરેલ જવાબ મૂળ ફકરા સાથે સુસંગત ન હોઈ જવાબ ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી. તો ફકરામાં જણાવેલ વિગતે આધારસહ ખાત્રી કરાવવી ઘટે.

વાંધા હેઠળ- ૨,૮૯,૫૯૦/-

સદર- પશુપાલન

ક્વાર્ટર માટે કર્મયોગી ભવનમાં વિંગ-બીના ચોથા માળમાં અમુક જગ્યા ફાળવવામાં આવેલ હતી.સદર જગ્યાની સાફસફાઈ જાળવણીની કામગીરી તાત્કાલિક કરવી જરૂરી હતી.કર્મયોગી ભવન બ્લોક નં-૧ નવનિર્માણ પામેલ હતું. તે વખતે ગુજરાત સરકારશ્રીની બે-ત્રણ કચેરીઓ કાર્યરત થયેલ હતી. જેમાંથી ગુજરાત સરકારશ્રીની કચેરીઓમાંથી ગુજરાત માહિતી આયોગ દ્વારા કર્મયોગી ભવન બ્લોક નં-૧ ખાતે પહેલા કબજો લેવામાં આવેલ હતો. તેઓ દ્વારા સાફ સફાઈના ભાવ પત્રકો અલગ અલગ એજન્સીઓ પાસેથી મંગાવવામા આવેલ અને શરતો તથા બોલીઓનું ગઠન કરવામાં આવેલ હતું. જે ગુજરાત માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશ્નર દ્વારા મંજૂર કરવામાં આવેલ હતું જેનો આધાર લઈને કામધેનુ યુનિવર્સિટી દ્વારા વર્ષ-૨૦૧૪-૧૫મા ગુજરાત માહિતી આયોગની શરતો અને બોલીઓ મુજબ સાફ સફાઈ માટે ભાવ પત્રક મંગાવેલ. અને મંગાવેલ ભાવ પત્રકોમાંથી જેના ન્યુનતમ ભાવ હતા તે એજન્સીને સાફ સફાઈની કામગીરી સોંપવામાં આવેલ હતી.શરતો અને બોલીઓમાં મુદ્દા નં.-૧૦ની શરત અન્વયે સફાઈની કામગીરી પરસ્પર સહમતિથી અંત લાવી શકાશે. જેને ધ્યાને લઈને તેમજ સાફસફાઈની કામગીરીના ન્યુનતમ ભાવ અને સંતોષકારક કામગીરી હોવાના કારણે મે. સમ્વિત બિલ્ડકેર પ્રા. લી.ને સાફસફાઈની કામગીરી બીજા નાણાકીય વર્ષ એટલેકે ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માટે હિસાબ નિયામકશ્રી, કુલસચિવશ્રીના પરામર્શ બાદ માન. કુલપતિશ્રીની મંજૂરી મેળવી લંબાવવામા આવેલ હતી. જેમાં શરતો અને બોલીઓ ગુજરાત માહિતી આયોગની કચેરી દ્વારા કરવામાં આવેલ કરાર મુજબ યથાવત રાખવામાં આવેલ હતા. કામધેનુ યુનિવર્સિટીને ફાળવવામાં આવેલ જગ્યા હંગામી હોવાને કારણે તેની સાફસફાઈ માટે લાગનાર ખર્ચ ૧.૦૦ લાખથી વધુ થશે એ જે તે વખતે અનિશ્ચિત હતું. જેને ધ્યાને લઈ સદર કામગીરી ઉક્ત ભાવ પત્રક મુજબ કરવામાં આવેલ હતી અને આગળ જણાવ્યા મુજબ સંતોષકારક કામગીરી હોવાને કારણે માન. કુલપતિશ્રી મંજૂરી મેળવીને લંબાવવામાં આવેલ.

ઉપરોક્ત બાબતોને ધ્યાને લેતા સદર આપેલ ફકરા નં.૧૫ ની આપેલ પૂર્તતાની માહિતીને ગ્રાહ્ય રાખી સદર વાંધાને માંડવાળ કરવા નમ્ર વિનંતી છે. ઉપરોક્ત તમામ વિગતોની નકલ ઓડિટ ફકરાના જવાબો સાથે સામેલ કરી મોકલી આપવામા આવેલ છે.

**ફકરા નં-૧૬ ડેરી સાયન્સ કોલેજ, અમરેલીના સ્થાપના ખર્ચમાં જણાયેલ અનિયમિતતા બાબત**

૧. તા.૧૬-૬-૧૫ ના રોજ કામધેનુ યુનિવર્સિટી ધ્વારા ઈજારદારને સદર

| કામનું નામ : ડેરી સાયન્સ કોલેજ, અમરેલીના સ્થાપનાનો ખર્ચ | | |
|---|---|---|
| ૧ | ઈજારદારનું નામ | શ્રી સાક્ષી બિલ્ડકોન–અમદાવાદ |
| ૨ | કામનો અંદાજ | ૫,૫૫,૫૯,૭૬૩.૪૦ |
| ૩ | મંજુર ટેન્ડર | ૪,૩૭,૯૭,૭૬૧.૪૯ |
| ૪ | બોર્ડ ઓફ મેનેજમેન્ટની મંજુરીની તારીખ | ૨૩/૦૨/૨૦૧૫ |
| ૫ | વહીવટી મંજુરીના હુકમ નંબર અને તારીખ | એએચએસ–૨૦૧૨–૪૫૫૩–પી.૧ તા. ૦૨/૦૮/૨૦૧૧ |
| ૬ | ટેન્ડર ઈશ્યુ કર્યા તારીખ | ૩૧/૦૩/૨૦૧૫ |
| ૭ | ટેન્ડર પરત કરવાની તારીખ | ૨૮/૦૪/૨૦૧૫ |
| ૮ | ટેન્ડરખરેખર પરત મળ્યા તારીખ | ૨૮/૦૪/૨૦૧૫ |
| ૯ | કરાર તારીખ અને રકમ રૂ. | ૨૮/૦૭/૨૦૧૫ અને૬૮,૨૦૦.૦૦ |
| ૧૦ | ટેન્ડરની રકમથી નીચા ભાવ | ૨૧.૧૭% નીચા |
| ૧૧ | વર્ક ઓર્ડર આપ્યા નંબર/તારીખ | KU/EXENGGR/CONST/W.ORDER/AMRELI/૭૨૪૬–૭૨૫૧/૨૦૧૫,<br>તા. ૨૯/૦૭/૨૦૧૫ |
| ૧૨ | ડીપોઝીટની વિગત/રકમ | રૂ. ૧૩,૮૯,૦૦૦.૦૦ બેંક ઓફ બરોડા |
| ૧૩ | સ્ટેમ્પ ડયુટીની રકમ | ૬૮,૨૦૦.૦૦ |
| ૧૪ | કામ શરુ થયા તારીખ | ૨૯/૦૭/૨૦૧૫ |
| ૧૫ | ટેન્ડરમાં આપેલ કામની મુદત | ૧૨માસ |
| ૧૬ | કામપૂર્ણકરવાનીતારીખ | ૨૮/૦૭/૨૦૧૬ |
| ૧૭ | વર્ક ઓર્ડરમાં આપેલ કામની મુદત | ૩૬ માસ |
| ૧૮ | ખરેખર કામ પૂર્ણ થયા તારીખ | ૨૦/૦૩/૨૦૧૭ |
| ૧૯ | ખરેખર થયેલ કુલ ખર્ચ | ૪,૭૧,૨૬,૫૬૬.૦૦ |
| ૨૦ | એક્સેસ કામનો થયેલ ખર્ચ | ૩૩,૨૮,૮૦૫.૦૦ |

કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા ડેરી સાયન્સ કોલેજ, અમરેલીના સ્થાપના માટે હાથ ધરેલ આ ટેન્ડરની અંદાજીત રકમ રૂ. ૫,૫૫,૫૯,૭૬૩.૪૦નું સાક્ષી બિલ્ડકોન–અમદાવાદને૨૧.૧૭ % નીચા ભાવે ટેન્ડર કિંમત રૂ. ૪,૩૭,૯૭,૭૬૧.૪૯ થી તા. ૨૯/૦૭/૨૦૧૫ ના વર્ક ઓર્ડરથી ૧૨ માસની મુદ્દત સુધીમાં પૂર્ણ કરવા સોંપતા ઈજારદારે તા.૨૯/૦૭/૧૫ના રોજ કામ શરુ કરેલ હતું. સદર કામ ઓડિટ વર્ષ દરમ્યાન કામ પૂર્ણકરેલ હતું. જેનો કુલ ખર્ચ રૂ. ૪,૭૧,૨૬,૫૬૬.૦૦નોથયેલહતો. આ કામને લગતા સાધનિક રેકર્ડની ચકાસણી કરતા નીચે મુજબની અનિયમિતતાઓ ધ્યાને આવેલ હતી.

૧. જાહેર બાંધકામ ખાતાના પરિપત્ર નં. સી.એ.ટી.૬૦૬૭–સ,તા.૦૩/૦૬/૧૯૯૭ના જણાવ્યા મુજબટેન્ડર મંજુર કર્યા બાદ ઈજારદારે ૧૦ દિવસની અંદરઅનામત ભરી કરારખત કરવાનું હોય છે.આ કામનું ટેન્ડર તા. ૧૬/૦૬/૨૦૧૫ના રોજ મંજુર થયેલ છે, જ્યારે કરાર તા. ૨૮/૦૭/૨૦૧૫નાં રોજ વિલંબથી કરેલ છે. આમ ઉક્ત નિયમની જોગવાઈ કામનો સ્વીકૃતિ હુકમ આપવામાં આવેલ હતો. ત્યારબાદ તા. ૨૨–૬–૧૫ અને ૨૭–૦૬–૧૫ ના રોજ ઈજારદારે કામધેનુ યુનિ.ને પત્ર સમયમર્યાદામાં લખેલ હતો. જેમાં ઈજારદારે વિનંતી સહ જણાવ્યું હતું કે,સદર કામ માટે પર્ફોમન્સ બોન્ડ FDR ને બદલે બેંક ગેરંટીના સ્વરૂપમાં લેવામાં આવે. રાજ્યની અન્ય કૃષિ યુનિવર્સિટીઓ પર્ફોમન્સ બોન્ડ બેંક ગેરંટીના સ્વરૂપમાં લેતી હોવાનું ધ્યાને આવતા, સદર બાબત માન કુલપતિશ્રી સમક્ષ મુકવા આવેલ હતી. ત્યાર બાદ માન કુલપતિશ્રીએ પર્ફોમન્સ બોન્ડને બેંક ગેરંટીના રૂપમાં લેવાની મંજુરી આપેલ હતી. જે બાદ તા ૦૪–૦૭–૧૫ ના રોજ કાર્યપાલક ઈજનેર ધ્વારા ઈજારદારને બેંક ગેરંટી રૂપમાં પર્ફોમન્સ બોન્ડ જમા કરવાનો સહમતી સહ પત્ર લખેલ હતો.ઈજારદાર ધ્વારા તા– ૨૨–૦૭–૧૫ ના રોજ આ બાબતે યુનિવર્સિટીને પત્ર લખી જણાવ્યુંહતું કે બેંક ગેરેંટી કાઢવા માટે સમય લાગે તેમ હોય, તા.૨૭–૭–૧૫ સુધીમાં બધા ડોક્યુમેન્ટ્સ જમા કરીને સદર કામનો કરાર કરીજઈશું. જેની કાર્યપાલક ઈજનેરશ્રીએ મંજુરી આપતા સદર કામનો તા.૨૮–૭–૧૫ના રોજ કરારખત કરવામાં આવેલ હતો.આ હકીકત ધ્યાને લઇ સદર મુદ્દો માંડવાળ કરવા વિનંતી. (જેની નકલ ઓડિટ ફકરાના જવાબો સાથે સામેલ કરી મોકલી આપવામા આવેલ છે.)

૨. સદર કામના મંજૂર થયેલ ડીટીપીમાં ૩૬ મહિનાની સમયમર્યાદા આપેલ હતી. જે મુજબ કામનો વર્કઓર્ડરમાં આપવામાં આવેલ હતો. જે ડીટીપી એનકોડમાં પણ અપલોડ કરવામાં આવેલ હતું. પણ સદર કામની એનકોડમાં ટેન્ડરનોટીસ (NIT) પર શરતચૂકથી ૩૬મહિનાને બદલે ૧૨મહિના લખાયેલ હતું. ટાઈપીંગ ભૂલની આ હકીકત ધ્યાને લઇ સદર મુદ્દો માંડવાળ કરવા વિનંતી.

૩. સદર કામ કોન્ટ્રાકટ પ્રથા થી ઠેકેદારને આપેલ હોઈ સિમેન્ટ ખરીદીને લાવવાની જવાબદારી ઠેકેદારની હોઈ છે. ઠેકેદાર ધ્વારા લાવવામાં આવેલ આઇએસઆઈ પ્રમાણપત્ર ધરાવતી મૂળ ઉત્પાદક કંપની પાસે જ ખરીદેલ છે. જે અંગે વખતો વખત સિમેન્ટ ના ટેસ્ટીંગ પણ કરાવેલ છે. જે કાર્યપાલક ઈજનેર ધ્વારા કામગીરી શરુ કરતા પેહલા ઠેકેદાર ધ્વારા લાવેલ સિમેન્ટની સ્થળ પર ચકાસણી કરી વપરાશ કરવાની મંજુરી આપવામાં આવેલ હતી. વધુમાં કોન્ટ્રાકટર ધ્વારા જે તે સમયે સિમેન્ટના બીલો રજુ કરેલ છે. જેથી આ સદર મુદ્દો માંડવાળ કરવા વિનંતી.

૪. કામનાં ઈજારદારશ્રીઓ તેઓના ટર્ન ઓવરની રકમ ઉપર ૦.૬૦% વેટ ભરતા હોઈ છે. જેથી આ કામ માટે પણ ઈજારદારશ્રી ધ્વારા વેટ જમા

ધ્યાને લીધા સિવાય મોડો કરારકરવા અંગે જવાબદારોથી આધારસહ સ્પષ્ટતા સહપૂર્તતા થવી ઘટે.

૨. સંસ્થા દ્વારા તા. ૩૧/૦૩/૨૦૧૫ના પત્રથી વર્તમાનપત્રમાં જાહેરાત આપી એન–કોડ દ્વારા ઓનલાઈન ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવેલ હતા. જે મુજબ સદર ટેન્ડરમાં કામ પૂર્ણકરવાનોસમયગાળો ૧૨ માસ આપેલ છે, જયારે સંસ્થા દ્વારા ટેન્ડર મંજુર થતા સાક્ષી બિલ્ડકોનનેવર્કઓર્ડર ૩૬ માસનો આપવામાં આવેલ છે. જેથી સદર કામમાં સમયગાળો ૧૨ માસ હોવા છતાંવર્ક ઓર્ડર ૩૬ માસનો આપવા અંગે જવાબદારોથી આધારસહ સ્પષ્ટતા સહપૂર્તતા થવી ઘટે.

૩. માર્ગ અને મકાન વિભાગના પત્ર ક્રમાંક : ટીએનસી/૧૦૮૮/આઈબી/૨૨૦/૧૮/સ, તા.૦૬/૦૪/૧૯૯૮ મુજબ કામમાંવાપરવાનો સિમેન્ટ આઈ.એસ.આઈ. પ્રમાણપત્ર ધરાવતી મૂળ ઉત્પાદક કંપની પાસેથી જ ખરીદી તેના અસલ બીલો રજુ કરવાના હોય છે. આ કામમાંવપરાયેલ સિમેન્ટની ખરીદી મૂળ ઉત્પાદક કંપની પાસેથી કરવામાં આવેલ નથી અને જોગવાઈ મુજબના મૂળ ઉત્પાદક કંપનીના બિલો રજુ થયેલ નથી. આમ સિમેન્ટ વપરાશના વાજબીઉપયોગની અન્વેષણનેખાત્રી થવા પામેલ નથી.

૪. ગુજરાત વેટ અધિનિયમ–૨૦૦૩ ની કલમ–૫૯ એ અને બી તથા નાણા વિભાગના જાહેરનામા ક્રમાંક: જીએચએન/૧૪/વેટ/૨૦૦૮/એસ/૫૯/બી૩/૧થ અન્વયે રૂ. ૧ કરોડથી વધુ કિંમતના કામો માટે ઈજારદારના બિલમાંથી તાઃ૦૧/૦૪/૨૦૦૮ થી ૦.૬૦% મુજબ વેટનીકપાત કરવાની રહે છે. જે સંસ્થા દ્વારા કેટલી કરેલ છે કે કેમ? તે અંગેની વિગતે ઓડિટને આધારસહ ખાત્રી કરાવવી ઘટે.

૫. ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ ભાગ–૨ના ફકરા નં. ૧૫૧ તથા માર્ગ અને મકાનવિભાગના તા.૧૭/૧૧/૨૦૧૧ના પત્ર નં. જી.એસ.આર. /૩૨૧૧/ટે–૨૧૧/ડ–૨ ની શરતનં. ૪ અન્વયે અંદાજિત દર થી ૧૦ ટકા કરતા નીચા ભાવેથી ટેન્ડર મંજુર કરેલ હોય તો રીવાઈઝ અંદાજો તૈયાર કરી સુધારેલ વહીવટી તાંત્રિક મંજુરી મેળવવાની થાય છે. આ કામમાં ટેન્ડર અંદાજીત રકમના ૨૧ ટકા કરતા નીચા દરે સ્વીકારેલ હોવા છતાં સુધારેલ વહીવટી/તાંત્રિક મંજુરી મેળવેલ નથી. જે અંગે સ્પષ્ટતા કરવી ઘટે.

૬. માર્ગ અને મકાન વિભાગના પરિપત્ર નં. ટીએનસી/૧૦૯૧–આઈ/બી–૧૦(૧), તા. ૩૧/૦૩/૧૯૯૯ ની જોગવાઈ મુજબ ૧૫ લાખથી વધુ કિંમતના કામ ઉપર અંદાજિત રકમના ૨.૫ % જમીન અનામત તથા ૫% પરફોમન્સ બોન્ડ સ્વીકાર કર્યાની જાણ કર્યાના ૧૦ દિવસની અંદર વિભાગીય કચેરીમાં જમા કરાવવાના રહે છે. જે ન કરાય તો ટેન્ડર રદ્દ કરવાની જોગવાઈ છે. આ કામે તા. ૧૬.૦૫.૧૫નાં રોજ પર્ફોમન્સ બોન્ડ અને જામીન અનામત આપવાની જન કરેલ હતી. તેમ છતાં ઈજારદાર દ્વારા તા. ૨૦.૦૭.૨૦૧૫ના રોજ પર્ફોમન્સ બોન્ડ અને તા. ૨૨.૦૭.૨૦૧૫નાં રોજ જામીન અનામત જમા કરાવવામાં આવેલ છે. જે મોડી જમા કર્યાના કારણો સહિત આધાર સહ સ્પષ્ટતા કરાવવી ઘટે.

૭. જાહેર બાંધકામ નિયમ સંગ્રહ પુ–૧ નાં ફકરા નં. ૨૦૦ તથા માર્ગ અને મકાન વિભાના તા. ૨૫.૦૧.૨૦૦૧ના શેર ક્રમંક ટીએનસી/૧૦૨૦૦/પુ.ઓ જોગવાઈ મુજબ રૂ. ૨૦/– લાખ ઉપરની કિંમતના કામની ટેન્ડર નોટીસ જિલ્લા મુખ્ય સ્તરેથી પ્રસિદ્ધ થતા એક દૈનિક ઉપરાંત અમદાવાદથી પ્રસિદ્ધ થતા બે દૈનિક પૈકી એક અંગ્રેજી વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ કરવાની જોગવાઈ સામે આ કામિની નિવિદા માત્ર માનવમીત્ર અને સંદેશમાં જ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. ઉક્ત જોગવાઈ મુજબ નિવિદા પ્રસિદ્ધિ ન કરવાના આધાર સહ સ્પષ્ટતા કરાવવી ઘટે.

૮. કોઈપણ કામ શરૂ કરતા પહેલા ઈજારદાર દ્વારા ફરજિયાત જિલ્લા મદદનીશ મજુર કમિશ્નર પાસેથી મજુર કાયદો એક્ટ ૧૯૭૦ અને મજુર કાયદો ગુજરાત નિયમો ૧૯૭૨ મુજબ જરૂરી ફી ભરીને કામના કેટલા મજૂરોની સંખ્યા રહેશે તેની

કરાવી દીધેલ છે. જેણે ધ્યાને લઈ સદર ફકરામાંડવાળ કરવા વિનંતી. (જેની નકલ ઓડિટ ફકરાના જવાબો સાથે સામેલ કરી મોકલી આપવામા આવેલ છે.)

૫. સદર કામ બાંધકામના અંદાજકરતા૧૦% થી વધુ નીચા ભાવથી ટેન્ડર મંજુર કરેલ હોઈ ત્યારે ઘટાળેલ અંદાજપત્ર બનાવવાની પ્રથા અમલમાં નથી. જો ટેન્ડરની રકમ અંદાજીત રકમ કરતા ૫% થી વધેતો સુધારેલ અંદાજપત્ર તૈયાર કરવાના થાય છે.વધુમાં માર્ગ અને મકાન વિભાગના પરિપત્ર: ૧૦૮૭–૨૫૦ (૩) સી, તા: ૨૧–૧૨–૮૭ મુજબ ૧૦% નીચા ભાવ આવે તો ઈજારદાર પાસેથી રેટએનાલિસિસ મંગાવવાનું થાય છે. જે મુજબ ઈજારદાર પાસેથી રેટ એનાલિસિસ મંગાવવામાં આવેલ હતું. જે યોગ્ય જણાતા વહીવટી મંજૂરી કામધેનુ યુનિવર્સિટીની બાંધકામ સમિતિ દ્વારા તેની બીજી મીટીંગમાં આપેલ છે. આ હકીકત ધ્યાને લઈ સદર મુદ્દો માંડવાળ કરવા વિનંતી. (જેની નકલ ઓડિટ ફકરાના જવાબો સાથે સામેલ કરી મોકલી આપવામા આવેલ છે.)

૬. તાઃ૧૬–૬–૧૫ ના રોજ કામધેનુ યુનિવર્સિટી ધ્વારા ઈજારદારને સદર કામનો સ્વીકૃતિ હુકમ આપવામાં આવેલ હતો. ત્યારબાદ તા. ૨૨–૬–૧૫ અને ૨૭–૦૬–૧૫ ના રોજ ઈજારદારે કામધેનુ યુનિ.ને પત્ર સમયમર્યાદામાં લખેલ હતો. જેમાં ઈજારદારે વિનંતી સહ જણાવ્યું હતું કે, સદર કામ માટે પર્ફોમન્સ બોન્ડ FDR ને બદલે બેંક ગેરંટીના સ્વરૂપમાં લેવામાં આવે. રાજ્યની અન્ય કૃષિ યુનિવર્સિટીઓ પર્ફોમન્સ બોન્ડ બેંક ગેરંટીના સ્વરૂપમાં લેતી હોવાનું ધ્યાને આવતા, સદર બાબત માન કુલપતિશ્રી સમક્ષ મુકવા આવેલ હતી. ત્યાર બાદ માન કુલપતિશ્રીએ પર્ફોમન્સ બોન્ડને બેંક ગેરંટીના રૂપમાં લેવાની મંજુરી આપેલ હતી. જે બાદ તા ૦૪–૦૭–૧૫ ના રોજ કાર્યપાલક ઈજનેર ધ્વારા ઈજારદારને બેંક ગેરંટી રૂપમાં પર્ફોમન્સ બોન્ડ જમા કરવાનો સહમતી સહ પત્ર લખેલ હતો.ઈજારદાર ધ્વારા તાઃ૨૨–૦૭–૧૫ ના રોજ આ બાબતે યુનિવર્સિટીને પત્ર લખી જણાવ્યું હતું કે બેંક ગૅરૅટી કાઢવા માટે સમય લાગે તેમ હોય, તા–૨૭–૭–૧૫ ના દિન સુધીમાં બધા ડોક્યુમેન્ટ્સ જમા કરીને સદર કામનો કરાર કરી જઈશું. જેની કાર્યપાલક ઈજનેરશ્રીએ મંજુરી આપતા સદર કામનો તા–૨૮–૭–૧૫ન રોજ કરાર ખત કરવામાં આવેલ હતો.આ હકીકત ધ્યાને લઈ સદર મુદ્દો માંડવાળ કરવા વિનંતી. (જેની નકલ ઓડિટ ફકરાના જવાબો સાથે સામેલ કરી મોકલી આપવામા આવેલ છે.)

૭. ઓડિટ અવલોકન મુજબ જાહેર બાંધકામ નિયમ સંગ્રહપુષ્ટ ૧ ના ફકરાનં

| | |
|---|---|
| માહિતી આપવાની હોય છે અને તેની નકલ કામના પ્રભારી નાકાઈશ્રીને ફરજીયાત આપવાની હોય છે જેના આધારો ફાઈલે સામેલ નથી. આધારો લીધેલ હોય તો ઓડિટ સમક્ષ રજુ કરવા ઓડિટનું સૂચન છે.<br>૯. શ્રી સાક્ષી બિલ્ડકોન–અમદાવાદને આપેલ વર્ક ઓર્ડર તારીખ ૨૯.૦૭.૨૦૧૫ છે જ્યારે ઈજારદાર દ્વારા કામ શરૂ કર્યા તા. ૧૬.૧૦.૨૦૧૫ છે આમ ઈજારદાર દ્વારા વર્ક ઓર્ડર આપ્યા તારીખથી કામ ન શરૂ કરવાના કારણો ફાઈલે સામેલ નથી જે અંગે જવાબદારોથી ઓડિટને સ્પષ્ટતા થવી ઘટે.<br>૧૦. ઈજારદારે આપેલ કમ્પ્લીશન સર્ટીમાં ખરેખર થયેલ કુલ ખર્ચની રકમ ૫૩૯૮૫૯૬૩.૭૯/– છે જ્યારે ટેન્ડર મુજબ ખરેખર કુલ ખર્ચ રૂ. ૪૭૧૨૬૫૬૬/– છે તો બાકીના કામની વિગત તથા કામ ટેન્ડરના ભાવે કરાવેલ છે કે કેમ ? તથા વધારાના કામો તથા ભાવો કમિટીમાં મંજુર કરેલ છે કે કેમ ? વધારાના કામો ક્યાં ભાવે કરાવેલ છે કે કેમ ? જે અંગેની જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.<br>૧૧. સાક્ષી બિલ્ડકોન અમદાવાદ દ્વારા તા. ૨૦–૦૩–૨૦૧૭ના રોજ ડેરી સાયન્સ કોલેજનું કામ પૂર્ણ કરેલ હતું. કોલેજનું કામ પૂર્ણ થયેલ હોવા છતાં ડેરી સાયન્સ કોલેજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની કુમારશાળા–૧મા કોલેજ શરુ રાખી બિનજરૂરી ૩ મહિનાનું ભાડું ચુકવવામા આવેલ છે. આમ બિન જરૂરી ખર્ચ કરવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.<br>સંસ્થાએ પ્રા. વાંધા ક્રમા;ક:૫૩ નો કરેલ જવાબના અનુસંધાને પ્રાથમીક વાંધાના મુદ્દા નં.૬, ૭ રદ્દ કરેલ છે બાકીની વિગત પ્રા.વાંધા સાથે સુસંગત ન હોઈ જવાબ ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી. તો ફકરામાં જણાવેલ વીગતે આધારસહ ખાત્રી કરાવવી ઘટે.<br><br>વાંધા હેઠળ: ૪,૭૧,૨૬,૫૬૬/–<br>વેટની વસુલાત: રૂ. ૨,૮૨,૭૫૯/–<br>સદર: પશુપાલન | ૨૦૦ મુજબ બે દૈનિક વર્તમાનપત્રમાંથી એક અંગ્રેજી વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ કરવાની થતી હતી. પરતું બાંધકામ કાર્યવાહી પરિચય ભાગ ૧ ના પ્રકરણ૨ મુજબ રૂ. ૫ લાખથી ઉપરના કામોમાં એટલે કે ઈ–ટેન્ડર નિવિદા અમદાવાદથી પ્રસિદ્ધ થતા એક દૈનિક (બે વર્તમાનપત્રો પૈકી) ટેન્ડરનોટીસ ઈ–પ્રોક્યોરમેન્ટ માટે નિયુક્ત નોડલ (એનકોડ) સોલ્યુશનની વેબસાઈટ પર પણ પ્રસિદ્ધ કરવી જોઈએ. જે મુજબ આ કામ માટે ટેન્ડર નિવિદા સંદેશ અને માનવમિત્ર સમાચારપત્રમાં અને એન કોડ સોલ્યુશનની વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ થયેલ છે.આ હકીકત ધ્યાને લઈ સદર મુદ્દો માંડવાળ કરવા વિનંતી.<br>૮. સદર કામમાં ઈજારદાર ધ્વારા ઈપીએફનું સર્ટિફિકેટ કામધેનુ યુનિવર્સિટીમાં જમા કરાવવામાં આવેલ હતું. જે કામધેનુ યુનિવર્સિટી ધ્વારા ગ્રાહ્ય રાખવામાં આવેલ હતું. જેથી ઈજારદાર પાસે કામના મજૂરોની સંખ્યા દર્શાવતું અન્ય કોઈ સર્ટીફીકેટ માંગવામાં આવેલ નહોતું. જેથી આ બાબત ધ્યાને લઈ સદર મુદ્દો માંડવાળ કરવા વિનંતી. (જેની નકલ ઓડિટ ફકરાના જવાબો સાથે સામેલ કરી મોકલી આપવામા આવેલ છે.)<br>૯. મેં સાક્ષી બિલ્ડકોનને વર્ક ઓર્ડર તા ૨૯/૦૭/૨૦૧૫ ના રોજ આપે હતો. પરતું ત્યાં ખાતમુહુર્ત અને ભૂમિ પૂજન નો કાર્યક્રમ ગુજરાત રાજ્યના માન. મંત્રીશ્રીઓની ઉપસ્થિતીમાં કરવાનો હતો. જે કાર્યકર્મ તા ૧૫/૧૦/૨૦૧૫ ના રોજ યોજાયેલ હતો. આ કાર્યક્રમ બાદ ઈજારદારને કામધેનુ યુનિવર્સિટી ધ્વારા બાંધકામ માટે સાઈટ સુપ્રત કરવામાં આવેલ હતી જેથી કામ શરુ થયાની તા ૨૯/૦૭/૨૦૧૫ ના બદલે ૧૬/૧૦/૨૦૧૫ ગણવામાં આવેલ છે. આ હકીકત ધ્યાને લઈ સદર મુદ્દો માંડવાળ કરવા વિનંતી. (જેની નકલ ઓડિટ ફકરાના જવાબો સાથે સામેલ કરી મોકલી આપવામા આવેલ છે.)<br>૧૦. સદર કામના ટેન્ડરમાં કોલેજ બિલ્ડીંગ પેટે થયેલ કુલ ખર્ચ રૂ.૪,૭૧,૨૬,૫૬૬/– છે પણ આ જ કામમાં જે તે સમયે જરૂરીયાતને ધ્યાને લઈ ત્રણ એક્સ્ટ્રા કામ ઈજારદાર પાસે કરાવવામાં આવેલ હતા. જેની મંજુરી કન્સ્ટ્રકશન કમિટીની આઠમી અને નવમી મીટીંગ માં લીધેલ છે. આ એક્સ્ટ્રા કામો માટે કોઈ અલગ ટેન્ડર ન કરેલ હોઈ અને ઈજારદાર પણ એક જ હોઈ આ એક્સ્ટ્રા કામો અને કોલેજ બિલ્ડીંગ માટે થયેલ કુલ ખર્ચ મુજબની રકમનું કમ્પ્લીશન સર્ટી ઈજારદારને આપવામાં આવેલ છે. આ હકીકત ધ્યાને લઈ સદર મુદ્દો માંડવાળ કરવા વિનંતી. (જેની નકલ ઓડિટ ફકરાના જવાબો સાથે સામેલ કરી મોકલી આપવામા આવેલ છે.) |

૧૧. ડેરી સાયન્સ કોલેજબિલ્ડીંગનું કામ પૂર્ણ થયેલ હતું પરંતુ સદર બિલ્ડીંગમા ફર્નીચર વર્ક, ઈલેક્ટ્રીસીટી વર્ક, વિદ્યાર્થીઓ માટે બેઠક વ્યવસ્થા, લેબોરેટરી વર્ક વગેરે જેવા સંલગ્ન કામો પ્રગતિ હેઠળ હોવાથી ડેરી સાયન્સ કોલેજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની કુમારશાળા–૧મા કોલેજ બે–ત્રણ માસ માટે લંબાવેલ. જેથી ઉક્ત મુદ્દો માંડવાળ કરવા વિનંતી.

**ફકરા નં–૧૭ પશુધન નિરીક્ષક તાલીમ સંસ્થા,નવા રાજપુરની સ્થાપના ખર્ચમાં જણાયેલ અનિયમિતતા બાબત**

| કામનું નામ : પશુધન નિરીક્ષક તાલીમ સંસ્થા,નવા રાજપુરની સ્થાપનાનો ખર્ચ | | |
|---|---|---|
| ૧ | ઈજારદારનું નામ | શ્રીવર્લ્ડકોન–વડોદરા |
| ૨ | કામનો અંદાજ | ૨,૫૩,૭૧,૭૫૯.૪૩ |
| ૩ | મંજુર ટેન્ડર | ૨,૦૦,૪૩,૬૮૯.૮૫ |
| ૪ | બોર્ડ ઓફ મેનેજમેન્ટની મંજુરીની તારીખ | ૨૩/૦૨/૨૦૧૫ |
| ૫ | વહીવટી મંજુરીના હુકમ નંબર અને તારીખ | કપચ–૧૦/૨૦૧૧–૩૪૨૦–પ.૧ તા. ૦૧/૦૬/૨૦૧૨ |
| ૬ | ટેન્ડર ઈશ્યુ કર્યા તારીખ | ૩૧/૦૩/૨૦૧૫ |
| ૭ | ટેન્ડર પરત કરવાની તારીખ | ૨૧/૦૪/૨૦૧૫ |
| ૮ | ટેન્ડર ખરેખર પરત મળ્યા તારીખ | ૨૧/૦૪/૨૦૧૫ |
| ૯ | કરાર તારીખ અને રકમ રૂ. | ૦૯/૦૭/૨૦૧૫ અને૩૧,૧૦૦.૦૦ |
| ૧૦ | ટેન્ડરની રકમથી નીચા ભાવ | ૨૧.૦૦% નીચા |
| ૧૧ | વર્ક ઓર્ડર આપ્યા નંબર/તારીખ | KU/EXENGGR/CONST/W.ORDER/HIMMTNGR/૬૭૫૭–૬૧/૨૦૧૫, તા.૧૫/૦૭/૨૦૧૫ |
| ૧૨ | ડીપોઝીટની વિગત/રકમ | રૂ.૬,૩૪,૨૯૪/–ઈન્ડિયન ઓવરસીઝ બેંક |
| ૧૩ | સ્ટેમ્પ ડયુટીની રકમ | ૩૧,૧૦૦/– |
| ૧૪ | કામ શરુ થયા તારીખ | ૧૫/૦૯/૨૦૧૫ |
| ૧૫ | કામનીમુદ્દત | ૧૨માસ |
| ૧૬ | કામપૂર્ણકરવાની તારીખ | ૧૪/૦૯/૨૦૧૬ |
| ૧૭ | ખરેખર થયેલ કુલ ખર્ચ | ૨,૨૪,૩૧,૧૩૬.૦૬ |
| ૧૮ | એક્સેસ કામનો થયેલ ખર્ચ | ૨૩,૮૭,૪૪૭ |
| ૧૯ | ખરેખર કામ પૂર્ણ થયા તારીખ | ૨૫/૧૦/૨૦૧૬ |

કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા પશુધન નિરીક્ષક તાલીમ સંસ્થા,નવા રાજપુરની સ્થાપનામાટે હાથ ધરેલઆ ટેન્ડરની

૧. તાઃ૧૬–૬–૧૫ ના રોજ કામધેનુ યુનિવર્સિટી ધ્વારા ઈજારદારને સદર કામનો સ્વીકૃતિ હુકમ આપવામાં આવેલ હતો. પરંતુ ત્યારબાદ અમરેલી ખાતેના કામ અંગે પર્ફોમન્સ બોન્ડ FDR ને બદલે બેંક ગેરંટીના સ્વરૂપમાં લેવામાં આવે તે અંગેની મંજૂરી લેવાની પ્રક્રિયા શરુ હોય, તે બાબત આ કામ માટે પણ લાગુ પડે તેમ હોવાથી તા. ૦૨–૭–૧૫ના રોજ ઈજારદારે કામધેનુ યુનિ. ને પત્ર લખેલ હતો. જેમાં ઈજારદારે વિનંતી સહ જણાવ્યું હતું કે સદર કામ માટે પર્ફોમન્સ બોન્ડ FDR ને બદલે બેંક ગેરંટીના સ્વરૂપમાં લેવામાં આવે. રાજ્યની અન્ય કૃષિ યુનિવર્સિટીઓ પર્ફોમન્સ બોન્ડ બેંક ગેરંટીના સ્વરૂપમાં લેતી હોવાનું ધ્યાને આવતા સદર બાબત માન કુલપતિશ્રી સમક્ષ મુકવા આવેલ હતી. ત્યાર બાદ માન કુલપતિશ્રીએ પર્ફોમન્સ બોન્ડને બેંક ગેરંટીના રૂપમાં લેવાની મંજુરી આપેલ હતી. જે બાદ તા ૦૪–૦૭–૧૫ ના રોજ કાર્યપાલક ઇજનેર ધ્વારા ઈજારદારને બેંક ગેરંટી રૂપમાં પર્ફોમન્સ બોન્ડ જમા કરવાનો સહમતી સહ પત્ર લખેલ હતો.
આમ ઈજારદાર ધ્વારા તાઃ૦૯–૭–૧૫ ના રોજ કરાર ખત કરવામાં આવેલ હતો. જે હકીકત ધ્યાને લઇ સદર મુદ્દો માંડવાળ કરવા વિનંતી. (જેની નકલ ઓડિટ ફકરાના જવાબો સાથે સામેલ કરી મોકલી આપવામા આવેલ છે.)

૨. સદર કામ કોન્ટ્રાકટ પ્રથા થી ઠેકેદારને આપેલ હોઈ સિમેન્ટ ખરીદીને લાવવાની જવાબદારી ઠેકેદારની હોઈ છે. ઠેકેદાર ધ્વારા લાવવામાં આવેલ આઈએસઆઈ પ્રમાણપત્ર ધરાવતી મૂળ ઉત્પાદક કંપની પાસે જ ખરીદેલ છે. જે અંગે વખતો વખત સિમેન્ટ ના ટેસ્ટીંગ પણ કરાવેલ છે. જે કાર્યપાલક ઈજનેર ધ્વારા કામગીરી શરુ કરતા પેહલા ઠેકેદાર ધ્વારા લાવેલ સિમેન્ટની સ્થળ પર ચકાસણી કરી વપરાશ કરવાની મંજુરી આપવામાં આવેલ હતી. વધુમાં કોન્ટ્રાકટર ધ્વારા જે તે સમયે સિમેન્ટના બીલો રજુ કરેલ છે. જેથી આ સદર મુદ્દો માંડવાળ કરવા વિનંતી. (જેની નકલ ઓડિટ ફકરાના

અંદાજીત રકમ રૂ.૨,૫૩,૭૧,૭૫૯.૪૩નુંવર્લ્ડકોન–વડોદરાને ૨૧.૦૦% નીચા ભાવે ટેન્ડર કિંમત રૂ.૨,૦૦,૪૩,૬૮૯.૮૫થી તા.૧૫/૦૭/૨૦૧૫ના વર્ક ઓર્ડરથી ૧૨ માસની મુક્ત સુધીમાં પૂર્ણ કરવા સોંપતા ઈજારદારે તા.૧૫/૦૯/૧૫ના રોજ કામ શરુ કરી અને તા ૨૫/૧૦/૨૦૧૬ના રોજ પૂર્ણ કરેલ હતું. જે ઓડિટ વર્ષ દરમ્યાન કામ પૂર્ણથયેલ હતું. જેનો કુલ ખર્ચ રૂ.૨,૨૪,૩૧,૧૩૬.૦૬થયેલ હતો. આ કામને લગતા સાધનિક રેકર્ડની ચકાસણી કરતા નીચે મુજબની અનિયમિતતાઓ ધ્યાને આવેલ હતી.

૧. જાહેર બાંધકામ ખાતાના પરિપત્ર નં. સી.એ.ટી. ૬૦૬૭–સ, તા.૩–૬–૯૭ના જણાવ્યા મુજબ ટેન્ડર મંજૂર કર્યા બાદ ઈજારદારે ૧૦ દિવસની અંદર અનામત ભરી કરારખત કરવાનુ હોય છે. આ કામનું ટેન્ડર તા.૧૬/૬/૨૦૧૫ના રોજ મંજૂર થયેલ છે. જયારે કરાર તા. ૦૯/૦૭/૨૦૧૫ ના રોજ વિલંબથી કરેલ છે. આમ ઉક્ત નિયમની જોગવાઈ ધ્યાને લીધા સિવાય મોડો કરાર કરવા અંગે જવાબદારોથી આધારસહ સ્પષ્ટતા સહ પૂર્તતા થવી ઘટે

૨. માર્ગ અને મકાન વિભાગના પત્ર ક્રમાંક :ટીએનસી/૧૦૮૮/આઈબી/૨૨૦/૧૮/સ તા. ૬/૪/૧૯૯૮ મુજબ કામમાં વાપરવાનો સિમેન્ટ આઈ.એસ.આઈ. પ્રમાણપત્ર ધરાવતી મૂળ ઉત્પાદક કંપની પાસેથી જ ખરીદી તેના અસલ બીલો રજૂ કરવાના હોય છે. આ કામમાં વપરાયેલ સિમેન્ટની ખરીદી મૂળ ઉત્પાદક કંપની પાસેથી કરવામાં આવેલ નથી અને જોગવાઈ મુજબના મૂળ ઉત્પાદક કંપનીના બીલો રજુ થયેલ નથી. આમ સિમેન્ટ વપરાશના વાજબી ઉપયોગની અન્વેષણને ખાતરી થવા પામેલ નથી.

૩. ગુજરાત વેટ અધિનિયમ–૨૦૦૩ની કલમ ૫૯–એ અને ૫૯–બી તથા નાણા વિભાગબ જાહેરનામા ક્રમાંક જીએચએન/૧૪/વેટ/૨૦૦૮/એસ/૫૯/બી/૩/૧થ અન્વયે રૂ. ૧.૦૦ કરોડથી વધુ કિંમતના કામો માટે ઈજારદારના બિલમાંથી તા. ૦૧/૦૪/૨૦૦૮ થી ૦.૬૦% મુજબ વેટની કપાત કરવાની રહે છે. તે મુજબ સંસ્થા દ્વારા ૧,૩૪,૫૮૭/– ની વેટની વસુલાત કરવામાં આવેલ નથી.

૪. ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ ભાગ–૨ ના ફકરા ન.૧૫૧ તથા માર્ગ અને મકાન વિભાગના તા.૧૭/૧૧/૨૦૧૧ ના પત્ર ન.જી.એસ.આર/૩૨૧૧/ટે–૨૧૧/ડ–૨ ની શરત ન.૪ અન્વયે અંદાજીત દરથી ૧૦ ટકા કરતા નીચા ભાવેથી ટેન્ડર મંજૂર કરેલ હોય તો રીવાઈઝ અંદાજો તૈયાર કરી સુધારેલ વહીવટી તાંત્રિક મંજૂરી મેળવવાની થાય છે. આ કામમાં ટેન્ડર અંદાજીત રકમના ૨૧ ટકા કરતા નીચા દરે સ્વીકારેલ હોવા છતાં સુધારેલ વહીવટી/ તાંત્રિક મંજૂરી મેળવેલ નથી. જે અંગે સ્પસ્ટતા કરવી ઘટે.

૫. માર્ગ અને મકાન વિભાગના પત્ર ક્રમાંક :ટીએનસી/૧૦૯૧–આઈબી૧૦–૧ તા. ૩૧/૦/૧૯૯૯ ની જોગવાઈ મુજબ ૧૫ લાખથી વધુ કિંમતના કામ ઉપર અંદાજીત રકમના ૨.૫% જમીન અનામત તથા ૫% પરફોર્મન્સ બોન્ડ સ્વીકાર કર્યાની જાણ કર્યાના દસ દિવસની અંદર વિભાગીય કચેરીમાં જમા કરાવવાના રહે છે, જેન કરાય તો ટેન્ડર રદ કરવાની જોગવાઈ છે. આ કામે તા. ૧૬/૦૬/૨૦૧૫ ના રોજ પરફોર્મન્સ બોન્ડઅનેજામીન અનામત આપવાની જાણ કરેલ હતી. તેમછતાં ઈજારદાર દ્વારા તા. ૦૯/૦૭/૨૦૧૫ના રોજ પરફોર્મન્સ બોન્ડ અને તા. ૦૭/૦૭/૨૦૧૫ના રોજ જામીન અનામત જમા કરાવવામાં આવેલ છે. જે વિલંબથી જમા કર્યાના કારણો સહિત આધાર સહ સ્પષ્ટતા કરવી ઘટે.

૬. જાહરે બાંધકામ નિયમ સંગ્રહ પુ–૧ના ફકરા નં. ૨૦૦ તથા માર્ગ અને મકાનના તા. ૨૫/૦૧/૨૦૦૧ના શેર ક્રમાંક ટીએનસી/૧૦૨૦૦/પુ.ઓ જોગવાઈ મુજબ રૂ. ૨૦/– લાખ ઉપરની કિંમતના કામની ટેન્ડર નોટીસ જીલ્લાના મુખ્ય સ્તરેથી પ્રસિદ્ધ થતા એક દૈનિક ઉપરાંત અમદાવાદથી પ્રસિદ્ધ થતા બે દૈનિક પૈકી એક અંગ્રેજી વર્તમાન પત્રમાં પ્રસિદ્ધ કરવાની જોગવાઈ સામે આ કામની નિવિદા માનવમિત્ર અને સંદેશમાં જ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. ઉક્તજોગવાઈ

જવાબો સાથે સામેલ કરી મોકલી આપવામા આવેલ છે.)

૩. કામનાં ઈજારદારશ્રીઓ તેઓના ટર્ન ઓવરની રકમ ઉપર ૦.૬૦% વેટ ભરતા હોઈ છે. જેથી આ કામ માટે પણ ઈજારદારશ્રી ધ્વારા વેટ જમા કરાવી દીધેલ છે. જેણે ધ્યાને લઇ સદર ફકરામાંડવાળ કરવા વિનંતી. (જેની નકલ ઓડિટ ફકરાના જવાબો સાથે સામેલ કરી મોકલી આપવામા આવેલ છે.)

૪. સદર કામ બાંધકામના અંદાજ કરતા ૧૦% થી વધુ નીચા ભાવથી ટેન્ડર મંજુર કરેલ હોઈ ત્યારે ઘટાળેલ અંદાજપત્ર બનાવવાની પ્રથા અમલમાં નથી. જો ટેન્ડરની રકમ અંદાજીત રકમ કરતા ૫% થી વધે તો સુધારેલ અંદાજપત્ર તૈયાર કરવાના થાય છે.વધુમાં માર્ગ અને મકાન વિભાગના પરિપત્ર:૧૦૮૭–૨૫૦(૩)સી,તા:૨૧–૧૨–૮૭ મુજબ ૧૦% નીચા ભાવ આવે તો ઈજારદાર પાસેથી રેટ એનાલિસિસ મંગાવવાનું થાય છે. જે મુંજબ ઈજારદાર પાસેથી રેટ એનાલિસિસ મંગાવવામાં આવેલ હતું. જે યોગ્ય જણાતા વહીવટી મંજૂરી કામધેનુ યુનિવર્સિટીની બાંધકામ સમિતિ દ્વારા તેની બીજી મીટીંગમાં આપેલ છે. આ હકીકત ધ્યાને લઇ સદર મુદ્દો માંડવાળ કરવા વિનંતી.

૫. તા:૧૬–૬–૧૫ ના રોજ કામધેનુ યુનિવર્સિટી ધ્વારા ઈજારદારને સદર કામનો સ્વીકૃતિ હુકમ આપવામાં આવેલ હતો. પરંતુ ત્યારબાદ અમરેલી ખાતેના કામ અંગે પર્ફોમન્સ બોન્ડ FDR ને બદલે બેંક ગેરંટીના સ્વરૂપમાં લેવામાં આવે તે અંગેની મંજૂરી લેવાની પ્રક્રિયા શરુ હોય, તે બાબત આ કામ માટે પણ લાગુ પડે તેમ હોવાથી તા. ૦૨–૭ –૧૫ ના રોજ ઈજારદારે કામધેનુ યુનિ. ને પત્ર લખેલ હતો. જેમાં ઈજારદારે વિનંતી સહ જણાવ્યું હતું કે સદર કામ માટે પર્ફોમન્સ બોન્ડ FDR ને બદલે બેંક ગેરંટીના સ્વરૂપમાં લેવામાં આવે. રાજ્યની અન્ય કૃષિ યુનિવર્સિટીઓ પર્ફોમન્સ બોન્ડ બેંક ગેરંટીના સ્વરૂપમાં લેતી હોવાનું ધ્યાને આવતા સદર બાબત માન કુલપતિશ્રી સમક્ષ મુકવા આવેલ હતી. ત્યાર બાદ માન કુલપતિશ્રીએ પર્ફોમન્સ બોન્ડને બેંક ગેરંટીના રૂપમાં લેવાની મંજુરી આપેલ હતી. જે બાદ તા ૦૪–૦૭–૧૫ ના રોજ કાર્યપાલક ઇજનેર ધ્વારા ઈજારદારને બેંક ગેરંટી રૂપમાં પર્ફોમન્સ બોન્ડ જમા કરવાનો સહમતી સહ પત્ર લખેલ હતો.આમ ઈજારદાર ધ્વારા તા–૦૯–૭–૧૫ના રોજ કરાર ખત કરવામાં આવેલ હતો. જે હકીકત ધ્યાને લઇ સદર મુદ્દો માંડવાળ કરવા વિનંતી. (જેની નકલ ઓડિટ ફકરાના જવાબો સાથે સામેલ કરી મોકલી આપવામા આવેલ છે.)

૬. ઓડિટ અવલોકન મુજબ જાહેર બાંધકામ નિયમ સંગ્રહ પુષ્ટ ૧ના ફકરાનં

મુજબ નિવિદા પ્રસિદ્ધ ન કરવાના આધારસહ સ્પષ્ટતા કરવી ઘટે.

૭. માર્ગ અને મકાન વિભાગના ઠરાવ ક્રમાંક :ટીએનસી/૨૮૮૯/આઈબી/૧૩૨/પ૩સી. તા. ૨૮/૦૫/૧૯૯૨ મુજબ વિલંબ વળતરની ચુકવણી કરવાની રહે છે.જે માટે ટેન્ડર ક્લોઝ–૬ અન્વયે કામ પૂર્ણ થયાના ૩૦ દિવસ મુદ્ધત વધારા માટે અરજી કરવાની રહે છે. તો જ મુદ્ધત વધારો મળવા પાત્રથાય તેમછતાં ઈજારદાર વર્લ્ડકોન દ્વારા ૩૦/૦૮/૨૦૧૬ના પત્ર મુજબ સમય મર્યાદા વધારવા અરજી કરેલ તે કામ ૧૪/૦૯/૨૦૧૬ના રોજ પૂર્ણ થતું હોવાથી તેના ૩૦ દિવસ અગાઉ એટલેકે ૧૪/૦૮/૨૦૧૬ પહેલા અરજી કરવાની હોય અને તેવીજ અરજી ધ્યાને લેવી તેમછતા કામધેનુ યુનિવર્સિટીના કાર્યપાલક ઈજનેરશ્રી દ્વારા ૩૦/૦૮/૨૦૧૬ના રોજ ઈજારદારે કરેલ અરજી માન્ય રાખી અને ૪૧ દિવસની સમય મર્યાદા વધારવા અંગે તેમજ ક્યાં કારણોસર ઈજારદાર દ્વારા સમય મર્યાદા વધારવા માટેની અરજીમાં વિલંબ થયો જે અંગેના ખાતરી કરાવેલ નથી.

૮.માર્ગ અને મકાન વિભાગના તા. ૩૧/૦૫/૨૦૦૭ના પરિપત્ર ક્રમાંક: આરજીએન /૬૦૨૦૦૬/૩૫/સ/મુજબ રૂ. ૧.૦૦ કરોડથી વધુ રકમના કામોમા ઈજારદારે પૂર્ણકાલીન ઈજનેરની નિમણુક કરી કાર્યપાલક ઈજનેરને નીમ્નીક કરેલ ઈજનેરની તમામ વિગતો મોકલવાની હોય છે. અને આવું ન કરવામાં આવે તો બીલમાંથી પ્રતિમાસ રૂ. ૧૫૦૦૦/–ની કપાત કરવાની હોય છે. આ કામમાં ઈજારદારે ઈજનેરની નિમણુક કર્યાના આધારો સામેલ રાખેલ નથી તેમજ બિલમાંથી પ્રતિમાસ રૂ. ૧૫૦૦૦/–ની કપાત પણ કરવામાં આવેલ નથી જેની ઈજારદાર પાસેથી ૧૨ માસ મુજબ રૂ ૧,૮૦,૦૦૦/–ની વસુલાત લરી અઓદોતને આધાર્સાહ ખાતરી કરાવવી ઘટે.

૯. કોઈપણ કામ શરુ કરતા પહેલા ઈજારદાર દ્વારા ફરજીયાત જીલ્લા મદદનીશ મજુર કમીશનર પાસેથી મજુર કાયદો એકટ ૧૯૭૦ અને મજુર કાયદો ગુજરાત નિયમો ૧૯૭૨ મુજબ જરૂરી ફી ભરીને કામનાં કેટલા મજૂરોની સંખ્યા રહેશે તેની માહિતી આપવાની હોય છે અને તેની નકલ કામનાં પ્રભારી નાકાઈશ્રીને ફરજીયાત આપવાની હોય છે. જેના આધારો ફાઈલે સામેલ નથી. આધારો લીધેલ હોય તો ઓડિટ સમક્ષ રજુ કરવા ઓડિટનું સૂચન છે.

૧૦. માર્ગ અને મકાન વિભાગના ઠરાવ ક્રમાંક સીએસટી/૧૫૭૯/૧૫૯/૬૫૧૪ ભાગ –૧ તા.૧૮/૦૨/૧૯૮૪ તથા માર્ગ અને મકાન વિભાગના ઠરાવ ક્રમાંક સીએસટી /૧૫૭૯/૧૪/ભાગ–૨/ચ તા.૧૮/૦૨/૧૯૯૪ થી ચોમાસાના કારણે મુદત વધારો માંગવામાં આવેલ હોય તો તેવી અરજી ધ્યાનમાં લેવાની રહેશે નહી તેમ છતાં કામધેનુ યુનિવર્સિટીના કાર્યપાલક ઈજનેરશ્રી ના પત્ર ક્રમાંક : નકાયુ/કાઈ/યુ–૭/ફા.ન.૩/૧૨૬૩–૬૬ /૨૦૧૬ તા.૧૨/૦૯/૨૦૧૬ થી આપેલ ૪૧ વધારાની દિવસથી મંજુરીમાં વિલંબ કારણ ન.૩ માં વર્લ્ડકોન દ્વારા રજુ કરેલ કારણ ભારે વરસાદના લીધે ટેરેસ પર વોટર પ્રુફીંગના કામમાં વિલંબ જે ઉક્ત ઠરાવ આધીન અરજી માન્ય ન ગણતા ૧૨ દિવસનું કામ વિલંબથી પૂર્ણ કરવામાં આવેલ હોય તેથી તેટલા દિવસના ટેન્ડરની રકમના ૦.૧% લેખે વિલંબના દિવસોની રકમ જેટલો વસુલ કરવાનો રહે છે. જે ૧૨ દિવસના ટેન્ડરની રકમ ૮૩૪૧૪૦*૦.૧ %*૧૨ મુજબ વિલંબિત વળતર ૧૦૦૦૯/– થાય જે અંગેની વસુલાત કરી આધારસહ ઓડિટને ખાતરી કરાવવી ઘટે.

સંસ્થાએ પ્રા.વાંધા ક્રમાંકઃ ૫૩ નો કરેલ જવાબના અનુસંધાને પ્રા.વાંધાના મુદ્દા નં ૬, ૭ રદ્દ કરેલ છે બાકીની વિગત પ્રા.વાંધા સાથે સુસંગત ન હોય જવાબ ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી. તો ફકરામાં જણાવેલ વિગતે આધારસહ ખાત્રી કરાવવી ઘટે.

વાંધા હેઠળ: ૨,૨૪,૩૧,૧૩૬/–

૨૦૦ મુજબ બે દૈનિક વર્તમાન પત્ર માંથી એક અંગ્રેજી વર્તમાન પત્રમાં પ્રસિદ્ધ કરવાની થતી હતી. પરતું બાંધકામ કાર્યવાહી પરિચય ભાગ૧ ના પ્રકરણ ૨ મુજબ રૂ. ૫લાખથી ઉપરના કામોમાં એટલે કે ઈ–ટેન્ડર નિવિદા અમદાવાદથી પ્રસિદ્ધ થતા એક દૈનિક (બે વર્તમાનપત્રો પૈકી) ટેન્ડર નોટીસ ઈ પ્રોક્યોરમેન્ટ માટે નિયુક્ત નોડલ (એનકોડ) સોલ્યુસનની વેબસાઈટ પર પણ પ્રસિદ્ધ કરવવી જોઈએ. જે મુજબ આ કામ માટે ટેન્ડર નિવિદા સંદેશ અને માનવમિત્ર સમાચારપત્રમાં અને એન કોડ સોલ્યુશન ની વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ થયેલ છે. આ હકીકત ધ્યાને લઈ સદર મુદ્દો માંડવાળ કરવા વિનંતી. (જેની નકલ ઓડિટ ફકરાના જવાબો સાથે સામેલ કરી મોકલી આપવામા આવેલ છે.)

૭. સદર કામ તેની સમય મર્યાદામાં પૂર્ણ થઇ શકે તેમ હતું પણ જે તે સમય દરમ્યાન ભારે વરસાદના કારણે સાઈટ પર આવવા જવાનો રસ્તો પાણી ભરાઈ જવાના લીધે બંધ થઇ ગયેલ હતો. આ રસ્તો કોઝ વે જેવો હોઈ નીચાણવાળા ભાગમાં પાણી ઘણા સમય સુધી ભરાયેલ હતું. જેથી ભારે વાહનો કોઈ ત્યાંથી પસાર થઇ શકે તેમ નહોતું. આથી કોન્ટ્રાક્ટરને સાઈટ પર માલ સામાનની મોટી ગાડીઓ આવી શકે તેમ નહોતી. વરસાદની ઘટના કુદરતી હોઈ ઈજારદાર પણ આ બાબતે અજાણ હતા જેથી લાંબા સમય સુધી પાણી કોઝ વે માંથી ખાલી ના થતા ઈજારદાર ધ્વારા અંતે પાછળથી સમયમર્યાદા વધારી આપનો પત્ર લખેલ હતો. જેથી આ બાબત ધ્યાને લઈ કાર્યપાલક ઈજનેરશ્રી ધ્વારા કોન્ટ્રકટરને સમય મર્યાદા વધારી આપવામાં આવેલ હતી. (જેની નકલ ઓડિટ ફકરાના જવાબો સાથે સામેલ કરી મોકલી આપવામા આવેલ છે.)

૮. સદર કામમાં ઈજારદાર ધ્વારા સાઈટની દેખરેખ માટે ક્વોલિફાય ઈજનેર કામ શરુ થયું ત્યારથી લઈ કામ પૂર્ણ થયું ત્યાં સુધી રાખવામાં આવેલ હતા. ઈજારદાર ધ્વારા ટેન્ડર દરમ્યાન તેઓના સ્ટાફ વિષે સઘળી જાણકારી આપેલ હતી જેમાં ઈજનેર પણ સામેલ હતા. જેની નકલ ટેન્ડર ફાઈલમાં સામેલ છે.

૯. સદર કામમાં ઈજારદાર ધ્વારા ઈપીએફનું સર્ટિફિકેટ કામધેનુ યુનિવર્સિટીમાં જમા કરાવવામાં આવેલ હતું. જે કામધેનુ યુનિવર્સિટી ધ્વારા ગ્રાહ્ય રાખવામાં આવેલ હતું. જેથી ઈજારદાર પાસે કામના મજૂરોની સંખ્યા દર્શાવતું અન્ય કોઈ સર્ટીફીકેટ માંગવામાં આવેલ નહોતું. જેથી આ બાબત ધ્યાને લઈ સદર મુદ્દો માંડવાળ કરવા વિનંતી.

૧૦. સદર કામમાં ઈજારદાર ધ્વારા લખવામાં આવેલ પત્રમાં સમયમર્યાદા

| | |
|---|---|
| ઈજનેર વસુલાતઃ ૧,૮૦,૦૦૦/–<br>વિલંબિત વળતરની વસુલાતઃ ૨,૪૦,૫૧૬/–<br>વેટની વસુલાતઃ ૧,૩૪,૫૮૭/–<br>કુલ વસુલાતઃ ૫,૫૫,૧૦૩/–<br>સદરઃ પશુપાલન | વધારી આપવા માટે ફક્ત ચોમાસાનું કારણ દર્શાવેલ નહતું તેની સાથે અન્ય બે કારણો પણ દર્શાવવામાં આવેલ હતા. જે પણ સમયમર્યાદા વધારી આપવા માટે જરૂરી હતા. આ ઉપરાંત અહી નોધવું રહ્યું કે ચોમાસા માં ઈજારદાર ધ્વારા કામમાં વિલંબ થાય તેમ નહોતું પણ સાઈટ પરનો રસ્તો કોઝ વે  માથી જતો હોઈ ત્યાં પાણી ભરાયેલ હતું જેથી માલ સામાન ભરેલી ભારે ગાડીઓ ત્યાથી અંદર જાઈ શકે તેમ નહોતી જે સઘળી હકીકત કાર્યપાલક ઈજનેરશ્રીએ ધ્યાને લેતા કામની સમયમર્યાદા વધારી આપવામાં આવેલ હતી. આ હકીકત ધ્યાને લેતા વિલંબિત વળતરની વસૂલાત કરવામાં આવેલ નથી. જેથી સદર મુદ્દો માંડવાળ કરવા વિનંતી. |
| **ફકરા નં–૧૮ સ્ટેશનરી ખરીદીની કામગીરીમા જણાયેલ અનિયમિતતા બાબત** | |
| કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરના હિસાબી વર્ષ ૨૦૧૬–૧૭ના અન્વેષણ દરમ્યાન રોજમેળ, વાઉચર ફાઈલ અને સાધનિક રેકર્ડની ચકાસણી કરતા નાણાકીય વર્ષ દરમ્યાન કામધેનુ યુનિવર્સિટી– ગાંધીનગર દ્વારા સામેલ પરિશિષ્ઠ નંબર–૩ની વિગતે સ્ટેશનરી ખરીદીની કામગીરીમા રૂ. ૭૪૭૩૩/–નો ખર્ચ કરવામાં આવેલ હતો. જે અંગેની નીચે મુજબની ઓડિટ નોંધ આપવામા આવે છે.<br>૧. કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા સ્ટેશનરીની ખરીદી માટે વાર્ષિક રેટ કોન્ટ્રાક્ટ કરવા અંગેની કામગીરી માટે વર્તમાન પત્રમાં ટેન્ડર નોટીસથી બંધ કવરમાં ભાવ મંગાવવામા આવેલ હતા. જેમાં માત્ર એકજ પાર્ટીનું ટેન્ડર મળેલ હતું. જે પાર્શ્વ સ્ટેશનરી એન્ડ જનરલ સ્ટોર્સ, ગાંધીનગરનું હતું. જેને વર્ષ ૨૦૧૬–૧૭ માટે માન્ય રાખી સ્ટેશનરીની ખરીદી માટે વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો. સંસ્થા દ્વારા માત્ર એકજ ટેન્ડર આવવા છતાં બજાર સંશોધન કર્યાના આધારો ફાઈલે સામેલ નથી, અને માત્ર એકજ ટેન્ડર મળે થી ભાવો મંજૂર કરવા માટે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.<br>૨. વર્ષ ૨૦૧૬–૧૭મા સ્ટેશનરીની ખરીદી માટે વાર્ષિક રેટ કોન્ટ્રાક્ટ પાર્શ્વ સ્ટેશનરી ગાંધીનગર સાથે કરેલ છે. પરિશિષ્ઠ નંબર–૩મા ખરીદવામા આવેલ સ્ટેશનરી પાર્શ્વ સ્ટેશનરીને  આપવામા આવેલ વર્ક ઓર્ડરમા સમાવેશ થયેલ ન હતો. આમ સંસ્થા દ્વારા જરૂરિયાતની વસ્તુઓને વર્ક ઓર્ડરમાં સમાવેશ ન કરવા માટે સ્પષ્ટતા થવી ઘટે.<br>૩. સંસ્થા દ્વારા પરિશિષ્ઠ નંબર–૩ મુજબ રવિ સ્ટેશનરી પાસેથી રૂ. ૭૪,૭૩૩/–ની ખરીદી કરેલ છે. કોઈ જ પ્રકારના ભાવ મેળવ્યા સિવાય ખરીદી કરવામાં આવેલ છે. સંસ્થા દ્વારા ખરીદેલ સ્ટેશનરી પાર્શ્વ સ્ટેશનરી પાસે હતી કે કેમ? તેની સંસ્થા દ્વારા પૂર્તતા થયાના આધારો ફાઈલે સામેલ નથી.<br>૪. કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા સ્ટેશનરી  તથા છાપકામ અંગેના વાર્ષિક ભાવો મંજૂર કરવાની કાર્યવાહી કરતા પહેલા મુંબઈ આકસ્મિક ખર્ચના નિયમ–૧૭૨ અને ૧૭૩મા થયેલ જોગવાઈ મુજબ વાર્ષિક જરૂરિયાત અંગેનું ઈન્ડેન્ટ બનાવીને વાર્ષિક સ્ટેશનરી ખરીદી કરવાની હોય છે. વાર્ષિક ખરીદી અંગેનો ખર્ચ સામેલ પરિશિષ્ઠ–૩ની વિગતે રૂ. ૭૪૭૩૩/– ખર્ચ કરવામાં આવેલ છે. આમ નિયમસર વાર્ષિક જરૂરિયાત અંગેનું ઈન્ડેન્ટ મંગાવેલ છે કે કેમ? તેની સ્પષ્ટતા થવી ઘટે.<br>સંસ્થાએ પ્રા.વાંધા ક્રમાંકઃ૧૬ નો કરેલ જવાબ ફકરા સાથે સુસંગત ન હોઈ પ્રા.વાંધાનો જવાબ ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી. તો ફકરામાં જણાવેલ વિગતે આધારસહ ખાત્રી કરાવવી ઘટે. | ૧. કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા સ્ટેશનરીની ખરીદી માટે વર્ષ ૨૦૧૬–૧૭નો વાર્ષિક રેટ કોન્ટ્રાક્ટ પાર્શ્વ સ્ટેશનરી એન્ડ જનરલ સ્ટોર્સ, ગાંધીનગર નામક એજન્સી માન્ય થયેલ હતી. જેને વર્ષ ૨૦૧૬–૧૭ માટે માન્ય રાખી સ્ટેશનરીની ખરીદી માટે વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો. સ્ટેશનરીની ખરીદી માટે વર્ષ ૨૦૧૬–૧૭નો વાર્ષિક રેટ કોન્ટ્રાક્ટ દરમિયાન એક એજન્સી દ્વારા ભાગ લેવામાં આવેલ. સદર એજન્સી દ્વારા આપવામાં આવેલ ભાવો જે તે સમયના બજારના પ્રવર્તમાન ભાવોથી ન્યુનતમ અને વાજબી છે તેની ખાતરી કરવામાં આવેલ હતી. તેમજ દરેક ભાવો MRP થી નીચા અને ટેક્ષ સાથેના હોય ટેન્ડર કમિટી દ્વારા સદર એજન્સીને માન્ય કરવા ભલામણ કરેલ હતી. જેથી ફરીથી ટેન્ડર કરવાથી થતો જાહેરાતખર્ચ, સ્ટેશનરી ખર્ચ તેમજ સમયનો વ્યય ન થાય તે હેતુસર યુનિવર્સિટી તેમજ સરકારશ્રીના નાણાકીય હિતાર્થે તેમજ સરકારશ્રીના ખરીદનીતિના ધારાધોરણ મુજબ સદર ટેન્ડર માન. કુલપતિશ્રીની મંજૂરી મેળવ્યા બાદ ૨૦૧૬–૧૭નો વાર્ષિક રેટ કોન્ટ્રાક્ટ કરવામાં આવેલ હતો.<br>૨. વર્ષ ૨૦૧૬–૧૭મા સ્ટેશનરીની ખરીદી માટે વાર્ષિક રેટ કોન્ટ્રાક્ટ પાર્શ્વ સ્ટેશનરી ગાંધીનગર થયેલ હતો પરંતુ તેમની અમુક વસ્તુઓ પાર્શ્વ સ્ટેશનરી ગાંધીનગર ખાતે ઉપલબ્ધ ન હોવાથી વર્ક ઓર્ડરમાં સમાવેશ થયેલ ન હતો. જેની સ્પષ્ટતા અર્થે જણાવવાનુકે પરિશિષ્ટ–૩ મુજબ સ્ટેશનરીની વસ્તુઓ પાર્શ્વ સ્ટેશનરી ગાંધીનગર પાસે ન હોવાથી જે તે સમયના પ્રવર્તમાન માર્કેટમાંથી અલગ અલગ એજન્સીઓના ભાવો મંગાવી સૌથી નીચા અને વાજબી ભાવોથી ખરીદી કરવામાં આવેલ હતી.<br>૩. પરિશિષ્ઠ નંબર–૩ મુજબ રવિ સ્ટેશનરી પાસેથી રૂ. ૭૪,૭૩૩/–ની |

વાંધા હેઠળઃ ૭૪,૭૩૩/–

સદરઃ પશુપાલન

**સ્ટેશરનરી ખરીદીમાં થયેલ ખર્ચની વિગત દર્શાવતું**

**પરિશિષ્ટ નં–૩**

| અ.નં. | વા.નં. | તારીખ | વિગત | રકમ રૂ. | છાપકામની વિગત |
|---|---|---|---|---|---|
| ૧ | ૩૫૮ | ૨૦–૦૮–૧૬ | રવિ સ્ટેશનરી | ૨૪૯૧૫ | સ્ટેશનરી |
| ૨ | ૧૦૬૩ | ૦૬–૦૩–૧૭ | રવિ સ્ટેશનરી | ૨૭૪૭૪ | સ્ટેશનરી |
| ૩ | ૧૩૨૧ | ૩૧–૦૩–૧૭ | રવિ સ્ટેશનરી | ૨૨૩૪૪ | સ્ટેશનરી |
| કુલ | | | | ૭૪૭૩૩ | |

ખરીદી કરેલ છે. જેમાની અમુક વસ્તુઓની ખરીદી યુનિવર્સિટીના ત્રીજા પદવીદાન સમારંભ, મેજરમેન્ટ બુકની ખરીદી માટે, તેમજ આવેલ માંગણીઓને ધ્યાને લઈને જરૂરિયાત મુજબ અને પાર્શ્વ સ્ટેશનરી ગાંધીનગર પાસે ન હોવાથી જે તે સમયના પ્રવર્તમાન માર્કેટમાંથી અલગ અલગ એજન્સીઓના ભાવો મંગાવી સૌથી નીચા અને વાજબી ભાવોથી ખરીદી કરવામાં આવેલ હતી. જેથી સદર ખરીદી અલગ અલગ એજન્સીઓ પાસેથી સ્પર્ધાત્મક બજારભાવો મેળવી અને ન્યુનતમ વાજબી ભાવોથી યુનિવર્સિટીના હિતાર્થે અને જરૂરિયાત મુજબ ખરીદી કરવામાં આવેલ હતી.

૪. કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાન કરવામાં આવેલ ટેન્ડર પાછળના વર્ષની કરવામાં આવેલ માંગણીઓ અને થયેલ ખરીદીના વર્ષની ખરીદીનો અંદાજ મેળવ્યા બાદ માન. કુલપતિશ્રીની વાર્ષિક ભાવકરાર કરવા અર્થે મંજૂરી મેળવી ખરીદનીતિના ધારાધોરણ મુજબ વાર્ષિક રેટ કોન્ટ્રાક્ટ અર્થે ટેન્ડર બહાર પાડવામાં આવેલ હતું. પરિશિષ્ઠ–૩ની વિગતે રૂ. ૭૪૭૩૩/–ની સ્ટેશનરીની ખરીદી સ્ટેશનરીની ખરીદી દરેક વિભાગની જરૂરીયાત/ઈન્ડેન્ટને ધ્યાને લઇ તેમજ યુનિવર્સિટીના ત્રીજા પદવિદાન સમારંભ અંતર્ગત જરૂરીયાત મુજબની વસ્તુઓ કે જે સ્ટેશનરીના વાર્ષિક રેટ કોન્ટ્રાક્ટમાં સમાવિષ્ટ એજેન્સી પાસેથી મળવાપાત્ર ન હોવાથી ખરીદનિતીના ધારાધોરણ મુજબ માર્કેટમાંથી અલગ અલગ એજેન્સીઓ પાસેથી સ્પર્ધાત્મક ભાવો મેળવી વાજબી અને નીચાભાવોથી ખરીદી કરવામાં આવેલ છે. જેથી સદર મુદ્દો માંડવાળ કરવા નમ્ર વિનંતી છે. ઉપરોક્ત તમામ વિગતોની નકલ ઓડિટ ફકરાના જવાબો સાથે સામેલ કરી મોકલી આપવામા આવેલ છે.

**ફકરા નં.૧૯ છાપકામની કામગીરીમાં જણાયેલ અનિયમિતતા બાબત**

કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરના હિસાબી વર્ષ ૨૦૧૬–૧૭ના અન્વેષણ દરમ્યાન રોજમેળ, વાઉચર ફાઈલ અને સાધનિક રેકર્ડની ચકાસણી કરતાં નાણાકીય વર્ષ દરમ્યાન કામધેનુ યુનિવર્સિટી–ગાંધીનગર દ્વારા સામેલ કોષ્ટકની વિગતે છાપકામની કામગીરી અંગે રૂ૧૭,૦૩,૦૦૭/–નો ખર્ચ કરવામાં આવેલ હતો. જે અંગે નીચે મુજબની ઓડિટ નોંધ આપવામા આવે છે.

કામધેનુ યુનિવર્સિટી–ગાંધીનગર દ્વારા છાપકામની કામગીરી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક :– એસ.પી.ઓ/૧૦૨૦૦૫/૧૪૦૫/ચ, તા. ૮–૭–૨૦૧૧ના ઠરાવથી ઇ ટેન્ડર દ્વારા ઓફસેટ પ્રિન્ટીંગ ધરાવતા ઈજારદારની પ્રેસ પેનલ બનાવવાના હેતુથી તારીખ: ૨૨૦૬–૧૫ થી ઓન લાઇન ભાવો મંગાવવામાં આવેલ હતા. જે ભાવો તા.૨૦–૦૭–૧૫ ના રોજ ખોલતા ત્રણ ઈજારદારના ભાવો આવેલ હતા, જે ભાવ અલગ અલગ આઇટમ માટે અલગ અલગ હતા. જેમા જે આઇટમ માટે એલ–૧ આવેલ ઈજારદાર સિવાયના બીજા બે ઈજારદાર પાસે એલ–૧ આવેલ ભાવે કામ કરવાની સંમતિ સંસ્થા દ્વારા મેળવી લેવામાં આવેલ હતી, અને છાપકામ માટે ત્રણ ઈજારદારની એક પેનલ બનાવીને સંસ્થા

**વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી**

| અનં | વા.નં | તારીખ | વિગત | રકમ રૂા. | છાપકામની વિગત |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૮૯ | ૨૧/૦૬/૨૦૧૬ | કેપીટલ ઓફસેટ | ૧૪૭૧૯ | કલરવ મેગેઝિન |
| ૨ | ૨૭૩–૨૭૬ | ૨૨/૦૭/૨૦૧૬ | કેપીટલ ઓફસેટ | ૮૭૩૯૦ | ફોલ્ડર, પોસ્ટર પ્રિન્ટીંગ |
| ૩ | ૩૭૦ | ૨૪/૦૮/૨૦૧૬ | કેપીટલ ઓફસેટ | ૨૭૦૬૯ | નિયમપત્ર છાપકામ |
| ૬ | ૯૭૪ | ૧૦/૦૨/૨૦૧૭ | મીરર ઈમેજ પ્રા.લી | ૧૦૦૯૫ | કોંવોકેશન છાપકામ |
| ૭ | ૯૭૫ | ૧૦/૦૨/૨૦૧૭ | કેપીટલ | ૬૮૮૨૧ | મેગેઝિન પ્રિન્ટીંગ |

દ્વારા કામનો વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો. જે કામની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | વા.નં. | તારીખ | વિગત | રકમ રૂા. | છાપકામની વિગત |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૮૯ | ૨૧/૦૬/૨૦૧૬ | કેપીટલ ઓફસેટ | ૧૪૭૧૯ | કલરવ મેગેઝિન |
| ૨ | ૨૭૩–૧૭૬ | ૨૨/૦૭/૨૦૧૬ | કેપીટલ ઓફસેટ | ૮૭૩૯૦ | ફોલ્ડર, પોસ્ટર પ્રિન્ટીંગ |
| ૩ | ૩૭૦ | ૨૪/૦૮/૨૦૧૬ | કેપીટલ ઓફસેટ | ૨૭૦૬૯ | નિયમપત્ર છાપકા મ |
| ૪ | ૬૪૮ | ૨૭/૧૦/૨૦૧૬ | કેપીટલ ઓફસેટ | ૧૨૪૪૮૦ | સર્વિસ બુક પ્રિન્ટીંગ |
| ૫ | ૯૨૨ | ૨૭/૦૧/૨૦૧૭ | કેપીટલ ઓફસેટ | ૨૩૨૪૧ | મલ્ટી કલર બ્રોસર |
| ૬ | ૯૭૪ | ૧૦/૦૨/૨૦૧૭ | મીરર ઈમેજ પ્રા.લી | ૧૦૦૯૫ | કોંવોકેશન છાપકામ |
| ૭ | ૯૭૫ | ૧૦/૦૨/૨૦૧૭ | કેપીટલ ઓફસેટ | ૬૮૮૨૧ | મેગેઝિન પ્રિન્ટીંગ |
| ૮ | ૯૭૬ | ૧૦/૦૨/૨૦૧૭ | કેપીટલ ઓફસેટ | ૧૩૪૨૫૨ | બુક છાપકામ |
| ૯ | ૧૦૫૫ | ૦૬/૦૩/૨૦૧૭ | કેપીટલ ઓફસેટ | ૮૯૭૧૮ | બુક છાપકામ |
| ૧૦ | ૧૧૨૬ | ૧૪/૦૩/૨૦૧૭ | કેપીટલ ઓફસેટ | ૧૩૬૧૬ | છાપકામ |
| ૧૧ | ૧૧૬૪ | ૧૬/૦૩/૨૦૧૭ | કેપીટલ ઓફસેટ | ૪૬૧૬૧ | મલ્ટી કલર બ્રોસર |
| ૧૨ | ૧૧૭૩ | ૧૭/૦૩/૨૦૧૭ | કેપીટલ ઓફસેટ | ૩૩૫૨૧ | એસ.એસ.આર રીપોર્ટ |
| ૧૩ | ૧૧૯૦ | ૨૧/૦૩/૨૦૧૭ | કેપીટલ ઓફસેટ | ૨૯૯૨૪ | મલ્ટી કલર બ્રોસર |
| કુલઃ– | | | | ૭૦૩૦૦૭ | |

૧ સંસ્થા દ્વારા પ્રેસ પેનલ બનાવવા અંગે ટેન્ડર પ્રક્રિયા દરમ્યાન કોઇ જ પ્રકારના નિયમો નક્કી કરવામાં આવેલ ન હતા. જેમ કે પ્રેસ પેનલ કેટલા ઇજારદારની બનાવવાની છે. સંસ્થા દ્વારા વર્ક ઓર્ડર આપેલ ઇજારદારો પાસેથી છાપકામ કેટલા પ્રમાણમાં કરાવવા અંગેના ધોરણો નક્કી થયાના આધારો ફાઇલે સામેલ ન હતા. સંસ્થાએ ટેન્ડુર ભરેલ તમામ ઇજારદારની (ત્રણ ઇજારદાર) એક પેનલ બનાવેલ છે. તે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

૨. સંસ્થા દ્વારા ત્રણ ઇજારદારની પ્રેસ પેનલ બનાવી (૧) મિરર ઇમે પ્રા.લી–અમદાવાદ (૨) કામનાથ મુદ્રણાલય પ્રા.લી.–અમદાવાદ (૩) કેપિટલ ઓફસેટ –ગાંધીનગરને વર્ષ ૨૦૧૫૧૬નો છાપકામ અંગેનો વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો. જે તા.૩૧–૦૭–૨૦૧૬ ના રોજ પૂર્ણ થતા ૧ વર્ષ માટે લંબાબવામાં આવેલ હતો. સંસ્થા દ્વારા ઓડિટ વર્ષ દરમ્યાન માત્ર એક જ ઇજારદાર કેપિટલ ઓફસેટ– ગાંધીનગર પાસે રૂ. ૬,૯૨,૯૧૨/– નું કામ કરાવવામાં આવેલ હતુ, જ્યારે મિરર ઇમેજ પ્રા.લી–અમદાવાદ પાસેથી માત્ર રૂ.૧૦,૦૯૫/–નું છાપકામ કરાવવામાં આવેલ હતુ. આમ, સંસ્થા દ્વારા કોઇ એક જ ઇજારદારને ફાયદો થાય તે રીતે છાપકામ કરાવવામાં આવેલ હતું. જ્યારે બીજા બે ઇજારદારી પાસેથી માત્ર નહિવત છાપકામ કરાવવામાં આવેલ છે. જે જોતા સંસ્થા દ્વારા માત્ર એક જ ઇજારદાર પાસે છાપકામ કરાવવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.

સંસ્થાએ પ્રા.વાંધા ક્રમાંકઃ ૧૬ નો કરેલ જવાબ ફકરા સાથે સુસંગત ન હોઇ પ્રા.વાંધાનો જવાબ ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી. તો ફકરામાં જણાવેલ વિગતે આધારસહ ખાત્રી કરાવવી ઘટે.

વાંધા હેઠળઃ૭,૦૩,૦૦૭/–

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | ઓફસેટ | | |
| ૮ | ૯૭૬ | ૧૦/૦૨/૨૦૧૭ | કેપીટલ ઓફસેટ | ૧૩૪૨૫૨ | બુક છાપકામ |

સદર પ્રેસપેનલ નાણાકિય વર્ષ ૨૦૧૫–૧૬મા બનાવવામાં આવી હતી.

૧. કાર્યપાલક ઇજનેર, કામધેનુ યુનિવર્સિટીનાં તા. ૨૧/૦૮/૨૦૧૫નાં પરિપત્ર ક્રમાંક કા.યુ/પ્રેસપેનલ/૮૦૧૦–૧૭/૨૦૧૫ થી બનાવવામાં આવેલ પ્રેસપેનલની પ્રક્રિયા વર્તમાનપત્રમાં જાહેરાત આપી ઈ–ટેન્ડર પદ્ધતિથી કરવામાં આવેલ છે. સદર પ્રેસપેનલમાં સામેલ પાર્ટીઓ પાસેથી (n) Procure થી નિયમોનુસાર સ્પર્ધાત્મકત ભાવો મગાવેલ છે. કોઈ પાર્ટી પાસેથી રૂબરૂ ભાવો મેળવેલ નથી. અને સદર ઈ–ટેન્ડર પૂર્વે ટેન્ડર અંગેના નિયમો અને શરતો નક્કી કરવામાં આવેલ છે.

- સદર પરિપત્ર મુજબ મંજુર થયેલ ભાવો તા.૦૧–૦૮–૨૦૧૫ થીતા.૩૧–૦૭–૨૦૧૬ સુધી (એક વર્ષ માટે) માન્ય કરેલા હતા.
- આ સમય દરમ્યાન કામધેનુ યુનિવર્સિટીનાં વિવિધ વિભાગો દ્વારા પ્રિન્ટીંગનાં કામોમાં એક સુત્રતા આવે તે હેતું થી ઈ–ટેન્ડરની નિયત પ્રક્રિયા પૂર્ણ કરી તા.૦૬–૦૮–૨૦૧૫ના રોજ યોજાયેલ ખરીદ સમિતિનાં કાર્યસુચી ૧.૧ મુજબ મંજુરી લેવામાં આવેલ છે.
- કામધેનુ યુનિવર્સિટી–ગાંધીનગર સદર ટેન્ડર પહેલા છાપકામ કેટલા પ્રમાણમાં કરવું અને એક વર્ષ દરમ્યાન જરૂરી છાપકાપનો વાર્ષિક અંદાજ અંગે તા. ૧૮/૦૬/૨૦૧૫ની નોંધ પર માન.કુલપતિશ્રીની મંજૂરી મેળવેલ છે.
- કાર્યપાલક ઈજનેર, કામધેનુ યુનિવર્સિટીના તા. ૨૧/૦૮/૨૦૧૫ નાં પરિપત્ર ક્રમાંક કા.યુ/પ્રેસપેનલ/૮૦૧૦–૧૭/૨૦૧૫ થી બનાવવામાં આવેલ પ્રેસપેનલની મુદત તા.૩૧/૦૭/૨૦૧૬ ના રોજ પૂર્ણ થતા દરેક પાર્ટીની પૂર્વ મંજુરી લઇ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરીની તા.૧૧/૦૭/૨૦૧૬નો નોંધ પર માન. કુલપતિશ્રીની સદર પ્રેસપેનલની તા.૦૧/૦૮/૨૦૧૬ થી તા.૩૧/૦૭/૨૦૧૭ એટલેકે એક વર્ષ માટે યથાવત શરતો અને ભાવે મુદત વધારવામાં આવેલ હતી. જેથી સદર છાપકામની કામગીરીની પ્રક્રિયા નીયમોનુસાર કરવામાં આવેલ છે.

૨. અત્રેની કચેરી દ્વારા દર બે મહીને પ્રકાશિત થતું " ગૌધૂલી" મેગેઝીનનાં RNI રજીસ્ટ્રેશન માટે The Registrar of Newspaper for India, Ministry of Information & Brodcasting, New Delhi નાં નિયમ મુજબ પ્રેસપેનલ પાર્ટી પૈકીની કેપિટલ ઓફસેટ સાથે ગૌધૂલી મેગેઝીન પ્રિન્ટીંગ માટે કરાર

| સદરઃપશુપાલન | કરવામાં આવેલ જેથી આ કચેરી દ્વારા નિયમિત બે માસે પ્રિન્ટીંગ કરવાનું થતું ગૌધૂલી મેગેઝીન પ્રેસપેનલ પૈકીની એક જ પાર્ટી કેપિટલ ઓફસેટ પાસે કરાવવામાં આવેલ છે. ઉપરોક્ત તમામ વિગતોની નકલ ઓડિટ ફકરાના જવાબો સાથે સામેલ કરી મોકલી આપવામા આવેલ છે. |
|---|---|

**કુલસચિવની કચેરી**

–: પ્રા.વાંધાઓની પૂર્તતા દર્શાવતું પત્રક :

| ક્રમ | વાઉચર નં. અને તારીખ | પાર્ટીનું નામ | બીલની રકમ રૂ. | પૂર્તતા/જવાબ |
|---|---|---|---|---|
| ૪ | ૬૪૮ – ૨૭/૧૦/૨૦૧૬ | કેપીટલ ઓફસેટ | ૧૨૪૪૮૦ | સદર કામગીરી, કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, કામધેનુ યુનિવર્સિટી દ્વારા તા.૨૧/૦૮/૨૦૧૫ના પરિપત્ર ક્રમાંક:– કેયુ/કા.ઈ./પ્રેસપેનલ/૮૦૧૦–૧૭/૨૦૧૫ થી નિયત કરવામાં આવેલ પ્રેસ પેનલમાં સામેલ એજન્સી કેપીટલ ઓફસેટને યુનિવર્સિટીએ નિયત કરેલ રેટ કોન્ટ્રાકટના દરથી જુદી જુદી કામગીરીઓ જેવી કે કંપોઝીંગ, કલર પ્રિન્ટ, પ્રિન્ટીંગ, બાઈન્ડીંગ, જુદી જુદી સાઈઝ અને કવોલીટીના કાગળના ઉપયોગ વગેરેના નિયત કરેલ ભાવો મુજબ ગણતરી કરી સમગ્ર સેવાપોથી છાપવાનો કેટલો ભાવ થશે તે મુજબ ગણતરી કરી તા.૨૫/૦૪/૨૦૧૬ ના કાર્યપાલક ઈજનેરશ્રીના પત્રથી સોંપવામાં આવેલ છે. સદર બાબતે ઈજનેર વિભાગની તા.૨૧/૦૪/૨૦૧૬ ની નોંધ પર માન. કુલપતિશ્રી દ્વારા મંજૂરી આપવામાં આવેલ હતી. અને આ કામગીરી પૂર્ણ થયા બાદ તેના ચૂકવણાં બાબતે તા.૧૩/૧૦/૨૦૧૬ ની નોંધ પર માન. કુલપતિશ્રીની મંજૂરી મેળવી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | ચૂકવણું કરવામાં આવેલ છે. આમ, સદર કામગીરી યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ રેટ કોન્ટ્રાકટના દરોથી તથા તમામ સ્તરે સક્ષામ અધિકારીશ્રીની મંજૂરી મેળવી કરાવવામાં આવેલ છે. |
| | ૫ | ૯૨૨ – ૨૭/૦૧/૨૦૧૭ | કેપીટલ ઓફસેટ | ૨૩૨૪૧ | કામધેનુ યુનિવર્સિટી કક્ષાના વિવિધ વિભાગો દ્વારા હાથ ધરવામાં આવતી પ્રિન્ટીંગ કામગીરીમાં એકસુત્રતા જળવાઈ રહે તે હેતુ કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી દ્વારા તા.૨૧/૦૮/૧૫ ના રોજના પરિપત્રથી તા.૦૧/૦૮/૨૦૧૫ થી તા.૩૧/૦૭/૨૦૧૬ના સમયગાળા દરમ્યાન ત્રણ પાર્ટીઓની પ્રેસપેનલ બનાવવામાં આવેલ. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરીના પરિપત્ર તા.૧૨/૦/૨૦૧૬થી સદરહુ પ્રેસપેનલની મુદ્દત તા.૩૧/૦૭/૨૦૧૭ સુધી વધારવામાં આવેલ.<br>સદરહુ બીલમાં દર્શાવેલ મલ્ટીકલર બ્રોશર છપાવવાની કામગીરી ઉક્ત વિગતેના પ્રેસપેનલમાં સમાવિષ્ટ પાર્ટી મે.કેપીટલ ઓફસેટ, ગાંધીનગર પાસે કરાવવામાં આવેલ છે.<br>સદરહુ બીલના ચૂકવણા અંગે સક્ષમ સત્તાધિકારીની મંજૂરી મળેલ છે. |
| | ૧૨ | ૧૧૭૩, તા.૧૭/૦૩/૧૭ | કેપીટલ ઓફસેટ | ૩૩,૮૬૦ | કામધેનુ યુનિવર્સિટી કક્ષાના વિવિધ વિભાગો દ્વારા હાથ ધરવામાં આવતી પ્રિન્ટીંગ કામગીરીમાં એકસુત્રતા જળવાઈ રહે તે હેતુ કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી દ્વારા તા.૨૧/૦૮/૧૫ ના રોજના પરિપત્રથી તા.૦૧/૦૮/૨૦૧૫ થી તા.૩૧/૦૭/૨૦૧૬ના |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | સમયગાળા દરમ્યાન ત્રણ પાર્ટીઓની પ્રેસપેનલ બનાવવામાં આવેલ. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરીના પરિપત્ર તા.૧૨/૦/૨૦૧૬થી સદરહુ પ્રેસપેનલની મુદ્ધત તા.૩૧/૦૭/૨૦૧૭ સુધી વધારવામાં આવેલ (જેની નકલ ઓડિટ ફકરાના જવાબો સાથે સામેલ કરી મોકલી આપવામા આવેલ છે.).<br>સદરહુ બીલમાં દર્શાવેલ કામધેનુ યુનિવર્સિટીનો સેલ્ફ સ્ટડી રીપોર્ટની મલ્ટીકલર ડીઝાઇનમાં સેલ્ફ સ્ટડી રીપોર્ટની સોફ્ટ કોપી તૈયાર કરવાની કામગીરી ઉક્ત વિગતેના પ્રેસપેનલમાં સમાવિષ્ટ પાર્ટી મે.કેપીટલ ઓફસેટ, ગાંધીનગર પાસે કરાવવામાં આવેલ છે.<br>સદરહુ બીલના ચૂકવણા અંગે સક્ષમ સત્તાધિકારીની મંજૂરી મેળવેલ છે. |

**સંશોધન નિયામકની કચેરી**

| અ.નં | વા.નં. | તારીખ | વિગત | રકમ રૂ. | છાપકામની વિગત |
|---|---|---|---|---|---|
| ૯ | ૧૦૫૫ | ૦૬–૦૩–૧૭ | કેપીટલ ઓફસેટ | ૮૯૭૧૮ | બુક છાપકામ |

- સદર બુકનુ છાપકામ કાર્યપાલક ઇજનેરશ્રી, કામધેનુ યુનિવર્સિટીના પરિપત્ર ક્રમાંક KU/કા.ઈ/.પ્રેસ પેનલ/૮૦૧૦-૧૭/૨૦૧૫ તા.૨૧-૦૮-૨૦૧૫ તથા વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, કામધેનુ યુનિવર્સિટીના પરિપત્ર ક્રમાંક કા.યુ/વિશિનિ/યુ-૩/પ્રેસ પેનલ/૪૪૭-૪૫૯/૨૦૧૬ તા.૧૨-૦૭-૨૦૧૬ થી ઉક્ત પ્રેસ પેનલની મુદતને તા.૩૧-૦૭-૨૦૧૭ સુધી વધારવામાં આવેલ .જે યુનિવર્સિટી કક્ષાએ જુદા જુદા વિભાગ દ્વારા હાથ ધરવામાં આવતાં પ્રિન્ટીંગ

| | |
|---|---|
| | કામોમાં એકસુત્રતા જળવાઈ રહે તે હેતુ થી વર્ષ-૨૦૧૫-૧૬ માટે પ્રેસ પેનલ બનાવેલ જેમાં સદર પાર્ટી સામેલ હતી જેના નિયત થયેલ ભાવથી સદર છાપકામની કામગીરી કરવામાં આવેલ છે.<br>• કાર્યપાલક ઈજનેરશ્રી, કામધેનુ યુનિવર્સિટીના પરિપત્ર ક્રમાંક KU/કા.ઈ./પ્રેસ પેનલ/૮૦૧૦–૧૭/૨૦૧૫ તા.૨૧–૦૮–૨૦૧૫ થી બનાવવામાં આવેલ પ્રેસ પેનલની પ્રક્રિયા ઈ–ટેન્ડર પધ્ધતીથી કરવામાં આવેલ, જેની વર્તમાન પત્રમાં જાહેરાત આપેલ સદર પ્રેસ પેનલમાં સામેલ પાર્ટીઓ પાસેથી n-Procure થી નિયમોનુસાર બજારમાંથી સ્પર્ધાત્મક ભાવો મંગાવેલ. જેથી પારદર્શક ખરીદી પ્રક્રિયાનો અમલ કરેલ છે.<br>• વધુમાં કામધેનુ યુનિવર્સિટીનાં વિવિધ વિભાગો દ્બારા પ્રિન્ટીંગનાં કામોમાં એકસુત્રતા જળવાઈ તે હેતુથી ઈ–ટેન્ડરની નિયત પ્રકિયા પૂર્ણ કરી ખરીદ સમિતિની મંજુરી લેવામાં આવેલ છે.<br>• સદરહુ છપામણીનો ખર્ચ  ભારતભરમાં અવારનવાર દુષ્કાળની પરિસ્થિતિ ઉદભવે છે જેની વિપરિત અસર માનવજાત, ખેતઉત્પાદક તથા પ્રાણીઓ પર પડે છે. આવી પરિસ્થિતિઓ નિવારવા અને રાષ્ટ્રને દુષ્કાળની પરિસ્થિતિ સામે સજ્જતા અને શમન થતી દુષ્કાળની પરિસ્થિતિનો સુયોજીત સામનો કરી શકાય તે માટે માન.કુલપતિશ્રી અને વૈજ્ઞાનિકો દ્બારા સદર બુક લખવામાં આવેલ જે અંગેનો ખર્ચ  યુનિવર્સિટીના વિશાળ હિતાર્થે સક્ષમ સત્તાઅધિકારીશ્રીની મંજૂરી મેળવી કરવામાં આવેલ છે. આ બાબતે ભવિષ્યમાં વિશેષ તકેદારી રાખવામાં આવશે.<br><br><table><tr><th>અ.નં</th><th>વા.નં.</th><th>તારીખ</th><th>વિગત</th><th>રકમ રૂા.</th><th>છાપકામની વિગત</th></tr><tr><td>૧૦</td><td>૧૧૨૬</td><td>૧૪–૦૩–૧૭</td><td>કેપીટલ ઓફસેટ</td><td>૧૩૬૧૬</td><td>છાપકામ</td></tr></table><br>• સદર બુક ભારતભરમાં અવારનવાર દુષ્કાળની પરિસ્થિતિ ઉદભવે છે જેની વિપરિત અસર માનવજાત, ખેતઉત્પાદક તથા પ્રાણીઓ પર પડે છે .આવી પરિસ્થિતિઓ નિવારવા અને રાષ્ટ્રને દુષ્કાળની પરિસ્થિતિ સામે સજ્જતા અને શમન થતી દુષ્કાળની પરિસ્થિતિનો સુયોજીત સામનો કરી શકાય તે માટે માન.કુલપતિશ્રી અને અન્ય વૈજ્ઞાનિકો દ્બારા સદર બુક લખવામાં આવેલ.<br>• તા.૨૦–૧૨–૨૦૧૬ના રોજ આયોજીત ૪૧મા કુલપતિ સંમેલનમાં સદર બુકનુ રિલિઝ કરવાની હોય તાત્કાલીક બુકનુ ડિઝીટલ/લેસર પ્રિન્ટીગ તથા |

બાઈંડીંગ કરવાનુ  થતુ હોય, બજારમાંથી અલગ–અલગ ત્રણ પાર્ટીઓ પાસેથી તાત્કાલિક કામગીરી માટે ભાવો મંગાવવામાં આવેલ હતા.

ઉક્ત આવેલ ત્રણ ભાવમાંથી ઓછા આવેલ ભાવવાળી પાર્ટીને સદર છાપકામની કામગીરીનો ઓર્ડર આપેલ અને સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરેલ. તેમ છતાં કુલ બીલમાંથી પાર્ટી દ્વારા એક બુકની પ્રિન્ટીગની રકમ જેટલું ડિસ્કાઉન્ટ આપવામાં આવેલ અને તે મુજબ જ ચુકવણું કરેલ છે. ઉક્ત ખર્ચ સક્ષમ સત્તાઅધિકારીશ્રીની મંજૂરી મેળવી કરવામાં આવેલ છે. આ બાબતે ભવિષ્યમાં વિશેષ તકેદારી રાખવામાં આવશે.

**વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિઓની કચેરી**

| અ.નં. | વા.નં | તારીખ | વિગત | રકમ રૂ. | છાપકામની વિગત |
|---|---|---|---|---|---|
| ૧૧ | ૧૧૬૪ | ૧૬/૦૩/૨૦૧૭ | કેપીટલ ઓફસેટ | ૪૬૧૬૧ | મલ્ટી કલર બ્રોસર |
| ૧૩ | ૧૧૯૦ | ૨૧/૦૩/૨૦૧૭ | કેપીટલ ઓફસેટ | ૨૯૯૨૪ | મલ્ટી કલર બ્રોસર |

- કામધેનુયુનિવર્સિટી નિર્મિત કોલેજ ઓફ ડેરી સાયન્સ, અમરેલીના ફાઈનલ યરના વિદ્યાર્થીઓના પ્લેસમેન્ટ માટે પ્લેસમેન્ટ બ્રોસર થકી ભારતભરની ડેરી તથા ફૂડનીવિવિધ કંપનીઓને વિદ્યાર્થીઓના બાયોડેટા મોકલવાના હોય છે. જેથી વધુમાં વધુ કંપનીઓને કેમ્પસ ઈન્ટરવ્યું માટે આકર્ષીશકાય. તેમજ વિવિધ ઉચ્ચ અભ્યાસની મહાવિદ્યાલયોમાં પ્લેસમેન્ટ બ્રોસર મોકલવા માટે પ્લેસમેન્ટ બ્રોસર બનાવવાની જરૂરિયાત ઉભી થાય છે.
- સદરપ્લેસમેન્ટ બ્રોસર એ/૪ સાઈઝ અંદરના ૩૨ પેજ ૧૭૦ GSM પેપર તથા ૪ પેજ ટાઈટલ ૨૫૦ GSM કાર્ડમાં મલ્ટીકલરમાં પ્રિન્ટીંગ, સેન્ટરપીન બાઈન્ડીંગ સાથેછાપકામ અંગેનું કામ વિસ્તરણ શિક્ષણ નિયામક, કામધેનુયુનિવર્સિટીના તા.૧૨.૦૭.૨૦૧૬ ના પરિપત્ર ક્રમાંક:કા.યુ./વિશિનિ/યુ–૩/પ્રેસ પેનલ/૪૪૦–૪૫૯/૨૦૧૬ અનુસાર છાપકામની કામગીરીમાં વર્ષ ૨૦૧૬–૧૭ દરમિયાન એકસુત્રતા જળવાઈ રહે તે હેતુથીબનાવવામાં આવેલ પ્રેસ પેનલની પાર્ટી કેપિટલ ઓફસેટ, ગાંધીનગરપાસેથી સક્ષમ અધિકારીની મંજૂરી મેળવીછાપકામ કરાવવામાં આવેલ છે.છાપકામની કામગીરી માટે, ડીઝાઇન સુધારા, ગ્રામર સુધારા, વિગેરે માટે વારંવાર રૂબરૂમાં ડીઝાઇનરની  મુકાકાત લેવી

| | |
|---|---|
